CITYNEWSRAJKOT@GMAIL.COM | @City News Rajkot Live | @CITY NEWS RAJKOT | +91 81409 88883


Page 19

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions


2002-2026 25 વર્ષ
લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 30, Dt. 03-06-2026 (WEDNESDAY) Rs. 02/- Page : 33, RNI No. GUJGUJ/2023/84789

**આજે વિશ્વ સાયકલ દિવસ : દસ્તાવેજો અપલોડ કર્યા છતાં સહાય નહીં, યોજનાની પારદર્શિતા પર સવાલ**

# RMCની સાયકલ સહાય યોજનામાં ગરબડ ગોટાળા?

## સાયકલ લેનાર વ્યક્તિએ મનપાની વેબસાઈટ પર 1000ની સહાય માટે ફોર્મ ભર્યુ મેસેજ આવ્યો તમે લાભ લઈ લીધો છે : બોલો




- શું અન્ય કોઈ નામે સહાઈ ઉપાડી લેવાઈ છે !
- વેપારીઓ અને તંત્ર વચ્ચે મિલીભગત ?
- સાત વર્ષમાં 15 હજાર લોકોએ યોજનાનો લાભ લીધો
- દોઢ કરોડની રકમ મનપાએ લાભાર્થીઓના બેન્કમાં જમા કરાવી

### શું છે સમગ્ર મામલો?

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સાયકલ પ્રોત્સાહન અને પ્રદૂષણ ઘટાડવાના હેતુથી સાયકલ સહાય યોજના અમલમાં છે. યોજના મુજબ નાગરિક સાયકલ ખરીદે તો તેને ૧૦૦૦ની સહાય આપવામાં આવે છે. પરંતુ કેટલાક અરજદારોને સાયકલ ખરીદી અને તમામ જરૂરી દસ્તાવેજો અપલોડ કર્યા પછી વેબસાઈટ પર "આધાર નંબર પરથી સહાય અગાઉ લેવામાં આવી છે" એવો મેસેજ મળતા સમગ્ર પ્રક્રિયા સામે સવાલો ઊભા થયા છે.

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિશ્વ સાયકલ દિવસના અવસરે રાજકોટ મહાનગરપાલિકાની સાયકલ પ્રોત્સાહન યોજના અંગે ગંભીર સવાલો ઉભા થયા છે. શહેરમાં પર્યાવરણ બચાવ અને ઈંધણ બચતના હેતુથી ચલાવવામાં આવતી આ યોજનામાં કેટલાક નાગરિકોને એવો અનુભવ થયો છે કે તેઓ સાયકલ ખરીદી અને તમામ જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા છતાં સહાય મેળવવામાં નિષ્ફળ રહ્યા છે.

યોજનાના નિયમો અનુસાર સાયકલ ખરીદનાર નાગરિકને ૧૦૦૦ની સહાય આપવામાં આવે છે. અરજદારો દ્વારા સાયકલની ખરીદીનો બિલ, ફોટોગ્રાફ તથા અન્ય જરૂરી દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરવામાં આવ્યા હતા. જોકે અરજી પ્રક્રિયા દરમિયાન વેબસાઈટ પર "આધાર નંબર પરથી અગાઉ સહાય લેવામાં આવી છે" એવો સંદેશ દેખાતા અરજદારો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

મહત્વની વાત એ છે કે સંબંધિત અરજદારોનો દાવો છે કે તેમણે અગાઉ ક્યારેય આ યોજનાનો લાભ લીધો નથી. આવા સંજોગોમાં સિસ્ટમમાં પહેલેથી ક્લેમ થયાનો રેકોર્ડ કેવી રીતે આવ્યો તે સૌથી મોટો સવાલ બની ગયો છે. આ ઘટનાએ યોજનાની પારદર્શિતા અને ડેટા વ્યવસ્થાપન અંગે ગંભીર શંકાઓ ઉભી કરી છે.

સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા શરૂ થઈ છે કે શું યોજનામાં કોઈ ગેરરીતિ અથવા સંગઠિત ગોટાળો ચાલી રહ્યો છે? કેટલાક નાગરિકોનું માનવું છે કે જો યોગ્ય તપાસ કરવામાં આવે તો સાયકલ સહાયના નામે જાહેર નાણાંના દુરુપયોગના કિસ્સા બહાર આવી શકે છે.

### ઉઠતા મુખ્ય સવાલો

- જો લાભાર્થીએ અગાઉ સહાય લીધી જ નથી તો સિસ્ટમમાં ક્લેમ કોણે કર્યો?
- શું કોઈ અન્ય વ્યક્તિના નામે સહાય ઉપાડી લેવામાં આવી?
- શું યોજનામાં ડેટા એન્ટ્રી અથવા ચકાસણીમાં ગંભીર ખામી છે?
- શું સાયકલ વેચાણકારો અને જવાબદાર તત્વોની મિલીભગતથી જાહેર નાણાંનો દુરુપયોગ થઈ રહ્યો છે?

### મૃત્યુનું તાંડવ : 6 માળની હોટલમાં અનેક વિદેશીઓ રોકાયા હતા

# દિલ્હીની હોટલમાં આગ 21 જીવતા ભડથું



- લેમન ગ્રીન રેસ્ટોરન્ટમાં ઘટના બની
- હોસ્પિટલમાં 8 દર્દીઓ વેન્ટિલેટર પર
- રેસ્ક્યુ દરમિયાન 10 પોલીસકર્મીઓ ઘાયલ





**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીના માલવીય નગરમાં બુધવારે સવારે એક રેસ્ટોરન્ટમાં આગ લાગવાથી ૨૧ લોકોનાં મોત થયા છે. મૃત્યુ પામેલા લોકોમાં મધ્ય એશિયા અને આફ્રિકી દેશોના નાગરિકોનો સમાવેશ થાય છે. જોકે, તેમની ચોક્કસ સંખ્યાની માહિતી મળી નથી.

દિલ્હી ફાયર સર્વિસ અને સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, માલવીય નગરના લેમન ગ્રીન રેસ્ટોરન્ટમાં સવારે ૮.૫૦ વાગ્યે આગ લાગી હતી. આગ રેસ્ટોરન્ટની ઉપર બનેલા હોટેલ ફ્લોરિશ સ્ટે સુધી પહોંચી ગઈ હતી. તે જ સમયે, બેઝમેન્ટમાંથી પણ ૬ થી વધુ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટનાના વીડિયોમાં કેટલાક લોકો જીવ બચાવવા માટે સળગતી ઇમારત પરથી કૂદતા જોવા મળી રહ્યા છે. તેમને બચાવવા માટે સ્થાનિક લોકોએ જમીન પર ગાદલા પણ પાથર્યા હતા. અત્યાર સુધીમાં ૪૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ઘણા લોકોની હાલત ગંભીર છે. દિલ્હીની આ હોટેલમાં આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. છેલ્લા ૬ મહિનામાં દિલ્હીમાં આગની અલગ-અલગ ઘટનાઓમાં ૬૬ લોકોના મોત થયા છે.

### શરમજનક કૌભાંડ; રાજકોટમાં પોષણ યોજનાનો કાળો વેપાર

# આંગણવાડીનો 'માતૃશક્તિ' માલ સ્ટાફ જ વેંચે છે !


### બાળકોના ભોજન પર માફિયાનો કબ્જો : સ્ટિંગમાં આંગણવાડીનો ગોટાળો બેનકાબ











## આ થેલામાં શું હોય છે?

સામાન્ય રીતે આ પ્રકારના પેકેટમાં હોય છે ઘઉં, સોજી, મકાઈનો મિશ્રણ લોટ, સોયાબીન અથવા દાળનો પ્રોટીન મિશ્રણ, વિટામિન અને મિનરલથી ફોર્ટિફાઈડ પાઉડર, ક્યારેક ખીચડી/શીરો બનાવવા માટે તૈયાર મિક્સ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં આંગણવાડી યોજનામાં ગંભીર ગોટાળો સામે આવ્યો છે. ગરીબ બાળકો અને માતાઓ માટે આપવામાં આવતો બાલ શક્તિ અને માતૃ શક્તિનો પોષણ આહાર હવે કાળા બજારમાં વેચાઈ રહ્યો હોવાના આક્ષેપો ઉઠ્યા છે. માહિતી મુજબ, આંગણવાડીમાંથી દરરોજ આ થેલાઓ ઘરે લઈ જવામાં આવે છે અને ત્યારબાદ એક હોન્ડા પર આવતો વ્યક્તિ ૨ થી ૩ થેલીઓ લઈ જતો હોવાનો ખુલાસો થયો છે. એટલે કે, ગરીબોના મોઢામાં જતો ભોજન વચ્ચે જ લૂંટી લેવામાં આવી રહ્યો છે. સિટી ન્યૂઝના સ્ટિંગ ઓપરેશનમાં આ સમગ્ર કૌભાંડ બહાર આવ્યું છે, જેને કારણે આખી સિસ્ટમ પર સવાલો ઊભા થયા છે. સરકાર કરોડો રૂપિયા ખર્ચીને પોષણ યોજના ચલાવે છે, પણ વચેટિયાઓ અને ભ્રષ્ટ તત્વો આ યોજનાને લૂંટી રહ્યા છે. હવે મોટો સવાલ એ છે કે ગરીબોના હકનો ભોજન કોણ ચોરી રહ્યું છે? જવાબદાર સામે કડક કાર્યવાહી ક્યારે થશે? રાજકોટમાં આ પ્રકારની પ્રવૃત્તિ મોટા પ્રમાણમાં ચાલી રહી હોવાની ચર્ચાઓ છે. આવી પરિસ્થિતિમાં હવે મહાપાલિકા અને જવાબદાર તંત્રે કડક મોનીટરીંગ અને કાર્યવાહી કરવી અનિવાર્ય બની ગઈ છે.

## રાજકોટ મહાપાલિકામાં ટેન્ડરમાં ગોલમાલ !

# સ્ટેજ શણગારમાં ટેન્ડરમાં ગોટાળા?

**કોના ઈશારે આવી ગેરરીતિ થઈ રહી છે? શું કોઈ મોટા ગોટાળાને ઢાંકવાનો પ્રયાસ થઈ રહ્યો છે?**

**બગીચા શાખાના અધિકારીએ પૂરતા ડોક્યૂમેન્ટનો અભાવ અને કમિશ્નરને મંજૂરી વગર પાસ કરી દીધું ?**




## અન્ય વોર્ડોમાં ટેન્ડર 22% ડાઉન રેટ પર આપવામાં આવ્યા છે, ત્યારે પ્રકાશ રાઠોડને 5% ઓન રેટ પર ટેન્ડર કેમ અપાયું?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાપાલિકાની બગીચા શાખામાં વધુ એક ગંભીર ગોટાળાની ચર્ચાઓ ઉઠી રહી છે. સ્ટેજ ફૂલ શણગાર માટે બહાર પાડવામાં આવેલા કરોડો રૂપિયાના ટેન્ડરમાં નિયમોની ધજાગરા ઉડાવાયા હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

માહિતી મુજબ, જે વ્યક્તિ પાસે પૂરતા અને માન્ય ડોક્યુમેન્ટ્સ નથી, તેને જ આ મહત્વપૂર્ણ ટેન્ડર મંજુર કરી દેવામાં આવ્યું છે. આથી પ્રશ્ન ઊભો થાય છે કે નિયમો માત્ર કાગળ પર જ છે?

આ મામલામાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે બગીચા શાખાના અધિકારીએ કોર્પોરેશનના કમિશનરની મંજૂરી વગર જ ટેન્ડર આપી દીધા હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. જો આ સત્ય છે, તો આ માત્ર બેદરકારી નહીં પરંતુ સીધો સત્તાનો દુરુપયોગ ગણાય.

**જે વ્યક્તિ પાસે પૂરતા અને માન્ય ડોક્યુમેન્ટ્સ નથી, તેને જ આ મહત્વપૂર્ણ ટેન્ડર મંજુર કરી દેવામાં આવ્યું**

**કોણ છે આ કૌભાંડના પાછળના માસ્ટરમાઈન્ડ? જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી ક્યારે થશે?**

કરોડો રૂપિયાનું ખર્ચ થતું હોવા છતાં આ રીતે ગેરરીતિથી કામ આપવું મહાપાલિકાને સીધી આર્થિક નુકસાન તરફ ધકેલી શકે છે. શહેરમાં આ મુદ્દે ભારે ચર્ચા અને રોષ છે. હવે જરૂરી છે કે મહાપાલિકા તાત્કાલિક તપાસ શરૂ કરે અને જવાબદાર સામે કડક કાર્યવાહી કરે, નહીં તો જાહેર નાણાંની લૂંટ ચાલુ જ રહેશે. રાજકોટ મહાપાલિકાની બાગ-બગીચા શાખામાં ગંભીર ગોટાળાના આક્ષેપો સામે આવ્યા છે. પ્રકાશ જીવરાજ રાઠોડને નિયમો વિરુદ્ધ ટેન્ડર આપ્યું હોવાની ચર્ચાઓ જોર પકડી રહી છે. મામલો કમિશનર સુધી પહોંચ્યો હોવા છતાં આજદિન સુધી કોઈ ઠોસ કાર્યવાહી થઈ નથી, જેના કારણે શંકાઓ વધુ ગાઢ બની રહી છે.

માહિતી મુજબ, વોર્ડ નં. ૧૩, ૧૪, ૧૭, ૪, ૫ અને ૬માં ઝોનલ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે, જેમાં બગીચાની જાળવણી, કટિંગ, ટ્રિમિંગ અને ઝાડની ડાળીઓ ઉઠાવવાનું કામ સામેલ છે. ચોંકાવનારી વાત એ છે કે, આ કામ એવા વ્યક્તિને આપવામાં આવ્યું છે જેને જરૂરી અનુભવ જ નથી.

આથી પણ ગંભીર બાબત એ છે કે ટેન્ડર મેળવવા માટે રેલવેનું નકલી સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. જો આ સાચું હોય તો, આ આખો ખેલ કોઈ અધિકારીની સાઠગાંઠ વગર શક્ય નથી.

અન્ય વોર્ડોમાં ટેન્ડર ૨૨% ડાઉન રેટ પર આપવામાં આવ્યા છે, ત્યારે પ્રકાશ રાઠોડને ૫% ઓન રેટ પર ટેન્ડર આપવું મોટો સવાલ ઉભો કરે છે. વર્ષે અંદાજે દોઢ કરોડ રૂપિયાનું કામ હોવા છતાં આ રીતે મહાપાલિકાને ખોટના ખાડામાં ધકેલવાનો પ્રયાસ કોણ કરી રહ્યું છે?

**નવું સત્ર, નવી ચિંતા** **કાગળના ભાવમાં મોટો ઉછાળો કારણભૂત**




**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતમાં આગામી June ૮ થી નવા શૈક્ષણિક સત્રનો ધમાકેદાર પ્રારંભ થવા જઈ રહ્યો છે. શાળાઓ ખૂલવાને હવે બસ ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે બાળકોને ફરીથી સ્કૂલે મોકલવાની તડામાર તૈયારીઓ કરી રહેલા વાલીઓને આ વર્ષે મોંઘવારીનો બહુ મોટો ઝટકો લાગ્યો છે. બજારમાં શૈક્ષણિક વસ્તુઓના ભાવો આસમાને પહોંચી ગયા છે.નવા સત્રની શરૂઆત પહેલાં જ સ્ટેશનરી અને પુસ્તકોના ભાવમાં થયેલા તોતિંગ વધારાએ મધ્યમ અને નોકરિયાત વર્ગના વાલીઓનું ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે. કાગળની અછત તેમજ પેટ્રોલ-ડીઝલના ભાવમાં થયેલા સતત વધારાની સીધી અને નકારાત્મક અસર હવે બાળકોના અભ્યાસક્રમના પુસ્તકો પર જોવા મળી રહી છે.સ્થાનિક બજારમાં પાઠ્યપુસ્તકોથી લઈને ગાઈડ અને નોટબુક્સ અગાઉના વર્ષો કરતાં ખૂબ જ મોંઘા થઈ ગયા છે. આ અસહ્ય મોંઘવારીની સીધી અસરથી બચવા માટે સામાન્ય વાલીઓ હવે એક નવો જ આર્થિક વિકલ્પ શોધી રહ્યા છે અને બજારમાં જૂના પુસ્તકોનો સહારો લેતા નજરે પડી રહ્યા છે.જો બજારની વર્તમાન પરિસ્થિતિનું બારીકાઈથી વિશ્લેષણ કરીએ તો, પાઠ્યપુસ્તકો અને નોટબુક્સ બનાવવા માટે વપરાતા મુખ્ય રો-મટિરિયલ એટલે કે કાચા કાગળના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે મોટો ઉછાળો આવ્યો છે. આ સિવાય બહારથી મંગાવવામાં આવતા કાચા માલ અને ઈંધણના મોંઘા દરને કારણે લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ ખાસ્સો વધી ગયો છે.આ તમામ પરિબળો સંયુક્ત રીતે ભેગા મળવાને કારણે ખાનગી પ્રકાશનો દ્વારા બહાર પાડવામાં આવતી વિવિધ વિષયોની ગાઈડ અને રેફરન્સ બુક્સના ભાવમાં સીધો ૨૦% થી ૨૫% ટકાનો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે, જે વાલીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે.આ ઉપરાંત, સરકારી અને ખાનગી શાળાઓમાં ચાલતા NCERT તેમજ અન્ય બોર્ડના સત્તાવાર પાઠ્યપુસ્તકોની કિંમતોમાં પણ આ વર્ષે અંદાજે ૧૦% જેટલો ભાવવધારો અમલી કરી દેવામાં આવ્યો છે. માત્ર વાંચવાના પુસ્તકો જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓ માટે રોજેરોજ જરૂરી એવી નોટબુક્સ, ફૂલસ્કેપ બુક્સ અને અન્ય સ્ટેશનરીની નાની-મોટી વસ્તુઓમાં પણ ૧૫% થી ૨૦% ટકાનો તોતિંગ ભાવવધારો જોવા મળી રહ્યો છે.આ અસહ્ય આર્થિક બોજને કારણે હવે વાલીઓએ પણ બજારમાં ખરીદી માટે એક નવો સ્માર્ટ અભિગમ અપનાવવો પડ્યો છે. બજારમાંથી તમામ નવા જ પુસ્તકો ખરીદવા જતાં ખિસ્સા પર મોટો માર પડતો હોવાથી, આ વર્ષે વાલીઓ જૂના પુસ્તકો વેચીને તેની સામે સેકન્ડ હેન્ડ પુસ્તકો ખરીદવાનો ટ્રેન્ડ વધુ અપનાવી રહ્યા છે, જેથી ખોરવાયેલું બજેટ થોડું કંટ્રોલમાં રાખી શકાય.

## ધીરેન્દ્ર શાસ્ત્રીની ચેલેન્જઃ વિરોધીઓને આમંત્રણ


# જાથાના જયંત પંડ્યાની `ફાટી ને ફે`?

## પુરષોત્તમ પીપળીયા પોલીસ પ્રોટેક્શન સાથે દરબારમાં જવા તૈયાર


શું ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબારમાં પરષોત્તમ પીપળીયાની ચિઠ્ઠી ખુલશે? ધીરેન્દ્ર શાસ્ત્રીએ ચેલેન્જ સ્વીકારી રાજકોટના દિવ્ય દરબારમાં આવવા આમંત્રણ આપતા સામાજિક આગેવાન પરસોષત્તમ પીપળીયાએ જણાવ્યું છે કે ત્યાં જવા તૈયાર છું પણ પોલીસ પ્રોટેક્શન સાથે જ...તો આ અંગે જયંત પંડ્યાને પૂછતા તેમણે કહ્યું કે ત્યાં જવામાં અમારી કોઈ સુરક્ષા નથી. અમારી જાનનું જોખમ છે, એમને ચેલેન્જનો સ્વીકાર કરવો જ હોય તો અમારી કોઈ જગ્યા એ આવે ત્યાં બેસી અમે તેમની સાથે ચર્ચા અને કેટલાક અમારા સવાલો છે તેમનો જવાબ આપે. આગામી ૫, ૬ અને ૭ જૂનના રોજ રાજકોટ શહેરના રેસકોર્સ મેદાન ખાતે બાગેશ્વરધામના ધીરેન્દ્ર શાસ્ત્રીની સનાતન સેતુ હનુમાન કથાનું આયોજન કરવામાં આવ્યું છે જેનો વિરોધ છેલ્લા એક સપ્તાહથી ચાલી રહ્યો છે જેની સામે ધીરેન્દ્ર શાસ્ત્રીએ ચેલેન્જ સ્વીકારવા તૈયારી દાખવતા સામાજિક અગ્રણી પરષોત્તમ પીપળીયાએ સુરક્ષાની માંગણી કરી સુરક્ષા સાથે દરબારમાં જવા તૈયારી દાખવી છે અને જો સુરક્ષા ન આપે તો માત્ર મારા સવાલનો જવાબ આપી દે કે દોઢ બે દાયકાથી ગુમ રાજકોટનો મોહીલ ક્યાં છે એ મળી જાય તો પણ હું તેમનો વિરોધ નહિ કરું.

## જયંત પંડ્યાએ કહ્યું દિવ્યા દરબારમાં મારી જાનનું જોખમ

વિજ્ઞાન જાથાના જયંત પંડ્યાએ વાત કરતા જણાવ્યું હતું કે, કથા સામે વિરોધ નથી, પરંતુ દરબારમાં થતી ચિઠ્ઠી ચબરખી મારફત થતી અંધશ્રદ્ધા સામે વિરોધ છે. દરબારમાં આવવા અમને આમંત્રણ આપ્યું છે એ મીડિયા માધ્યમથી અમને જાણવા મળ્યું છે, પરંતુ ત્યાં જવામાં અમારી કોઈ સુરક્ષા નથી. ત્યાં અમારી જાનનું જોખમ છે, કારણ કે ત્યાં મોટી સંખ્યામાં તેમના જ સમર્થકો હોય જે અમને નુકસાન પહોંચાડી શકે છે. એમને ચેલેન્જનો સ્વીકાર કરવો જ હોય તો અમારી કોઈ જગ્યા એ આવે ત્યાં બેસી અમે તેમની સાથે ચર્ચા અને કેટલાક અમારા સવાલો છે તેમનો જવાબ આપે. અમે તંત્ર પાસે પણ તેમના વિરોધમાં ધરણા અને રેલી કરવા મંજૂરીની માંગણી કરી છે મંજૂરી મળ્યે અમે ચોક્કસ વિરોધ પણ યથાવત રાખીશું.







## શોખમાં નંબર વન રાજકોટિયન્સ; ઓટો ઈન્ડસ્ટ્રી મંદીમાં પૂરપાટ દોડી

# રાજકોટની રોયલ લાઈફ કાર ખરીદીમાં ત્રીજા સ્થાને



## ગુજરાતમાં સુરત નંબર-1

## ગુજરાતમાં 5 મહિનામાં 6 લાખથી વધુ વાહનોનું વેંચાણ થયું

## સમગ્ર દેશમાં કાર વેંચાણમાં ગુજરાત ત્રીજા સ્થાનેઃ કાર ખરીદીનો ભારે ક્રેઝ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતીઓ વૈભવી લાઈફસ્ટાઈલ અને વાહનોના શોખીન હોવાની વાત ફરી એકવાર સાબિત થઈ છે. દેશમાં કારના સૌથી વધુ વેચાણ ધરાવતા રાજ્યોની યાદીમાં ગુજરાત ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. છેલ્લા ૫ મહિનાના ટૂંકા ગાળામાં જ રાજ્યમાં વાહનોની રેકોર્ડબ્રેક ખરીદી નોંધાઈ છે, જે દર્શાવે છે કે ઓટોમોબાઈલ સેક્ટરમાં ગુજરાત ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. ૫ મહિનામાં ૬ લાખથી વધુ વાહનોનું વેચાણ આંકડાઓ મુજબ, ગુજરાતમાં છેલ્લા ૫ મહિનામાં કુલ ૧.૯૨ લાખ નવી કાર સહિત અંદાજે ૬ લાખથી વધુ વિવિધ વાહનોનું વેચાણ થયું છે.આ આંકડો રાજ્યની મજબૂત આર્થિક સ્થિતિ અને લોકોની ખરીદશક્તિનો જીવંત પુરાવો છે. ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર બંને સેક્ટરમાં કંપનીઓને આ વર્ષે બમ્પર રિસ્પોન્સ મળ્યો છે અને ડીલરશીપ પર ગ્રાહકોનો ભારે ધસારો જોવા મળ્યો છે. રજિસ્ટ્રેશનમાં સુરત નંબર ૧, અમદાવાદ બીજા સ્થાનેરાજ્યમાં વાહનોના રજિસ્ટ્રેશનની વાત કરીએ તો ડાયમંડ સિટી સુરત આ વર્ષે સૌથી મોખરે એટલે કે પ્રથમ સ્થાને રહ્યું છે. સુરતીઓએ વાહનોની ખરીદીમાં નવો રેકોર્ડ બનાવ્યો છે. આ યાદીમાં મેગા સિટી અમદાવાદ બીજા સ્થાને અને રંગીલું રાજકોટ ત્રીજા સ્થાન પર નોંધાયું છે. ગુજરાતના આ અગ્રણી શહેરોમાં વધી રહેલું વાહનોનું પ્રમાણ ઓટો ઈન્ડસ્ટ્રી માટે ખૂબ જ પ્રોત્સાહક માનવામાં આવી રહ્યું છે.







## સરકારને દસ્તાવેજ નોંધણીમાં 87.26 કરોડની આવક થઈ

# રાજકોટમાં રિયલ એસ્ટેટમાં મંદીનો માર; મિલકત વેંચાણમાં 115%નો ઘટાડો




## રિયલ એસ્ટેટ ઉદ્યોગને મંદીમાંથી ઉગારવા સરકારને 10 મુદ્દા પર રજૂઆત કરાશે

નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ, ગુજરાત અને અમદાવાદ બિલ્ડર્સ એસોસિયેશન આયોજિત મીટિંગમાં પ્રમુખ સુરેશભાઈ પટેલ અને અન્ય અગ્રણીઓ દ્વારા રિયલ એસ્ટેટ ઉદ્યોગને મંદી અને મોંઘવારીમાંથી ઉગારવા માટે મુખ્ય ૧૦ મુદ્દા પર વિસ્તૃત ચર્ચા કરી હતી. આ મુદ્દે ટૂંક સમયમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કરાશે. બેઠકમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે વર્તમાન આંતરરાષ્ટ્રીય યુદ્ધ-તણાવ અને વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે મટીરીયલ (સિમેન્ટ, સ્ટીલ વગેરે) અને લેબરના ભાવ સતત વધી રહ્યા છે. સરકારી ટેક્સનો મોટો બોજ હાલમાં પ્રોપર્ટી ખરીદનાર પાસેથી મળતી રકમના અંદાજિત ૩૫થી ૪૦ ટકા હિસ્સો વિવિધ સરકારી ટેક્સ, જીએસટી અને ઓથોરિટીની ફીમાં જતો રહે છે અત્યારે ડેવલપર્સ પડતર કિંમત કરતાં પણ નીચા ભાવે પ્રોપર્ટી વેચે છે. સરકાર તરફથી રાહત નહીં મળે તો મકાનો અને પ્રોપર્ટીના ભાવ સામાન્ય માણસની પહોંચ બહાર જશે. હાલમાં દસ્તાવેજ ઉપર લાગતી સ્ટેમ્પ ડ્યુટી (સરચાર્જ સહિત) ૩ ટકા કરવાની અને દસ્તાવેજ નોંધણી ફી ૧ ટકા કરીને તેમાં મહત્તમ રૂ.૧૦,૦૦૦ની મર્યાદા નક્કી કરવાની માંગ કરવામાં આવી છે. લેબર મજૂરી કામ પર લાગતો ૧૮ ટકા જીએસટી ઘટાડીને ૫ ટકા કરવાની તેમજ પ્રોપર્ટી ખરીદનાર દ્વારા ચૂકવાતો ૫ ટકા જીએસટી ઘટાડીને માત્ર ૧ ટકા કરવાની જોગવાઈ કરવા વિનંતી કરાશે.

**મોવામાં 784, મવડીમાં 1442, કોઠારિયામાં 894, રૈયા વિસ્તારમાં 1032**

**મોરબી રોડ નંબર–1 આ વિસ્તારમાં 1720 મિલકતનું વેંચાણ થયું**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર અને જીલ્લામાં ગત મે ૨૦૨૬માં ૧૩,૯૩૫ મિલ્કતોનું વેચાણ થતા તેના દસ્તાવેજોના રજીસ્ટ્રેશન સબ રજીસ્ટ્રાર કચેરીમાં થયા છે.આ દસ્તાવેજોની ફી અને સ્ટેમ્પ ડયુટી થકી રાજય સરકારને રૂ.૮૭.૨૬ કરોડની આવક થઈ છે. જોકે ગત માસની તુલનામાં મિલકતના વેચાણમાં ૧૧૫ ટકાનો ઘટાડો થયો છે.

મળતી માહિતી મુજબ, રાજકોટ શહેર અને જિલ્લામાં ગત એપ્રિલ માસમાં ૧૪,૦૫૦ મિલ્કતોનું વેચાણ થયુ હતુ.એપ્રિલ માસમાં મિલકતોના દસ્તાવેજોની ફી અને સ્ટેમ્પ ડયુટીની સરકારને રૂ.૮૫.૮૩ કરોડની આવક થવા પામી હતી. આમ ગત એપ્રિલ માસની સરખામણીમાં દસ્તાવેજ નોંધણીની આવકમાં ૧.૪૩ કરોડનો ઘટાડો ગત માસે થયો છે.

રાજકોટનો મોરબી રોડ વિસ્તાર મિલ્કતોના ખરીદ વેચાણમાં ફરી એક વખત એવરગ્રીન રહ્યો છે.મોરબી રોડ વિસ્તારમાં સૌથી વધુ ૧,૭૨૦ મિલ્કતોનું વેચાણ થયું છે. જયારે મવા વિસ્તારમાં ૭૮૪, મવડી વિસ્તારમાં ૧૪૪૨, કોઠારીયામાં ૮૯૪, રાજકોટ રૂરલમાં ૮૮૨, રતનપર વિસ્તારમાં ૧૧૮૦, રાજકોટ-૧માં ૮૨૭, રૈયા વિસ્તારમાં ૧૦૩૨ મિલ્કતોનું વેચાણ થયું છે.

જયારે જીલ્લામાં લોધીકા તાલુકામાં ૮૫૨, કોટડાસાંગાણી તાલુકામાં ૪૬૬, જસદણ તાલુકામાં ૫૦૦, જેતપુર તાલુકામાં ૭૪૫, ઉપલેટા તાલુકામાં ૫૧૦, ધોરાજીમાં ૩૩૭, ગોંડલમાં ૧૨૪૮, પડધરી તાલુકામાં ૨૮૧, જામકંડોરણા તાલુકામાં ૧૨૬ અને વીંછીયા તાલુકામાં ૧૦૯ મિલ્કતો મળી જીલ્લામાં ૧૩,૯૩૫ મિલ્કતોનું વેચાણ થયું છે.

## રાજકોટ જિલ્લા માર્ગ સલામતિ સમિતિની બેઠકમાં આર.ટી.ઓના અધિકારીએ સ્ફોટક રિપોર્ટ રજૂ કર્યો

# રાજકોટ જિલ્લામાં વિવિધ હાઈવે પર 30થી વધુ ગેરકાયદે ગેપ ઈન મીડિયન ઊભા કરાયા

### અંગત સ્વાર્થ માટે ડિવાઈડર તોડનાર પેટ્રોલ પંપ સંચાલક, હોટલમાલિક, ખાણી-પીણી કે ઢાબાવાળા 15 દિવસમાં સ્વખર્ચે રિપેર કરાવે નહીં તો પોલીસ ફરિયાદ થશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરી વિસ્તારમાં ચાર મહિનાની અંદર અકસ્માતમાં ૫૦ લોકોના મૃત્યુ થયા છે અને ૧૦૩ લોકો ગંભીર રીતે ઘવાયા હતા.આવા અકસ્માતો પાછળ ઘણીવખત નેશનલ હાઈવે પર ડિવાઈડર તોડીને વાહનોની અવરજવર માટે ગેરકાયેદેસર ગેપ ઈન મીડીયન મુખ્ય કારણભૂત હોય છે.ત્યારે નેશનલ હાઈવે પર પોતાના અંગત સ્વાર્થ માટે ગેરકાયદે ગેપ ઈન મીડિયન કરનારા તત્વો સામે પોલીસ ફરિયાદ સહિતની કડક કાર્યવાહી કરવાનો



આદેશ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ દ્વારા આપવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને જિલ્લા રોડ સેફ્ટી કમિટીની બેઠક ગત સાંજે યોજાઈ હતી. જેમાં કલેક્ટરની અગાઉની સૂચના મુજબ આર.ટી.ઓ. દ્વારા ગેપ ઈન મીડિયન અંગેનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.આ અહેવાલ બાદ જિલ્લા કલેક્ટરએ આદેશ કર્યો હતો કે, જે કોઈ વ્યક્તિ, પેટ્રોલ પંપ સંચાલક, હોટલમાલિક, ખાણી-પીણી કે ઢાબાવાળા, વગેરેએ મિડિયન તોડ્યા છે, તેઓ પોતાના ખર્ચે તાત્કાલિક બંધ કરે, અન્યથા પોલીસ ફરિયાદ કરવામાં આવશે.

અનધિકૃત રીતે મીડિયન ગેપ બનાવવા, ખોલવા અથવા નુકસાન પહોંચાડવાના કિસ્સામાં પોલીસ ફરિયાદ કરવા માટે સંબંધિત નાયબ કાર્યપાલક ઈજનેરને અધિકૃત અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આવા કિસ્સાઓમાં સંબંધિત નાયબ કાર્યપાલક ઈજનેરને નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત નેશનલ હાઈવે ઓથોરિટીને ભરૂડી અને પીઠડીયા ટોલપ્લાઝા ખાતેથી ઈ-ડીટેકશનના ડેટા સમયસર અપલોડ કરવા કડક સૂચના આપવામાં આવી હતી. આ સાથે હાઈવે પરના તમામ ગેપ ઈન મીડિયન ૧૫ દિવસમાં બંધ કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લામાં અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિઓને મદદ કરવા બદલ રાહવીર યોજના અંતર્ગત બે યુવકનું સન્માન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પ્રોબેશનરી આઈ.એ.એસ. ટીના કલ્યાણ, આર.ટી.ઓ. આઈ.એસ. ટાંક, પોલીસ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... Rajkot 03 | 12 MAY 2026, TUESDAY

ઘરેથી નીકળો એટલે જોખમ; જીવનો ભરોસો નહીં

રાજકોટીયન્સનો જીવ જોખમમાં

4 મહિનામાં અકસ્માતમાં 35નાં મોત!

124 ગંભીર અકસ્માતમાં 90 થી વધુ ઘાયલ : આજીવન ખોટખાપણ રહી ગઈ

રાજકોટના રસ્તા બન્યા મોતનો માર્ગ !

અકસ્માતોના મુખ્ય કારણો
- ઓવરસ્પીડિંગ અને બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ
- નિયમોનો ભંગ (સિગ્નલ તોડવું, હેલ્મેટ ન પહેરવું)
- શહેરમાં વધતો ટ્રાફિક અને સતત જામ
- રોડની ખરાબ હાલત અને પૂરતી સુવિધાઓનો અભાવ
- મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને વાહન ચલાવવું
- અનુભવહીન અને નાબાલિક ડ્રાઈવરો

અકસ્માત રોકવા માટેના ઉપાયો
- કડક ટ્રાફિક નિયમોનો અમલ અને દંડની વ્યવસ્થા
- મુખ્ય સ્થળોએ વધુ ટ્રાફિક પોલીસની તૈનાતી
- રોડ-ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા
- ટ્રાફિક જાગૃતિ અભિયાન ચલાવવું
- CCTV અને ઈ-ચલાન સિસ્ટમનો વધુ ઉપયોગ
- જાહેર પરિવહનને પ્રોત્સાહન આપવું

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં છેલ્લા પાંચ મહિનામાં માર્ગ અકસ્માતોની સંખ્યા ચિંતાજનક રીતે અને ભયાવહ હદે વધી રહી છે. આ માત્ર આંકડા નથી, પરંતુ અનેક પરિવારો માટે કાયમી પીડા બની ગયા છે. આ સમયગાળા દરમિયાન કુલ ૧૨૪ જેટલા ગંભીર અકસ્માતોના બનાવો નોંધાયા છે. આ દુર્ઘટનાઓમાં ૩૪ જેટલા નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે ૯૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ પૈકી અનેક ઘાયલો આજે પણ સિવિલ અને ખાનગી હોસ્પિટલોમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે, જ્યારે કેટલાય લોકોએ હાથ-પગ કે આંખ ગુમાવીને આજીવન ખોટખાપણનો સામનો કરવાનો વારો આવ્યો છે. એક નાની બેદરકારી અનેક પરિવારોના માળા વિંખી રહી છે.

શહેરના મુખ્ય માર્ગો, જેમ કે ૧૫૦ ફૂટ રિંગ રોડ, કાલાવડ રોડ, ગોંડલ રોડ અને કુવાડવા રોડ પર ટ્રાફિકનો ભાર દિવસેને દિવસે કલ્પના બહાર વધી રહ્યો છે. વાહનોની સતત વધતી જતી સંખ્યા અને બેફામ ડ્રાઈવિંગના કારણે ટ્રાફિક જામ હવે કોઈ નવી વાત નથી રહી, પણ એક રોજિંદી અને ત્રાસદાયક સમસ્યા બની ગઈ છે. નાગરિકો માટે રોજિંદા વાહન વ્યવહાર અત્યંત મુશ્કેલ અને જોખમી બની ગયો છે. સવારે ઘરેથી નોકરી કે ધંધાર્થે બહાર નીકળ્યા પછી સાંજે પરિવાર પાસે સલામત ઘરે પરત ફરવાની ચિંતા લોકોના ચહેરા પર સ્પષ્ટ જોઈ શકાય છે. ઘરના મોભી બહાર ગયા હોય ત્યારે પાછળ પરિવારજનો સતત ફફડાટમાં રહેતા હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે.

સ્થાનિક સ્તરે બેફામ અને બેદરકારીપૂર્વક વાહન ચલાવવું, ટ્રાફિકના નિયમોનો ખુલ્લેઆમ ભંગ અને ટ્રાફિક વ્યવસ્થાપનનો સદંતર અભાવ જેવા કારણો આ જીવલેણ અકસ્માતોની પાછળ મુખ્ય જવાબદાર માનવામાં આવી રહ્યા છે. રસ્તાઓ પર કોઈનો ડર ન હોય તેમ દોડતા વાહનો મોતનું તાંડવ રચી રહ્યા છે. ટ્રાફિક અને રોડ સેફ્ટી નિષ્ણાતોનું ગંભીર ચેતવણી આપતા કહેવું છે કે જો પ્રશાસન દ્વારા સમયસર અને કડક પગલાં નહીં લેવાય તો આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ ગંભીર અને બેકાબૂ બની શકે છે, અને રાજકોટની ઓળખ એક અસુરક્ષિત શહેર તરીકે ઊભી થઈ શકે છે.

રાજકોટનો કુવાડવા રોડ ડેન્જર ઝોન જાહેર !

### ગેરકાયદે ગેપ ઈન મીડિયન ઊભા કરાયાના સ્થળો

રાજકોટ-ભાવનગર હાઈ-વે પર પાંચ
આટકોટથી જસદણ હાઈ-વે પર ત્રણ
રાજકોટથી કાલાવડ હાઈ-વે પર બે
જેતપુર-સોમનાથ હાઈ-વે અને જેતપુર-પોરબંદર હાઈ-વે પર નવ
રાજકોટથી જામનગર હાઈ-વે પર ૧૩ જગ્યા

### પ્રત્યેક જિંદગી મહત્વની છે, સ્વાર્થ માટે લોકોના જીવ જોખમમાં મૂકી શકાય નથી : કલેક્ટર

પ્રત્યેક જિંદગી મહત્વની છે અને હાઈવે પર ગેરકાયદે ગેપ ઈન મીડિયન ઊભા કરીને લોકોના જીવનને જોખમમાં મૂકતી આવી પ્રવૃત્તિને સાંખી શકાય નહીં એવો સ્પષ્ટ સંદેશ આપતા કલેક્ટર ડો.ઓમ પ્રકાશે એ ગેરકાયદે ગેપ ઈન મીડિયન મામલે કડક કાર્યવાહી કરવા આદેશ કર્યો હતો. આ ઉપરાંત જિલ્લામાં હાઈવે પર આવતા ભયજનક વળાંક સહિતના અકસ્માત સંભવિત ક્ષેત્રોની તપાસ કરીને યોગ્ય સાઈનેજ, રિફ્લેક્ટર લગાવવા સહિતની સૂચના આપી હતી.

## કાલથી કેરળમાં વરસાદની પા...પા... પગલી




# સૌરાષ્ટ્રમાં ભારે પવન સાથે વરસાદની આગાહી

## યલો એલર્ટ જાહેર

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

દેશમાં ગરમીથી પરેશાન લોકો માટે ચોમાસાને લઈને ખૂબ જ સારા સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગના હાલના રિપોર્ટ્સ મુજબ કેરળમાં આગામી ૪ જૂને ચોમાસાની વિધિવત શરૂઆત થઈ જશે. ચોમાસાના આગમનની સાથે જ કેરળના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સામાન્ય રીતે દેશમાં ચોમાસું ૧ જૂનની આસપાસ શરૂ થતું હોય છે પરંતુ આ વખતે તેમાં થોડો વિલંબ થયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે થી ત્રણ દિવસમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ ખૂબ જ સાનુકૂળ બની રહી છે. દક્ષિણ-પૂર્વ અરબ સાગરના કેટલાક ભાગો, લક્ષદ્વીપ, કેરળ અને તમિલનાડુના વિસ્તારોમાં ચોમાસું ઝડપથી આગળ વધશે. બંગાળની ખાડીના પણ કેટલાક હિસ્સામાં ૪ જૂનની આસપાસ ચોમાસું સક્રિય થાય તેવી પૂરેપૂરી શક્યતા છે. ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિક નીતા કે ગોપાલે જણાવ્યું છે કે, કેરળમાં ચોમાસું શરૂ થવા માટેની તમામ જરૂરી પરિસ્થિતિઓ તૈયાર થઈ ગઈ છે. ૪ જૂનની સાંજે કેરળમાં સારો વરસાદ જોવા મળી શકે છે. ભારે વરસાદની આશંકાને જોતા સમગ્ર કેરળમાં ૭ દિવસ માટે ઓરેન્જ અથવા યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ખાસ કરીને પહાડી વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવા અને નિયમોનું પાલન કરવા જણાવાયું છે. લાંબા ગાળાની સરેરાશ (LPA) એટલે કે કોઈ વિસ્તારમાં ૩૦ થી ૫૦ વર્ષ દરમિયાન થયેલા વરસાદની સરેરાશ ગણતરી. વર્ષ ૧૯૭૧ થી ૨૦૨૦ ના આંકડા મુજબ દેશમાં સરેરાશ વરસાદ ૮૭ સેન્ટીમીટર નક્કી કરાયો છે. જો વરસાદ આના ૯૦ ટકાથી ઓછો થાય તો તેને ઓછો વરસાદ કહેવાય છે. આ વર્ષે વરસાદ ઓછો થવાનું મુખ્ય કારણ 'અલ નીનો' ની સ્થિતિ છે, જે ભારતમાં ચોમાસાના વરસાદને નકારાત્મક રીતે પ્રભાવિત કરે છે.

# MP-UP સહિત 11 રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

દેશભરમાં વાવાઝોડા અને વરસાદને કારણે પારો ૪૦C થી નીચે આવી ગયો છે. મંગળવારે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, બિહાર, ઉત્તરાખંડ, ઝારખંડ, છત્તીસગઢ, જમ્મુ-કાશ્મીર, કર્ણાટક, તમિલનાડુ અને ગુજરાતમાં વરસાદ થયો હતો.યુપીના આગ્રામાં લગભગ એક કલાક સુધી ભારે વરસાદને કારણે રસ્તાઓ અને ફૂટપાથ ધસી પડ્યા.તેમાં ટ્રેક્ટર-ટ્રોલી, કાર અને ટ્રક પલટી ગયા. એમપીના સિંગરૌલીમાં વીજળી પડવાથી એક કિશોરનું અને નીમચમાં જર્જરિત મકાનની છત પડવાથી માતા-પુત્રનું મૃત્યુ થયું હતું.જમ્મુ-કાશ્મીરના ડોડા, કિશ્તવાડ અને પુંછ જિલ્લામાં વાદળ ફાટ્યા.જેના કારણે રસ્તાઓ જામ થઈ ગયા,રહેણાંક વિસ્તારો પાણીમાં ડૂબી ગયા અને વાહનો કાટમાળમાં ફસાઈ ગયા.અનંતનાગ જિલ્લામાં વાવાઝોડામાં ઝાડ પડવાથી એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું.

# જમ્મુ-કાશ્મીરમાં 3 જગ્યાએ વાદળ ફાટ્યું



જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં મંગળવારે બે જગ્યાએ વાદળ ફાટ્યા છે. પહેલું વાદળ સરથલના ગહન વિસ્તારમાં અને બીજું માછીપાલ વિસ્તારમાં ફાટ્યું છે. કેટલાક વિસ્તારોમાં ભૂસ્ખલનને કારણે રસ્તાઓ બંધ થઈ ગયા છે. અધિકારી ઓના જણાવ્યા અનુસાર, હાલ કોઈ જાનહાનિના સમાચાર નથી. પોલીસ, રેડ ક્રોસ, મહેસૂલ વિભાગ અને અન્ય એજન્સીઓની ટીમો ઘટનાસ્થળે મોકલવામાં આવી છે.સાંસદ અને કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે સ્થાનિક લોકો સાથે સતત સંપર્ક કરવામાં આવી રહ્યો છે, જેથી જરૂર પડ્યે તાત્કાલિક મદદ પહોંચાડી શકાય.

## લોકાર્પણમાં વિલંબઃ મેયર નેહલ શુકલને ભૂલ પકડાઈ, પૂર્વ પદાધિકારીઓને ક્ષતિ ન દેખાણી

# અક્કલનું ઓથમીર મહાપાલિકાનો ઢોંગ બહાર !

## નવા સાંઢિયા પૂલમાં વરસાદી પાણીના નિકાલની સિસ્ટમ નાખવાનું ભૂલાઈ ગયું





તસવીરઃ અક્ષય ગોંડલિયા



**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેર અને અન્ય જિલ્લાના પાંચ લાખથી વધુ લોકો માટે આશીર્વાદ સમાન નવનિર્મિત સાંઢિયા પુલના લોકાર્પણની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે જ મેયર નેહલ શુક્લ અને પદાધિકારીઓએ તાજેતરમાં બ્રિજની મુલાકાત લેતા મુખ્ય જોઈન્ટમા લેવલ ન હોવાનું અને ફિનિશિંગ કામમાં ક્ષતિઓ દેખાતા ઉંચ અધિકારીઓ તુરંત યોગ્ય કાર્યવાહી અને કોન્ટ્રાક્ટરનું બિલ અટકાવવાના આદેશ આપ્યા હતા અને હવે બ્રિજના વરસાદી પાણીના નિકાલની સિસ્ટમ ફિટ કરતા ભૂલાઈ ગયાનું બહાર આવતા બ્રિજનું લોકાર્પણ પાછું ઠેલવવાની શક્યતા જોવાઈ રહી છે.

મનપા મેયર નેહલ શુક્લ અને પદાધિકારીઓ મંગળવારે ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત માટે પહોંચ્યા છે. ત્યારે સાંઢિયા પુલના લોકાર્પણ માટે પણ



મુખ્યમંત્રીને આમંત્રણ પાઠવશે તેવું માનવામાં આવી રહ્યું હતું, પરંતુ ગાંધીનગર ખાતે મેયર નેહલ શુક્લ સાથે ટેલિફોનિક વાત દરમિયાન તેઓએ જણાવ્યું છે કે, નાની મોટી ક્ષતિઓ ઉપરાંત પુલ ઉપર પડતા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવી નથી. હાલની સ્થિતિમાં વરસાદ પડે ત્યારે પુલની નીચે પસાર થતા લોકો ઉપર પાણી પડે તેવું છે ઉપરાંત પુલની નીચે પાર્કિંગ કે અન્ય આયોજન કરવામાં આવે તો પણ વરસાદી પાણીની સમસ્યા ઊભી થાય તેમ છે.સાંઢિયા પુલ ઉપર વરસતા વરસાદી પાણી ને નીકળવા માટે સમયાંતરે હોલ છે, પરંતુ પાણીના નિકાલ માટે પાઈપ નાખવામાં નથી આવ્યા જેના કારણે મુશ્કેલી ઊભી થઈ શકે છે. આથી તમામ બાકી કામ પૂર્ણ થયા બાદ લોકાર્પણ કરવામાં આવશે. અહીં એક સવાલ એ પણ ઉઠ્યો છે કે, ઈજનેરોએ સાઈટ વિઝિટ કરી ત્યારે તેમના ધ્યાને પણ આ બાબત નહીં આવી હોય?સાંઢિયા પુલમાં વરસાદી પાણીના નિકાલની સિસ્ટમ ફિટ કરતા ભૂલાઈ ગઈ છે અને મેયર નેહલ શુક્લના ધ્યાને આવી છે ત્યારે પુલનું કામ ચાલુ થયું ત્યારથી આજ સુધી પૂર્વ પદાધિકારીઓ અને અધિકારીઓ પણ અવારનવાર બ્રિજની વિઝિટ કરી આવ્યા છે છતાં આ ક્ષતિ તેઓની નજરમાં કેમ નઆવી તે વિચારવું રહ્યું.

## રાજ્યભરમાં ગેરકાયદે ઘુસેલા બાંગ્લાદેશીઓને ટ્રેસ કરવા સર્ચ ઓપરેશન

# બાંગ્લાદેશીઓને વીણી વીણીને પકડો: રાજકોટમાં 31ની અટકાયત કરાઈ

### શહેર પોલીસની ૧૩ ટીમોના દરોડા: અજાણ્યા વ્યક્તિને કામે રાખતા કે રૂમ ભાડે આપતા પહેલા પોલીસને જાણ કરો: ડોક્યુમેન્ટની ચકાસણી હાથ ધરી






**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકો વસવાટ કરે છે કે કેમ તે જાણવા પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને શંકાસ્પદ મોબાઈલ નંબરોના ડેટાના આધારે ઓપરેટ કરવામાં આવ્યું હતું. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુપ્તચર એજન્સીઓ અને ટેકનિકલ સેલને લાંબા સમયથી ઈનપુટ્સ મળી રહ્યા હતા કે રાજકોટ સહિત ગુજરાત ભરમાં જુદા જુદા શ્રમિક વિસ્તારોમાં અને ફેક્ટરીઓમાં કેટલાક શંકાસ્પદ લોકો ઓળખ છુપાવીને રહી રહ્યા છે. જેમાં રાજકોટ શહેર પોલીસને આશરે ૨૦૦ જેટલા એવા શંકાસ્પદ મોબાઈલ નંબરો મળ્યા હતા. આ તમામના લોકેશન અને કોલ ડિટેલ્સ શંકાસ્પદ જણાતા હતા. આ નંબરો પરથી થતા શંકાસ્પદ કોલ્સ-સ્પામ કોલ અને ઈન્ટરનેશનલ કનેક્ટિવિટીના આધારે પોલીસે આખું નેટવર્ક ટ્રેસ કર્યું હતું. જેના આધારે ઈન્ચાર્જ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીકના માર્ગદર્શન હેઠળ ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ મોડી રાત્રે જ ઓપરેશન પાર પાડવાનો પ્લાન તૈયાર કર્યો હતો. જેમાં એસઓજી પીઆઇ એન. બી. ચૌધરી તેમજ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓ, એલસીબીનો સ્ટાફ, તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને તેમની ટીમોના જવાનો, એએચટીયુનો સ્ટાફ પણ સામેલ થયો હતો.રાતે ૧૩ ટીમોએ શહેરના ઔદ્યોગિક વિસ્તારો, બાંધકામની સાઇટો, ઝૂંપડપટ્ટીઓ અને શ્રમિકો વસતા વિસ્તારોને કોર્ડન કરી લીધા હતા. ટીમોએ રાતોરાત સઘન સર્ચ ઓપરેશન અને ચેકિંગ હાથ ધર્યું હતું. શંકાસ્પદ લોકેશન્સ પર દરોડા પાડીને લોકોની પૂછપરછ શરૂ કરવામાં આવી હતી અને તેમના રહેઠાણના પુરાવાઓ તપાસાયા હતા. આ આખી રાત ચાલેલા મેગા ઓપરેશન દરમિયાન પોલીસે કુલ ૩૧ જેટલા શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પકડાયેલા લોકોમાં પાંચ મહિલાઓ પણ સામેલ છે. જેની પુછપરછ યથાવત રખાઇ છે. પ્રાથમિક તપાસમાં આ લોકો પાસે ભારતીય નાગરિક હોવાના પુરાવા મળી શકયા નથી. તેઓ કયાંથી આવ્યા છે, કયારથી રાજકોટમાં રહે છે અને અહીં લાવવામાં કોણે મદદ કરી છે તે અંગે એસઓજી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ આકરી પૂછપરછ કરી રહી છે. તમામ શંકાસ્પદ શખ્સોનો આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ અને અન્ય દસ્તાવેજોનું વેરિફિકેશન કરવામાં આવી રહ્યું છે. ભુતકાળમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો નકલી ભારતીય દસ્તાવેજો બનાવીને રહેતા હોવાના અને અમુક જંગલ રસ્તે ગેરકાયદેસર રીતે ભારતમાં ઘુસી ગયાનું ખુલ્યું હતું. જેને શંકાસ્પદ ગણી પુછતાછ કરવામાં આવી રહી છે તેમાંથી પાંચ મહિલા વધુ શંકાસ્પદ જણાઇ છે જો કોઇ બાંગ્લાદેશી નાગરિક સાબિત થશે તો તેને કાયદાકીય પ્રક્રિયા બાદ ડીપોર્ટ-દેશ નિકાલ કરી દેવાની કાર્યવાહી હાથ ધરાશે. રાજકોટમાં આજે પણ આખો દિવસ અને આગામી દિવસોમાં પણ આ ઓપરેશન અવિરતપણે ચાલુ રાખવામાં આવશે.

## અમદાવાદમાં 166 બાંગ્લાદેશી પકડાયા

### CPએ પૂછપરછ કરી;એક અઠવાડિયામાં ડીપોર્ટ કરાશે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

૨૮ મે, ૨૦૨૬એ ગાંધીનગરના સોનીપુરની સભામાં અમિત શાહે હુંકાર કર્યો હતો કે દેશભરમાંથી એક-એક ઘૂસણખોરને વીણી-વીણીને બહાર કાઢવામાં આવશે. શાહના હુંકારના ૫માં દિવસે જ એટલે કે ગઈકાલે(૨ જૂન )ગુજરાતભરમાં બાંગ્લાદેશીઓને પકડવા માટે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. અમદાવાદ-સુરત-રાજકોટ-વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં બાંગ્લાદેશીઓને શોધવાનું ઓપરેશન ચાલી રહ્યું છે.અમદાવાદમાં ૧૬૬ બાંગ્લાદેશી પકડાયા છે. પૂછપરછમાં સામે આવ્યું છે કે તેઓ અહીં જે કમાતા એ પૈસા આંગિડયા મારફતે કોલકાતા મોકલતા અને ત્યાંથી બાંગ્લાદેશ જતા હતા. સાથે જ કેટલીક મોબાઇલ એપ્લિકેશનના માધ્યમથી પણ પૈસા બાંગ્લાદેશ મોકલાતા હોવાનું સામે આવ્યું છે. આ દરમિયાન અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકે પણ ક્રાઇમ બ્રાન્ચ પહોંચી બાંગ્લાદેશીઓની પૂછપરછ કરી હતી.

## શારીરિક મર્યાદા નહીં, મનોબળ જીત્યું

# હિંમતને સલામ; રાજકોટની મયુરી દવેએ વ્હીલચેરમાં બેસી ટેબલ ટેનિસ રમી ચેમ્પિયન બની

## રાષ્ટ્રીય સ્તરે બ્રોન્ઝ મેડલ મેળવ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

"મંઝિલ ઉન્હીં કો મિલતી હૈ જિનકે સપનોં મેં જાન હોતી હૈ, પંખોં સે કુછ નહીં હોતા હોસલોં સે ઉડાન હોતી હૈ." આ પંક્તિને રાજકોટના ૩૮ વર્ષીય દિવ્યાંગ મહિલા ખેલાડી મયુરીબેન દવેએ ચરિતાર્થ કરી બતાવી છે. માત્ર ૨ વર્ષની ઉંમરે પોલિયોનો ભોગ બનેલા મયુરીબેને ૩૫ વર્ષની ઉંમરે ટેબલ ટેનિસ રમવાનું શરૂ કર્યું અને ૩ વર્ષની સફરમાં જ તેમણે રાષ્ટ્રીય સ્તરે ૩ બ્રોન્ઝ મેડલ જીતીને રાજ્યનું નામ



રોશન કર્યું છે. તાજેતરમાં જ આ ખેલાડીએ મધ્યપ્રદેશમાં રમાયેલી રાષ્ટ્રીય કક્ષાની પેરા સિનિયર ટેબલ ટેનિસ નેશનલ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

બાળપણમાં જ્યારે મયુરીબેન અન્ય સામાન્ય બાળકોને દોડતા-રમતા જોતા, ત્યારે તેમના મનમાં એક સવાલ વારંવાર સતાવતો કે "હું કેમ આ લોકોની જેમ ચાલી નથી શકતી?" પરંતુ મયુરીબેનના પિતા હંમેશા તેમનું પીઠબળ બન્યા. વ્હીલચેરની મર્યાદાઓને માત આપીને મયુરીબેને વિજયયાત્રાનું પ્રથમ સોપાન ગત વર્ષે વડોદરાના સમા ઈન્ડોર સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સ ખાતે રમાયેલી પેરા સિનિયર ટેબલ ટેનિસ નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫માં સર કર્યુ. જ્યાં તેમણે હિંમત દાખવીને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.આ ઉપરાંત ૨૭ માર્ચ ૨૦૨૫ના રોજ દેશના પાટનગર દિલ્હી ખાતે આયોજિત ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ ૨૦૨૫માં પણ તેમણે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ મધ્યપ્રદેશના ઇન્દોર સ્થિત અભય પ્રશાલ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રમાયેલી UTT પેરા સિનિયર ટેબલ ટેનિસ નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬માં તેમણે વધુ એક બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો.

વર્તમાન સમયમાં લોકો નાની નાની નિષ્ફળતાઓથી નિરાશ થઈ જાય છે ત્યારે તેમને મયુરીબેને સંદેશ આપ્યો હતો કે, "જીવનમાં ક્યારેય હિંમત હારશો નહીં. બસ, પ્રયત્નો કરતા રહો. મુશ્કેલીઓ તો આવશે, પણ જો વ્હીલચેર પર બેસીને, પોલિયો સામે લડીને પણ હું આ મુકામ સુધી પહોંચી શકતી હોઉં, તો ઈશ્વરે તમને બધું જ આપ્યું છે, તમે તો ઈચ્છાશક્તિ અને અનુશાસનથી ધારો તે લક્ષ્યાંક પ્રાપ્ત કરી જ




શકો છો."સફળ ખેલાડીની પાછળ માર્ગદર્શક અને યોગ્ય સુવિધાઓનો મોટો હાથ હોય છે. મયુરીબેનની પ્રતિભાને ઓળખીને તેને યોગ્ય દિશા આપવાનું કામ કર્યું છે. રાજકોટમાં ટેબલ ટેનિસ કોચ આકાશ મૂલચંદાની છેલ્લા બે વર્ષથી એસ.એ.જી. (સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ગુજરાત) ના મલ્ટીપર્પઝ ઈન્ડોર હોલ ખાતે ફરજ બજાવે છે અને તેઓ જ મયુરીબેનને તાલીમ આપી રહ્યા છે.

આકાશભાઈએ જણાવ્યું હતું કે, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા ખુલ્લા મુકવામાં આવેલા આ અત્યાધુનિક સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સમાં બાસ્કેટબોલ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન અને ચેસ સહિતની અનેક રમતોની તાલીમ આપવામાં આવે છે. આ સેન્ટર દિવ્યાંગ ખેલાડીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. અહીં મયુરીબેન સહિત અન્ય ૬ પેરા ટેબલ ટેનિસ ખેલાડીઓ પણ રમત ગમતના ક્ષેત્રે દેશનું નામ રોશન કરી રહ્યા છે. રાજકોટમાં ઘર આંગણે જ આવી વૈશ્વિક સ્તરની સ્પોટ્ર્સ એકેડમી ઉપલબ્ધ છે, ત્યારે સ્થાનિક રમતવીરોએ તેનો અવશ્ય લાભ લેવો જોઈએ. રાષ્ટ્રીય ફલક પર ચમકનારા આ દિવ્યાંગ ખેલાડીએ સાબિત કરી બતાવ્યું છે કે મુશ્કેલીઓ ગમે તેટલી મોટી હોય, અવિરત પ્રયત્નો અને અતૂટ આત્મવિશ્વાસથી દરેક લક્ષ્ય સિદ્ધ કરી શકાય છે. ગુજરાત સરકાર દ્વારા વૈશ્વિક સ્તરની રમતગમત સવલતો અને મયુરીબેન જેવા પ્રતિભાવાન ખેલાડીઓના સમન્વય થકી આજે રાજ્ય રમતજગત ક્ષેત્રે નવી ઊંચાઈઓ પર પહોંચ્યું છે.

## ચિંતાજનક અહેવાલ; દેશમાં 67.2 ટકા પરિણીત લોકોએ આપઘાત કર્યો

# આંકડા બોલે છે કડવું સત્ય

# પરણેલા લોકો આત્મહત્યા કરવામાં નંબર-1




### કારણ શું ?

- પતિ-પત્નિ વચ્ચે સતત ઝઘડા, મતભેદ અને વિશ્વાસનો અભાવ
- એક બીજાને સમજવાની ક્ષમતા ન હોવાને કારણે નાની બાબતો મોટા સંઘર્ષમાં ફેરવાઈ
- સંયુક્ત પરિવારમાં એડજસ્ટમેન્ટ, સમાજની અપેક્ષાઓ અને પ્રતિષ્ઠાનો ભાર વ્યક્તિને દબાવી દે છે
- સોશિયલ મીડિયાના કારણે દેખાદેખી વધતા ઝઘડા વધ્યા

## ગુજરાતમાં 1 લાખની વસ્તીએ 13 લોકો આપઘાત કરી રહ્યા છે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

લગ્નને લાંબા સમયથી સામાજિક તથા પારિવારિક સ્થિરતાના પ્રતીક તરીકે જોવામાં આવે છે. જોકે, હાલના આંકડા સૂચવે છે કે, આ સ્થિરતા હાંસલ કરવા માટેનું દબાણ હવે ઘણા લોકો માટે માનસિક હતાશાનું નિમિત્ત બની રહ્યું છે.

અમુક કિસ્સાઓમાં તેના કારણે લોકો આત્મહત્યા જેવા આત્યંતિક નિર્ણયો લેવા તરફ વળતા હોવાની ચોંકાવનારી વિગતો નૅશનલ ક્રાઇમ રેકૉર્ડ્ઝ બ્યૂરો (એનસીઆરબી)ના અહેવાલમાં સામે આવી છે. ઍક્સિડેન્ટલ ડેથ્સ ઍન્ડ સ્યૂસાઇડ્ઝ ઇન ઇન્ડિયા, ૨૦૨૪' એવું શીર્ષક ધરાવતા એનસીઆરબીના અહેવાલ અનુસાર, દેશમાં પારિપારિક સમસ્યા હજુ પણ આત્મહત્યા પાછળનું મોટું કારણ છે.

૨૦૨૪માં આત્મહત્યાના જે ૧.૭૦ લાખ કરતાં વધુ કેસ નોંધાયા હતા, તે પૈકીના ત્રીજા ભાગ કરતાંયે વધુ કેસોમાં ઉપરોક્ત કારણ જ જવાબદાર હતું. તેના પછી લાંબી કે ગંભીર બીમારી, નશીલાં




દ્રવ્યોની લત અને વૈવાહિક તણાવ જેવાં કારણો જવાબદાર હોય છે.

(આત્મહત્યા એક ગંભીર માનસિક અને સામાજિક સમસ્યા છે. જો તમે પણ તણાવનો સામનો કરી રહ્યા હો, તો તમે ભારત સરકારની જીવન સાથી હેલ્પલાઈન ૧૮૦૦૨૩૩૩૩૩૦ દ્વારા મદદ મેળવી શકો છો. તમારે તમારા મિત્રો અને સંબંધીઓ સાથે પણ આ વિશે વાત કરવી જોઈએ.

એનસીઆરબીના રિપોર્ટમાં લગ્ન સંબંધિત પ્રશ્નો માટે અલગ વિભાગ સામેલ કરવામાં આવ્યો છે. તેમાં લગ્ન ન થવા, દહેજની તકરારો, લગ્ન બાહ્ય સંબંધો, છૂટાછેડા તથા લગ્નને લગતા અન્ય તણાવો જેવાં કારણોને આવરી લેવામાં આવ્યાં છે. અહેવાલ મુજબ, ૧૮થી ૩૦ વર્ષની વયના લોકો સૌથી વધુ પ્રભાવિત થયા હતા અને તે પછીના ક્રમે ૩૦થી ૪૫ વર્ષની વયના લોકો આવતા હતા.

પ્રત્યેક એક લાખ લોકોની વસ્તીમાં થતી આપઘાતની સંખ્યાને 'આત્મહત્યા દર' કહેવામાં આવે છે. ૨૦૨૪માં સમગ્ર ભારતમાં સરેરાશ આત્મહત્યા દર (સ્યૂસાઇડ રેટ) ૧૨.૨ નોંધાયો હતો. આ માપન અનુસાર, અંદામાન અને નિકોબાર ટાપુસમૂહ (૪૦.૬) આ યાદીમાં ટોચના સ્થાને રહ્યો હતો જ્યાં દર એક લાખની વસ્તીએ ૪૧ મોત જીવન ટૂંકાવવાને કારણે નીપજ્યાં હતાં. ત્યાર પછીના ક્રમે સિક્કિમ (૩૬.૩), કેરળ (૩૦.૨), તેલંગણા (૨૮.૬) અને છત્તીસગઢ (૨૬) જેવાં રાજ્યો રહ્યાં હતાં. દેશની રાજધાની દિલ્હીનો આત્મહત્યા દર ૧૩.૨ નોંધાયો હતો. જ્યારે ગુજરાતમાં આ દર રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ એટલે કે ૧૨.૪ ટકા નોંધાયો હતો. ત્યારે ગુજરાતમાં વર્ષ ૨૦૨૪માં ૮.૯૮૪ આત્મહત્યાના કેસ નોંધાયા હતા.

## બાબા નહીં, શિકારી; 20 લાખની નોકરી છોડી આશ્રમ ચાલુ કર્યું

# મથુરામાં પાખંડી બાબાની હાઈ-પ્રોફાઈલ યુવત્તી સાથે સેક્સલીલા

- અભિષેકે ગીતા પર ઓનલાઇન પ્રવચન શરૂ કરી શિક્ષિત યુવતીઓને ટાર્ગેટ કરતો
- બ્રેઈનવોશ કરી યુવતીઓને ગોવર્ધન આપી ગંધર્વ લગ્ન ગોઠવી ફસાવી શોષણ કરતો
- યુવતીઓને ભગવાનનો પ્રસાદ આપી નશાકારક પદાર્થ પીવડાવતો હતો
- મથુરા પોલીસએ ભાંડો ફોડ્યો, આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ



## બેભાન કરી બળાત્કાર ગુજારી અશ્લીલ ફોટો વીડિયો બનાવી બ્લેકમેલ કરતો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ધાર્મિક નગરી મથુરાના ગોવર્ધન વિસ્તારમાંથી પોલીસે પાપી અને ઢોંગી બાબાની ધરપકડ કરી છે, જેની વાસ્તવિકતા જાણીને દરેક સ્તબ્ધ છે. પોતાને આધ્યાત્મિક ગુરુ ગણાવતો આ વ્યક્તિ વાસ્તવમાં ઉચ્ચ શિક્ષિત ગુનેગાર છે, જે શિક્ષિત અને નોકરી કરતી છોકરીઓને ઓનલાઈન ઉપદેશો અને ભજન-કીર્તન દ્વારા મોટા પેકેજ પર ફસાવતો હતો. ત્યાર બાદ તેઓને નશીલા પદાર્થ આપી તેમનું શારીરિક શોષણ કરતો હતો અને અશ્લીલ વીડિયો બનાવીને લાખો રૂપિયાનું બ્લેકમેલ કરતો હતો. પોલીસે આરોપી અભિષેક મિશ્રા ઉર્ફે અધિકાર નારાયણ દાસની રાધાકુંડ સ્થિત તેના કથિત આશ્રમમાંથી ધરપકડ કરી છે. ઘટનાસ્થળેથી બે છોકરીઓ અને એક છોકરાને સુરક્ષિત રીતે



બચાવી લેવામાં આવ્યા છે. પોલીસ અધિક્ષક (ગ્રામીણ) સુરેશ ચંદ્ર રાવતના જણાવ્યા અનુસાર, આરોપી અભિષેક મિશ્રા મૂળ ઓડિશાનો છે. તેણે ૨૦૧૭ થી ૨૦૨૧ ની વચ્ચે પ્રતિષ્ઠિત IIT રૂરકીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં બી.ટેક પૂર્ણ કર્યું. ત્યારબાદ તેણે ૨૦ લાખના વાર્ષિક પેકેજ સાથે મુંબઈની એક મોટી કંપનીમાં કામ કર્યું. જોકે, ૨૦૨૩ માં, તે નોકરી છોડીને મથુરાના રાધાકુંડ વિસ્તારમાં રહેવા ગયો, ત્યાં એક રૂમ ભાડે રાખ્યો.અભિષેક ખૂબ શિક્ષિત હતો, તેથી તેની વાતચીત કરવાની કુશળતા પ્રભાવશાળી હતી. તેણે ગીતા પર ઓનલાઈન પ્રવચનો આપવાનું શરૂ કર્યું. તેના મુખ્ય લક્ષ્ય બહુરાષ્ટ્રીય કંપનીઓ (MNCs) માં કામ કરતી ઉચ્ચ પ્રોફાઈલ અને શિક્ષિત યુવતીઓ હતી. તે યુવાનો અને મહિલાઓનું ઓનલાઈન બ્રેઈનવોશ કરતો હતો જેથી તેઓ બધું છોડીને ગોવર્ધનમાં તેની પાસે આવી જતા. ત્યાં, તે છોકરાઓ અને છોકરીઓ વચ્ચે ગંધર્વ લગ્ન ગોઠવતો અને પછી, તેમને ફસાવીને, પોતે છોકરીઓનું શોષણ કરતો.તે યુવતીઓને ભગવાનનો પ્રસાદ કે ચરણામૃત હોવાનું જણાવીને નશાકારક પદાર્થ પીવડાવતો હતો. જ્યારે તેઓ બેભાન હોય ત્યારે તેમના પર બળાત્કાર કરતો હતો અને તેમના અશ્લીલ ફોટા અને વીડિયો બનાવતો હતો.

### બ્લેકમેઈલિંગના પૈસાથી બનેલો આશ્રમ

પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી આ અશ્લીલ વીડિયો અને ફોટોગ્રાફ્સનો ઉપયોગ કરીને પીડિત મહિલાઓ પાસેથી મોટી રકમ પડાવતો હતો. આ બ્લેકમેઈલિંગમાંથી મળેલા પૈસાથી તેણે રાધાકુંડમાં એક ઘર ખરીદ્યું અને તેને પોતાના આશ્રમમાં ફેરવી દીધું. મુદ્દો ત્યારે આવ્યો જ્યારે તેની પોતાની માતા (જે ઓડિશા સરકારમાં સરકારી શિક્ષિકા હતી અને નિવૃત્તિ પછી તેની સાથે રહેતી હતી) એ વિરોધ કર્યો, ત્યારે તેણે તેના પર ક્રૂર હુમલો કર્યો અને તેને ઘરમાંથી કાઢી મૂકી.

### છત્તીસગઢના વિદ્યાર્થીએ હિંમત બતાવી, આમ રહસ્ય ખોલ્યું

આ સનસનાટીભર્યો કિસ્સો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે છત્તીસગઢનો એક બી.એસ.સી. નર્સિંગ વિદ્યાર્થી તેની બહેનને મળવા મથુરા આવ્યો. ૧૫ મેની રાત્રે, આરોપી અભિષેકે પ્રસાદની આડમાં દૂધમાં ડ્રગ ભેળવીને તેના પર બળાત્કાર કર્યો. જ્યારે પીડિતા ઘરે પરત ફરી અને તેના માતાપિતાને તેની દુર્ઘટના વિશે જણાવ્યું, ત્યારે તેના પિતા તેને મથુરા એસએસપી શ્લોક કુમાર પાસે લઈ ગયા. એસએસપીની સૂચના પર, ૨૫ મેના રોજ ગોવર્ધન પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આરોપીએ આશરે ૧૪૪ યુવક-યુવતીઓનું બ્રેઈનવોશ કર્યું હતું, અને બે ડઝનથી વધુ લોકો તેની પકડમાં ફસાઈ ગયા હતા. હાલમાં, પોલીસ સમગ્ર સિન્ડિકેટ અને નેટવર્કની સંપૂર્ણ તપાસ કરી રહી છે.

## ભગવા વસ્ત્રોમાં ઠગાઈનો ખેલ; પાખંડી બાબાઓનો ભાંડાફોડ

# હરિદ્વારમાંથી 40 ઢોંગી સાધુ ઝડપાયા

## હરિદ્વારમાં ઓપરેશન કાલનેમિ




## શ્રદ્ધાળુઓને લૂંટતા નકલી બાબા પોલીસની જાળમાં




ધરપકડ કરાયેલા સાધુઓએ નામો બદલ્યા અસલી નામો અકબર, સલમાન, નઝીર, વસીમ, આમિર, મહતાબ જેવા નામો સામેલ

### સાધુ-સંતોનો વેશ ધારણ કરી કંઠી-માળા પહેરીને શ્રદ્ધાળુઓની ધાર્મિક આસ્થાનો લાભ ઉઠાવતા

**સિટી ન્યૂઝ@હરિદ્વાર**

હરિદ્વારમાં ધાર્મિક આસ્થાનો દુરુપયોગ કરનારા ફરજી સાધુઓ સામે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. 'ઓપરેશન કાલનેમિ' અંતર્ગત હરિદ્વાર પોલીસે ૪૦ ઢોંગી બાબાઓની ધરપકડ કરી છે.પોલીસના જણાવ્યા અનુસાર, આ લોકો સાધુ-સંતનો વેશ ધારણ કરીને ભગવા વસ્ત્રો, કંઠી અને માળા પહેરીને શ્રદ્ધાળુઓની ધાર્મિક આસ્થાનો લાભ ઉઠાવતા હતા.તેઓ દાન-દક્ષિણા મેળવવા માટે લોકોને ગુમરાહ કરતા હતા.હરિદ્વારના વરિષ્ઠ પોલીસ અધિક્ષક નવનીત સિંહના નિર્દેશે કલ્યાર શરીફ અને આસપાસના વિસ્તારોમાં વ્યાપક તપાસ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ૪૦ કોના દસ્તાવેજો અને પહેરવેશની તપાસ કરવામાં આવી, જેમાં તેઓ સંદેહાસ્પદ જણાયા. ધરપકડ થયેલા લોકોમાં અકબર, સલમાન, નઝીર, વસીમ, આમિર, મહતાબ જેવા નામો સામેલ છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે આમાંના અનેક લોકો પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોમાંથી હરિદ્વાર આવ્યા હતા. કેટલાક તંત્ર-મંત્ર કરવાનો દાવો કરતા હતા, તો કેટલાક ભજન ગાઈને ભીખ માગતા હતા.પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ સંબંધિત કલમો હેઠળ કેસ નોંધી લીધો છે. અધિકારીઓએ કહ્યું કે ધાર્મિક આસ્થાની આડમાં લોકોને છેતરનારાઓ સામે સખત કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના નિર્દેશ અનુસાર આ અભિયાન ચાલુ રાખવામાં આવ્યું છે. પોલીસે જણાવ્યું કે આવા અસામાજિક તત્વો પર સતત નજર રાખવામાં આવી રહી છે અને આવી કાર્યવાહી ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.



# દુષ્કાળનો ખતરો

## ભારત સહિત દુનિયાભરમાં 3 મહિના સુધી દુષ્કાળની આશંકા

# કેન્દ્રનું એલર્ટ : દરેક રાજ્યોને તાત્કાલિક તૈયારીના આદેશ

## WMO અનુસાર ભારતમાં બે સક્રિય સિસ્ટમથી ચોમાસું બચી શકે છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતીય હવામાન વિભાગ પછી વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન (WMO) એ પણ વૈશ્વિક આબોહવા અંગે ચેતવણી જારી કરી છે. સંયુક્ત રાષ્ટ્ર (UN)ની આ હવામાન એજન્સી અનુસાર પ્રશાંત મહાસાગરમાં ઝડપથી ગરમ થઈ રહેલા દરિયાઈ પાણીને કારણે જૂનથી ઓગસ્ટ વચ્ચે અલ નીનો બનવાની સંભાવના ૮૦% છે.

નવેમ્બર સુધીમાં તેના ૯૦% કે તેથી વધુ રહેવાની સંભાવના છે. અલ નીનો આગળ જતાં વધુ મજબૂત બની શકે છે. આનાથી ભારત સહિત દુનિયાભરમાં દુષ્કાળ, પૂર, દરિયાઈ-સ્થલીય હીટવેવ અને હવામાનના ખતરનાક સ્વરૂપો જોવા મળી શકે છે.

કૃષિ મંત્રાલયે રાજ્યો અને સંબંધિત એજન્સીઓને નિર્દેશ આપ્યો છે કે સામાન્ય કરતાં ઓછો વરસાદ અને અલ નીનોની સંભાવનાને ધ્યાનમાં રાખીને જિલ્લા સ્તરે યોજના લાગુ કરે. કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, આ સાથે ખેડૂતો સુધી ઝડપથી માહિતી પહોંચાડવા માટે ડિજિટલ અને કોલ સેન્ટર સેવાઓને મજબૂત કરે.


**ખેડૂતો સુધી ઝડપથી માહિતી પહોંચાડવા માટે ડિજિટલ અને કોલ સેન્ટર સેવાઓને મજબૂત કરે**

ઇન્ડિયન ઓશન ડાયપોલ (IOD). તેને હિંદ મહાસાગરનો અલ નીનો પણ કહેવાય છે. જો તેનો ફેઝ પોઝિટિવ હોય, તો તે અલ નીનોની દુષ્કાળની અસરને સંપૂર્ણપણે ખતમ કરીને ભારતમાં સારો વરસાદ લાવી શકે છે.

મેડન-જુલિયન ઓસિલેશન (MJO). આ વાદળો અને પવનોનું એક વૈશ્વિક ચક્ર છે જે વિષુવવૃત્ત પર ફરતું રહે છે. જ્યારે તે ભારત ઉપરથી પસાર થાય છે, ત્યારે નબળા ચોમાસામાં પણ ભારે વરસાદના સ્પેલ (દૌર) લાવે છે.

WMOના વૈજ્ઞાનિકોના મતે, સમુદ્રની સપાટી નીચેનું પાણી સામાન્ય કરતાં ૬C સુધી વધુ ગરમ મળ્યું છે. આ ચિંતાજનક છે. સમુદ્રમાં જમા થયેલી આ વધારાની ગરમી સપાટીને ગરમ કરી રહી છે, જેનાથી અલ નીનોને ગતિ મળી રહી છે.

સંગઠને ગંભીર દુષ્કાળની આશંકા વ્યક્ત કરી છે. તેણે ભારત સહિત તમામ પ્રભાવિત દેશોની સરકારો, કૃષિ, સ્વાસ્થ્ય, ઊર્જા વિભાગોને યુદ્ધના ધોરણે તૈયાર રહેવા જણાવ્યું છે. સમયસર મળેલી સચોટ ચેતવણી અને પૂર્વ-તૈયારીથી જ લાખો લોકોના જીવ બચી શકે છે. આ પહેલા વર્ષ ૨૦૨૩-૨૪નો અલ નીનો ઇતિહાસના પાંચ સૌથી શક્તિશાળી સમયગાળામાં સામેલ હતો, જેણે ૨૦૨૪માં વૈશ્વિક તાપમાનના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા.



### અલનીનો શું છે ?

પ્રશાંત મહાસાગરના વિષુવવૃત્તીય ક્ષેત્રમાં જ્યારે દરિયાઈ પવનો નબળા પડે છે, ત્યારે દક્ષિણ અમેરિકી તટનું પાણી અસામાન્ય રીતે ગરમ થવા લાગે છે. સમુદ્રના પાણીના ગરમ થવાને અલ નીનો કહે છે. તે વૈશ્વિક પવનો અને વાદળોની પેટર્નને બદલીને દુનિયાભરના હવામાનને અસ્તવ્યસ્ત કરી દે છે. ભારતના દક્ષિણ-પશ્ચિમ ચોમાસા પર અલ નીનોની સીધી અસર પડે છેતેના પ્રભાવથી ચોમાસાના વરસાદમાં ઘટાડો થવાની સંભાવના રહે છે. અલ નીનો સક્રિય હોય તેવા વર્ષોમાં ભારતમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ કે દુષ્કાળની સ્થિતિ સર્જાવાની શક્યતા વધી જાય. અલ નીનોના વર્ષો સામાન્ય રીતે એક દાયકામાં સૌથી ગરમ વર્ષો સાબિત થાય છે અને આકરી ગરમી તથા હીટવેવની સમસ્યા વધે છે

# યુદ્ધની અસર: મોંઘવારી બેકાબુ; પ્રજાની કમર તૂટશે?

## સપ્લાય ચેઈન તૂટતા

## ડ્રાયફ્રૂટમાં 25%નો વધારો



સિટી ન્યૂઝ@નવી દિલ્હી

તહેવારોની સીઝન શરૂ થવામાં હજુ થોડો સમય બાકી છે, પરંતુ ડ્રાયફ્રૂટ બજારમાં હાલચલ તેજ બની ગઈ છે. વેપાર સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે આ વર્ષે દિવાળી અને અન્ય તહેવારો દરમિયાન પિસ્તા, બદામ, અંજીર, ખજૂર અને અન્ય ડ્રાયફ્રૂટ્સની કિંમતો ગ્રાહકોનાં ખિસ્સાં પર ભાર મૂકે એવી શક્યતા છે. જોકે તેનું સૌથી મોટું કારણ પશ્ચિમ એશિયામાં સર્જાયેલી પરિસ્થિતિઓ છે.ઈરાન અને અફઘાનિસ્તાન જેવા દેશોમાંથી ભારત મોટી માત્રામાં ડ્રાયફ્રૂટ્સ આયાત કરે છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી ત્યાં વધેલા તણાવપૂર્ણ વાતાવરણ અને યુદ્ધ જેવી સ્થિતિઓએ સપ્લાય ચેઈનને ગંભીર રીતે અસર કરી છે. ડ્રાયફ્રૂટ વેપાર સાથે જોડાયેલા નિષ્ણાતોનું કહેવું છે કે સમસ્યા માત્ર માલની અછતની નથી. શિપિંગ, પરિવહન, વીમા, ફ્રેટ ચાર્જ અને યુદ્ધ સંબંધિત વધારાના ખર્ચને કારણે સમગ્ર સપ્લાય ચેઈન મોંઘી બની ગઈ છે. તેની સીધી અસર બજારમાં કિંમતો પર જોવા મળી રહી છે.વેપારીઓના જણાવ્યા મુજબ પહેલાં અફઘાનિસ્તાન અને ઈરાનમાંથી ડ્રાયફ્રૂટ્સ સરળતાથી ભારત પહોંચી જતા હતા, પરંતુ હવે ઘણા માર્ગો પ્રભાવિત થયા છે. અફઘાનિસ્તાનથી આવતો માલ પહેલેથી જ અનેક અવરોધોનો સામનો કરી રહ્યો હતો.



## રેટિંગ એજન્સી ક્રિસિલનો દાવો

## પેટ્રોલ-ડીઝલ અઢી રૂપિયા મોંઘુ થશે

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની વધતી કિંમતો વચ્ચે ભારતમાં તેલ કંપનીઓ પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ૨.૫ રૂપિયા સુધીનો વધારો કરી શકે છે. હાલમાં દેશમાં ૧૫ મેથી અત્યાર સુધી પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં આશરે ૭.૫ પ્રતિ લિટરનો વધારો થયો છે.રેટિંગ એજન્સી ક્રિસિલે મંગળવારે (૨ જૂન) તેના રિપોર્ટમાં દાવો કર્યો હતો કે, જો ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમતો આ જ રીતે વધતી રહેશે, તો તેલ કંપનીઓ પોતાનું નુકસાન ઘટાડવા માટે આવનારા દિવસોમાં કુલ વધારાને ૧૦ પ્રતિ લિટર સુધી લઈ જઈ શકે છે. રિપોર્ટ અનુસાર, ફ્યુઅલની કિંમતોમાં ૭.૫ પ્રતિ લિટરનો આ વધારો સીધો જ છૂટક મોંઘવારીમાં લગભગ ૩૬ બેસિસ પોઈન્ટ્સ (૦.૩૬%) ઉમેરી શકે છે. જ્યારે, જો આ વધારો ૧૦ પ્રતિ લિટર સુધી પહોંચે છે, તો મોંઘવારી પર તેની અસર વધીને લગભગ ૪૮ બેસિસ પોઈન્ટ્સ (૦.૪૮%) થઈ જશે. રિપોર્ટ મુજબ, ઈંધણ મોંઘું થવાથી ટ્રાન્સપોર્ટેશન, લોજિસ્ટિક્સ અને મેન્યુફેક્ચરિંગ કોસ્ટ વધશે, જેની સીધી અસર આવનારા મહિનાઓમાં ખાવા-પીવાની વસ્તુઓ અને રોજિંદા કન્ઝ્યુમર ગુડ્સ પર દેખાશે. આ વધારાનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં થતી વધઘટ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ શરૂ થાય તે પહેલા ક્રૂડ ઓઈલના ભાવ ૭૦ ડોલર હતા, જે હવે વધીને ૧૦૦ ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગયા છે. ક્રૂડના ભાવ વધવાને કારણે તેલ કંપનીઓ દબાણમાં હતી. તેથી, કંપનીઓએ નુકસાન ભરપાઈ કરવા માટે આ પગલું ભર્યું છે.

## કેમિકલ, ફાર્મા ઉદ્યોગ પર મોટું સંકટ

## દવાઓમાં હજુ ભાવ વધશે

## સલ્ફ્યૂરિક એસિડના ભાવમાં 195%નો તોતિંગ ભાવ વધારો

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

ગુજરાત અને દેશના ફાર્માસ્યુટિકલ તેમજ કેમિકલ ઉદ્યોગ પર હાલ મંદીના કાળા વાદળો ઘેરાયા છે. કાચા માલ તરીકે વપરાતા સલ્ફરની નિકાસમાં અચાનક મોટો ઉછાળો આવતા સ્થાનિક બજારમાં તેની ભારે અછત સર્જાઈ છે. આ અછતના કારણે કેમિકલ અને દવા બનાવવાના એકમો માટે એક નવું આર્થિક સંકટ ઊભું થયું છે, જેના લીધે આગામી દિવસોમાં દવાઓના ઉત્પાદન પર માઠી અસર થવાની ભીતિ સેવાઈ રહી છે. ભારતના મોટા ઉદ્યોગો દ્વારા સલ્ફર અને સલ્ફ્યુરિક એસિડની મોટા પાયે નિકાસ કરવામાં આવી રહી છે, જેને કારણે સ્થાનિક સ્તરે આ કાચા માલની કિંમતો રોકેટ ગતિએ વધી રહી છે. સલ્ફ્યુરિક એસિડના ભાવ રૂ. ૩૬,000 થી વધીને સીધા રૂ. ૧.0૪ લાખ પ્રતિ ટન સુધી પહોંચી ગયા છે. કિંમતોમાં આવેલો આ અંદાજે ૧૯૫% નો તોતિંગ વધારો નાના અને મધ્યમ કક્ષાના કેમિકલ એકમો માટે અસહ્ય બની ગયો છે. ડાયાબિટીસની દવાઓ અને ડાઈઝ બનાવતા એકમો મુશ્કેલીમાંસલ્ફરના આસમાની ભાવ અને અછતના બેવડા મારના કારણે ખાસ કરીને કેમિકલ ઉદ્યોગમાં ડાઈઝ બનાવતા એકમો અને ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં ડાયાબિટીસ જેવી ગંભીર બીમારીઓની દવાઓ બનાવતા એકમો પર મંદીનો મોટો ખતરો મંડરાઈ રહ્યો છે. જો આ કાચા માલની કિંમતો પર કાબૂ નહીં મેળવવામાં આવે, તો બજારમાં જરૂરી દવાઓની અછત સર્જાઈ શકે છે અને ઉત્પાદન ખર્ચ વધતા દવાઓ મોંઘી થવાની પણ પૂરેપૂરી શક્યતા છે.

### Fwiceની પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત

# રણવીર સિંહ ઉપરનો બેન હટાવ્યો

**25મે એ Fwiceએ રણવીર સિંહ વિરૂધ્ધ રણવીરને કોઈ પણ પ્રોજેક્ટમાં કામ ન કરવા કહ્યું હતું : આજે યૂ ટર્ન**



**સિટી ન્યૂઝ@મુંબઈ**

ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઇઝ (FWICE) એ રણવીર સિંહ વિરુદ્ધ જારી કરાયેલ નોન-કોઓપરેશન ડાયરેક્ટિવને તાત્કાલિક અસરથી પાછું ખેંચવાની જાહેરાત કરી છે. બુધવારે FWICE એ પ્રેસ કોન્ફરન્સ બાદ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે ઇન્ડિયન મોશન પિક્ચર પ્રોડ્યુસર્સ એસોસિએશનના હસ્તક્ષેપ અને અપીલ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સંગઠને જણાવ્યું હતું કે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં એકતા, સહયોગ અને સૌહાર્દ જાળવી રાખવું સૌથી જરૂરી છે. આ જ ઉદ્દેશ્યથી મામલાને વાતચીત અને પરસ્પર સમજણ દ્વારા ઉકેલવાનો નિર્ણય લેવામાં આવ્યો.

FWICEના સલાહકાર અશોક પંડિતે જણાવ્યું હતું કે FWICE એ ક્યારેય રણવીર સિંહ પર પ્રતિબંધ લગાવ્યો નહોતો. તેમણે મીડિયાને અપીલ કરી કે આ મામલાને પ્રતિબંધ તરીકે રજૂ ન કરવામાં આવે, કારણ કે તેનાથી ગેરસમજ ઊભી થાય છે.

અશોક પંડિતે કહ્યું કે FWICE પાસે કોઈને પ્રતિબંધિત કરવાનો અધિકાર નથી. સંગઠન ફક્ત "નોન-કોઓપરેશન" એટલે કે સહયોગ ન કરવાનો નિર્ણય લઈ શકે છે. તેમના મતે, આ એક લોકતાંત્રિક અધિકાર છે કે કોઈ ટેકનિશિયન, વર્કર, નિર્માતા કે કલાકાર કોઈ વ્યક્તિ સાથે કામ કરવા માંગે છે કે નહીં. FWICEએ ૨૫ મે ૨૦૨૬ ના રોજ રણવીર સિંહ વિરુદ્ધ નોન-કોઓપરેશન જારી કર્યું હતું, જેના હેઠળ સંસ્થાએ તેના તમામ સભ્યોને રણવીરના કોઈપણ પ્રોજેક્ટમાં કામ ન કરવા જણાવ્યું હતું.



# કોકટેલ 2માં રશ્મિકા અને કૃતિ લેસ્બિયન કપલ?

**સિટી ન્યૂઝ@મુંબઈ**

છેલ્લા કેટલાક મહિનાઓથી, કૃતિ સેનન, રશ્મિકા મંદાના અને શાહિદ કપૂર અભિનીત ફિલ્મ 'કોકટેલ ૨'ની વાર્તા અંગે વિવિધ અટકળો ફેલાઈ રહી છે. અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે કૃતિ સેનન અને રશ્મિકા મંદાના ફિલ્મમાં લેસ્બિયન કપલનું પાત્ર ભજવી શકે છે. હવે, ફિલ્મના ટ્રેલર લૉન્ચ ઇવેન્ટમાં, કૃતિ સેનન અને ફિલ્મ નિર્માતાઓ બન્નેએ આ અફવાઓ પર સ્પષ્ટતા કરી છે.

મંગળવાર, ૨ જૂનના રોજ મુંબઇમાં આયોજિત ટ્રેલર લૉન્ચ ઇવેન્ટમાં, કૃતિ સેનને ફિલ્મની કેટલીક ચર્ચાઓને પર વાત કરી. તેને કહ્યું, "તે ખરેખર દુખદ છે કારણ કે, જેમ દિનેશ વિજાને કહ્યું હતું કે, જો બે છોકરાઓ હોય, તો તે 'બ્રોમાન્સ' બની જાય છે; પરંતુ જો બે છોકરીઓ હોય, તો કોઈક રીતે લોકો એવું માનવા માગતા નથી કે તેઓ ફક્ત મિત્રો હોઈ શકે છે. તેઓ ધારે છે કે કાં તો તેમની વચ્ચે કોઈ દુશ્મનાવટ છે, અથવા કંઈક બીજું ચાલી રહ્યું છે." કૃતિના નિવેદન પછી, દિગ્દર્શક હોમી અડાજાનિયાએ પણ આ વિષય પર ભાર મૂક્યો. તેણે નોંધ્યું કે સ્ક્રીનની બહાર, કૃતિ અને રશ્મિકા સારા મિત્રો છે અને તેમને એકબીજા સાથે સમય વિતાવવો ગમે છે. આ સંદર્ભમાં, તેણે ઉલ્લેખ કર્યો કે તેણે ફક્ત એક કાલ્પનિક વિચાર કર્યો હતો.

### 200 કરોડના મની લૉન્ડરિંગ કેસમાં

# જેકલીન કોર્ટમાં હાજર થઈ



**ઠગ સૂકેશ સાથે સંડોવણીના આરોપો પાયાવિહોણા ગણાવ્યા**

**સિટી ન્યૂઝ@મુંબઈ**

બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિસ ૨૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં બુધવારે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં હાજર થઈ. કોર્ટમાં સુનાવણી દરમિયાન એક્ટ્રેસે પોતાના પર લાગેલા તમામ આરોપોને સંપૂર્ણપણે ખોટા ગણાવ્યા અને તેને ફગાવી દીધા. કોર્ટની કાર્યવાહી પૂરી થતાં જ જેકલીન સીધી પરિસરમાંથી બહાર નીકળીને રવાના થઈ ગઈ. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) આ કેસમાં મુખ્ય આરોપી સુકેશ ચંદ્રશેખર સાથે જેકલીનની ભૂમિકા અને પૈસાની લેવડદેવડની તપાસ કરી રહ્યું છે. કોર્ટમાં આરોપોને ફગાવ્યા જેકલીન ફર્નાન્ડિસ બુધવારે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટ પહોંચી હતી. કોર્ટમાં તેની વિરુદ્ધ નક્કી કરવામાં આવી રહેલા આરોપો અંગે દલીલ થઈ.


### કર્ણાટકમાં પાવર શિફ્ટ

# ડી કે શિવકુમાર CM બન્યા; બંધારણ સાથે અનોખા શપથ

## જી પરમેશ્વર નાયબ મુખ્યમંત્રી બન્યાઃ સિદ્ધારમૈયાના પુત્ર સહિત 12 મંત્રી શપથ લેશે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ડીકે શિવકુમારે બુધવારે બેંગલુરુના લોક ભવનમાં કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. શિવકુમારને ૩૦ મેના રોજ કોંગ્રેસ ધારાસભ્ય દળની બેઠકમાં નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેઓ સિદ્ધારમૈયાની જગ્યાએ રાજ્યની કમાન સંભાળશે.તેમના ઉપરાંત, જી પરમેશ્વરે નવા નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. શિવકુમાર સાથે ૧૩ ધારાસભ્યો પણ શપથ લીધા છે. તેમાં પૂર્વ સીએમ સિદ્ધારમૈયાના એમએલસી પુત્ર યતીન્દ્ર સિદ્ધારમૈયાનો પણ સમાવેશ થાય છે.સૂત્રો અનુસાર, નવી કેબિનેટમાં સિદ્ધારમૈયા અને



કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પુત્રો પણ સામેલ થઈ શકે છે. ૪ નાયબ મુખ્યમંત્રી પણ બનાવી શકાય છે. વર્તમાન કેબિનેટમાંથી ૧૦ મંત્રીઓને હટાવી શકાય છે. શપથ ગ્રહણ સમારોહમાં રાહુલ ગાંધી, ખડગે ઉપરાંત કેરળ, હિમાચલ પ્રદેશ, તેલંગાણાના કોંગ્રેસ મુખ્યમંત્રીઓ સામેલ થશે. તમિલનાડુ અને ઝારખંડના મુખ્યમંત્રીઓ પણ આવશે. આ તરફ, શપથ ગ્રહણના બરાબર એક દિવસ પહેલા સિદ્ધારમૈયાને કોંગ્રેસ કાર્ય સમિતિના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

### સોનીબજારમાં ગયા અઠવાડિયે આગ લાગી'તી

# આગ બાદ જાગી મનપાએ દિયા ગોલ્ડ પોલિસીંગ સીલ

## ગેરકાયદેસર બાંધકામ હોવાથી કડક નિર્ણય લેતી રાજકોટ મહાપાલિકા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

રાજકોટ મનપા દ્વારા સોનીબજારમાં આવેલ દિયા ગોલ્ડ પોલિસીંગ નામની મિલકતને સીલ કરવાની કડક કાર્યવાહી કરવામાં આવી છે, જ્યાં ગત અઠવાડિયે રાત્રિના સમયે અચાનક આગ લાગી હતી. ટાઉન પ્લાનર એચ.એમ. સોરઠિયાના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ કામગીરીમાં મિલકતના માલિક સંજયભાઈ લુવા દ્વારા વાણિજ્ય હેતુ માટે કરવામાં આવેલું અનઅધિકૃત અને ગેરકાયદેસર બાંધકામ સીલ કરીને નોટિસ લગાવી દેવામાં આવી છે.સેન્ટ્રલ ઝોનના ટાઉન પ્લાનિંગ સ્ટાફની પ્રત્યક્ષ હાજરીમાં આ સીલિંગની વહીવટી પ્રક્રિયા પૂર્ણ



કરવામાં આવી હતી. જોકે તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ કાર્યવાહી દરમિયાન મિલકતની અંદર રહેલો કોઈપણ માલ સામાન જપ્ત કરવામાં આવ્યો નથી.પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના સોનીબજાર વિસ્તારમાં ગત અઠવાડિયે દિયા ગોલ્ડ પોલિસીંગ નામના એકમમાં મોડી રાત્રિના સમયે અચાનક ભયાનક આગ લાગવાની ઘટના સામે આવી હતી. આ આગના બનાવને પગલે સ્થાનિક વહીવટી તંત્ર અને રાજકોટ મહાનગરપાલિકાની ટીમ દોડતી થઈ ગઈ હતી.આગની આ ગંભીર ઘટના બાદ મહાપાલિકા દ્વારા આ મિલકત સામે કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આ મિલકતમાં નિયમોનું ઉલ્લંઘન કરીને બાંધકામ કરવામાં આવ્યું હતું, જેના કારણે તંત્ર દ્વારા કડક પગલાં લેવાની દિશામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા સેન્ટ્રલ ઝોન કચેરી હેઠળના વિસ્તારમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ટાઉન પ્લાનર એચ.એમ.સોરઠિયાના સીધા માર્ગદર્શન હેઠળ સોનીબજાર મેઈન રોડને લાગુ દેરાસરવાળી શેરીમાં આવેલી દિયા ગોલ્ડ પોલિસીંગ નામની મિલકતને સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવી છે. સંજય લુવા નામના માલિકની આ મિલકત વાણિજ્ય (કોમર્શિયલ) હેતુ માટે ઉપયોગમાં લેવાતી હતી, જેમાં મોટાપાયે અનઅધિકૃત બાંધકામ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. ટાઉન પ્લાનિંગ શાખાના સ્ટાફ દ્વારા સ્થળ પર પહોંચીને મિલકતને સીલ મારવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ત્યાં નોટિસ પણ લગાવી દેવામાં આવી છે.

**પંજાબની સિધ્ધિ સામે ગુજરાત નિષ્ફળ : આપ**

# દેશમાં પંજાબ શિક્ષણમાં નંબર-1 રાજ્ય જાહેર

## પંજાબ કરી શકે તો ગુજરાત કેમ નહીં : મનોજ સોરઠિયા



**સિટી ન્યૂઝ@અમૃતસર**

કેન્દ્ર સરકારના નીતિ આયોગ દ્વારા પંજાબને શિક્ષણ ક્ષેત્રે વિકાસ પામતું દેશનું નંબર-૧ રાજ્ય જાહેર કરવામાં આવતા આમ આદમી પાર્ટી (AAP) ગુજરાતે ખુશી વ્યક્ત કરી છે. પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ પંજાબની ભગવંત માન સરકાર અને શિક્ષણ મંત્રી હરજોત સિંહ બૈંસને અભિનંદન પાઠવતા ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા અંગે પણ સવાલો ઉઠાવ્યા છે.

મનોજ સોરઠીયાએ જણાવ્યું કે, કોઈપણ મહાન રાષ્ટ્રનું નિર્માણ તેની શિક્ષણ વ્યવસ્થા પર આધારિત હોય છે. દેશમાં એક તરફ પેપર લીકની ઘટનાઓથી વિદ્યાર્થીઓ પરેશાન થઈ રહ્યા છે અને શિક્ષણની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે, ત્યારે પંજાબમાંથી આવેલા આ સારા સમાચાર સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ છે.

તેમણે કહ્યું કે, દિલ્હી બાદ હવે પંજાબમાં પણ આમ આદમી પાર્ટીની સરકારે શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર સુધારા કરીને દેશભરમાં એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે. પંજાબને શિક્ષણ ક્ષેત્રે નંબર-૧ રાજ્ય જાહેર થવું એ રાજ્ય સરકારની શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પરિણામ છે.

સોરઠીયાએ ગુજરાત સરકારને સીધો સવાલ કરતાં કહ્યું કે, જો પંજાબમાં સરકારી શાળાઓનું સ્તર ઊંચું લઈ જઈ શકાય છે તો ગુજરાતમાં કેમ નહીં? રાજ્યની સરકારી શિક્ષણ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા અને શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા સરકાર ગંભીરતાથી પ્રયાસ કરે તેવી જરૂર છે. તેમણે જણાવ્યું કે, શિક્ષણ ક્ષેત્રે સુધારા અને વિકાસ દેશના ભવિષ્ય માટે અત્યંત મહત્વના છે. તમામ રાજ્યોમાં શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે અને વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણની તક મળે તે સમયની માંગ છે. આ સાથે તેમણે પંજાબના નાગરિકો, આમ આદમી પાર્ટીના કાર્યકરો તેમજ રાજ્ય સરકારને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

**CBSE અધિકારીઓને હટાવવાથી પ્રશ્ન નહી ઉકલે**


# પરીક્ષા વ્યવસ્થાની ગેરરિતીઓ પર શિક્ષણ મંત્રી ક્યારે હટાવાશે : ગોપાલ રાય

**સિટી ન્યૂઝ@અમૃતસર**

કેન્દ્ર સરકારે પરીક્ષાના સંચાલન અને મૂલ્યાંકન પ્રક્રિયામાં રહેલી ટેકનિકલ તથા વ્યવહારુ ખામીઓ માટે જવાબદારી નક્કી કરતાં CBSEના ચેરમેન રાહુલ સિંહ અને સચિવ હિમાંશુ ગુપ્તાની તાત્કાલિક અસરથી બદલી કરી. આ મામલે આમ આદમી પાર્ટી ગુજરાત પ્રભારી ગોપાલ રાયએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતુ કે આજે સમાચાર આવ્યા છે કે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર સરકારમાં ધોરણ ૧૨ની CBSE બોર્ડની પરીક્ષા બાદ જે રીતે ઉત્તરવહીઓના પાનાંની અદલાબદલી થઈ હતી, તેની જવાબદારી નિર્ધારિત કરતાં CBSEના ચેરમેન અને સેક્રેટરીને હટાવી દેવામાં આવ્યા છે. પરંતુ શું માત્ર CBSEના ચેરમેન અને સેક્રેટરીને હટાવી દેવાથી જવાબદારીઓ પૂર્ણ થઈ જાય છે? CBSEના ચેરમેનને હટાવી દેવામાં આવ્યા, સેક્રેટરીને હટાવી દેવામાં આવ્યા. પરંતુ NEETમાં થયેલી ગેરરીતિઓ માટે જવાબદાર લોકો કોણ છે? SSCમાં જે પ્રકારની અવ્યવસ્થા ફેલાઈ તેના જવાબદાર કોણ છે? અને હાલમાં કેન્દ્રીય

**પરીક્ષા વ્યવસ્થામાં ગરબડ પર સરકાર કેટલો સમય મૌન રહેશેઃ આપના આક્ષેપ**

યુનિવર્સિટીઓની પ્રવેશ પરીક્ષા CUETમાં જે અફરાતફરી મચી છે તેના માટે જવાબદાર કોણ છે? આપ ગુજરાત પ્રભારી ગોપાલ રાયએ વધુમાં જણાવ્યું હતુ કે આખો દેશ જ્યારે પ્રશ્ન પૂછે છે, આખો દેશ જ્યારે માંગ કરી રહ્યો છે કે શિક્ષણ વ્યવસ્થા સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ રહી છે, ત્યારે સરકાર માત્ર લીપાપોતી કરી રહી છે. આજે પરીક્ષાના પ્રશ્નપત્રો પહોંચાડવા માટે સેનાના જવાનોને બોલાવવા પડે છે, વાયુસેનાના હેલિકોપ્ટરોનો ઉપયોગ કરવો પડે છે. આવી પરિસ્થિતિમાં જ્યારે સમગ્ર દેશ શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરી રહ્યો છે, ત્યારે સરકાર જવાબદારી સ્વીકારવાને બદલે માત્ર દેખાવ પૂરતી કાર્યવાહી કરી રહી છે. દેશ જાણવા માંગે છે કે વડાપ્રધાન હજુ કેટલો સમય મૌન રહેશે? અને આ તમામ ગેરવ્યવસ્થાઓ માટે જવાબદાર શિક્ષણ મંત્રીને ક્યારે હટાવવામાં આવશે? આ દેશ જાણવા માંગે છે. સમગ્ર દેશ તેમના જવાબની રાહ જોઈ રહ્યો છે.





# 5 જૂને PM મોદી સૂરતમાં


**સિટી ન્યૂઝ@સુરત**

આગામી ૫મી જૂનના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક દિવસીય સુરત મુલાકાતને લઈને ડાયમંડ સિટીમાં રાજકીય ગરમાવો આવી ગયો છે.પીએમના સ્વાગત માટે સુરત મહાનગર પાલિકા અને જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.જો કે,આ મુલાકાતની સીધી અસર સુરત મહાનગરપાલિકાના સ્થાનિક વહીવટ પર પડી છે.વડાપ્રધાનના કાર્યક્રમની વ્યસ્તતાને પગલે મનપાની આગામી સામાન્ય સભા નિર્ધારિત સમય કરતાં પાછી ઠેલાઈ ગઈ છે,જેના કારણે મનપાની વિવિધ ૧૨ મહત્વની સમિતિઓની રચના અને તેના પદાધિકારીઓની નિમણૂંકનું કોકડું હાલના તબક્કે ગૂંચવાયું છે. વડાપ્રધાનના કાર્યક્રમને આખરી ઓપ આપવા અને તેને અભૂતપૂર્વ રીતે સફળ બનાવવા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એક મહત્વની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.તેમની સાથે જિલ્લા કલેક્ટર,મ્યુનિસિપલ કમિશનર,શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો તેમજ સ્થાનિક ધારાસભ્યો અને મનપાના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.બેઠકમાં વડાપ્રધાનના રૂટ,સુરક્ષા વ્યવસ્થા,સ્ટેજ મેનેજમેન્ટ અને સભામાં ઉમટનારી જનમેદનીને લઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી.કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે અધિકારીઓને પ્રોટોકોલ જાળવવા અને કાર્યક્રમમાં કોઈ ખામી ન રહી જાય તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫ જૂનના રોજ બપોરે ૨:૦૦ કલાકે વિશેષ વિમાન મારફતે સુરત એરપોર્ટ પર આવી પહોંચશે.એરપોર્ટ પર તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.એરપોર્ટથી તેઓ સીધા હજીરામાં ઔદ્યોગિક પ્લાન્ટની મુલાકાત લેવા માટે રવાના થશે.હજીરામાં પ્રોજેક્ટની સમીક્ષા કર્યા બાદ તેઓ શહેર તરફ પરત ફરશે.,સાંજે ૪:૦૦ કલાકે વડાપ્રધાન સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં આઈકોનિક ઈન્ડોર સ્ટેડિયમ ખાતે પહોંચશે.અહીં તેઓ એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરશે,જેમાં હજારોની સંખ્યામાં લોકો અને પક્ષના કાર્યકરો ઉપસ્થિત રહેશે.

### DGCAના નવા નિયમો લાગુ, હવે વીડિયો બનાવતાં દંડથી લઈને નો-ફ્લાય લિસ્ટ સુધીની કાર્યવાહી

# એરપોર્ટ પર રીલ-વ્લોગ બનાવનારા સાવધાન !

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**



જો તમે એરપોર્ટ પર ટ્રાવેલ વ્લોગ, રીલ અથવા શોર્ટ બનાવવાનું વિચારી રહ્યા છો, તો આવું કરતા પહેલા તમારે કેટલાક નિયમો જાણવાની જરૂર છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનએ સમગ્ર ભારતમાં સંવેદનશીલ એરપોર્ટ વિસ્તારોમાં અનધિકૃત ફોટોગ્રાફી અને વિડિયો રેકોર્ડિંગ સામે કડક નિયમો લાગુ કર્યા છે. મુસાફરોમાં મુસાફરી દરમિયાન સોશિયલ મીડિયા સામગ્રી બનાવવાના વધતા વલણને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે, જે ઘણીવાર અજાણતાં સુરક્ષા સંબંધિત માહિતી રેકોર્ડ કરે છે.

નવી માર્ગદર્શિકા હેઠળ, આ નિયમોનું ઉલ્લંઘન કરનારા મુસાફરોને દંડનો સામનો કરવો પડી શકે છે, તેમના ઉપકરણો જપ્ત કરવામાં આવી શકે છે અને ગંભીર કિસ્સાઓમાં, તેમને હવાઈ મુસાફરીથી પણ પ્રતિબંધિત કરવામાં આવી શકે છે.

ઉડ્ડયન નિયમનકારે મુસાફરો અને મુલાકાતીઓને પૂર્વ પરવાનગી વિના એરપોર્ટના ઘણા પ્રતિબંધિત વિસ્તારોમાં ફોટા કે વિડિયો લેવાની મનાઈ ફરમાવી છે. જેમાં સુરક્ષા ચેકપોઈન્ટ, બોર્ડિંગ ગેટ, રનવે બસ, એરક્રાફ્ટ હેન્ડલિંગ ઝોન, એરપોર્ટ એપ્રોન અને અન્ય સંવેદનશીલ વિસ્તારોનો સમાવેશ થાય છે. અધિકારીઓનું કહેવું છે કે, આનો હેતુ સુરક્ષા વ્યવસ્થા, દેખરેખ પ્રણાલી અને એરપોર્ટ કામગીરીને ઓનલાઈન રેકોર્ડ અને શેર કરવાથી અટકાવવાનો છે.

માર્ગદર્શિકા અનુસાર, જે મુસાફરો વારંવાર નિયમોનું ઉલ્લંઘન કરે છે અથવા સંવેદનશીલ સુરક્ષા સંબંધિત સામગ્રી રેકોર્ડ કરે છે તેમને ગંભીર પરિણામોનો સામનો કરવો પડી શકે છે. આત્યંતિક કિસ્સાઓમાં, ઉલ્લંઘનની ગંભીરતાના આધારે, એરપોર્ટ અધિકારીઓ ભલામણ કરી શકે છે કે મુસાફરનું નામ DGCAની નો-ફ્લાય લિસ્ટમાં મૂકવામાં આવે. મુસાફરને હવાઈ મુસાફરીથી અસ્થાયી અથવા કાયમી ધોરણે પ્રતિબંધિત કરવામાં આવી શકે છે.

### સરકાર બદલી રહી છે નિયમો

# ટોલનાકે VIP રૌબ ખતમ

**» સરકારી અધિકારીઓને પણ ચૂકવવો પડશે ટેક્સ**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**




દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર મુસાફરો માટે ટૂંક સમયમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. સરકાર એવા વાહનોને નિયંત્રિત કરતા નિયમોની સમીક્ષા કરી રહી છે જે હાલમાં ટોલ પ્લાઝા ટેક્સ ચૂકવવાની જરૂર નથી. આ ફેરફારનો અર્થ એ થઈ શકે છે કે ઘણા સરકારી વાહનો અને અધિકારીઓ જેમણે અગાઉ આ વિશેષાધિકારનો આનંદ માણ્યો હતો તેમને પણ ટોલ ચૂકવવાની જરૂર પડશે.

વર્તમાન સિસ્ટમ હેઠળ, ચોક્કસ વ્યક્તિઓ અને વાહનોને ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે. આમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન, રાજ્યપાલો, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો, સંસદ સભ્યો અને કેટલાક વરિષ્ઠ સરકારી અધિકારીઓના વાહનોનો સમાવેશ થાય છે. વધુમાં, ઘણા સરકારી વિભાગોના વાહનો પણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ટોલ ચૂકવ્યા વિના મુસાફરી કરે છે. સિસ્ટમ વર્ષોથી ચાલી રહી છે. પરંતુ હવે સરકાર સમગ્ર સિસ્ટમ પર પુનર્વિચાર કરવાનું વિચારી રહી છે. સરકાર દ્વારા રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ માર્ગ પરિવહન મંત્રાલયને સૂચન કર્યું છે કે ટોલ-મુક્ત વાહનોની યાદી દૂર કરવામાં આવે અથવા નોંધપાત્ર રીતે ઘટાડવામાં આવે. વડા પ્રધાન, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભા સ્પીકર, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયાધીશો, કેન્દ્રીય મંત્રીઓ, સાંસદો, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ, પોલીસ, અર્ધલશ્કરી દળો અને કૃષિ માલસામાન વહન કરતા ટ્રકોને ટોલમાંથી મુક્તિ આપવામાં આવશે.

# પાળેલી મરઘીઓ સાથે પતિ શારિરીક સબંધ બનાવતો

## પત્ની વીડિયો ઉતારતી



**સિટી ન્યૂઝ@બ્રિટન**

બ્રિટનમાં રહેતા એક પાકિસ્તાનીની કરતૂતો ઉજાગર થયા પછી કોર્ટ પણ ચોંકી ગઈ હતી અને તેને ત્રણ વર્ષની જેલની સજા સંભળાવી હતી. વાત એમ છે કે બ્રિટનના બ્રેડફર્ડ શહેરમાં રહેતા રેહાન બેગ નામના એક યુવક પર મરઘીઓનું જાતીય શોષણ કરવાનો આરોપ લાગ્યો છે. પોલીસને તપાસ દરમ્યાન તેના અને તેની પત્નીના મોબાઈલમાં આ હિચકારું કૃત્ય કરતા અનેક વિડિયો મળી આવ્યા હતા. સૌથી હેરાન કરનારી વાત એ હતી કે રેહાન જ્યારે તેની પાળેલી મરઘીઓ સાથે જાતીય સંબંધ બાંધતો ત્યારે એનું રેકૉર્ડિંગ તેની પત્ની જ કરતી હતી. રેહાન તેની મરઘીઓને ફૅમિલી-પેટ્સ કહેતો હતો, પણ તેના ઈરાદા ખૂબ અશ્ળીલ હતા. તે લાંબા સમયથી મરઘીઓ સાથે આ કામ કરતો હતો, પરંતુ પાડોશીઓ અને પરિચિતોને એની ભનક પણ નહોતી આવવા દીધી. તેના આ કૃત્ય વિશે પોલીસને કોણે ટિપ આપી એ વિશે કોઈ ખુલાસો થયો નથી. જોકે રેહાનના ઘરે છાપો મારીને તેના મોબાઈલ ફંફોસતાં તરત જ એના બોલતા પુરાવાઓ મળી જતાં તરત જ તેના પર પ્રાણીઓ પર ક્રૂરતા કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. સ્થાનિક કોર્ટે તેને ત્રણ વર્ષની સખત જેલની સજા સંભળાવી છે.



**પ્રાણીઓ પર ક્રૂરતા કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. સ્થાનિક કોર્ટે તેને ત્રણ વર્ષની સખત જેલની સજા સંભળાવી**



# સુંદર દેખાવા પાંપણની સર્જરી કરી

# ગરબડ થતાં હવે 24 કલાક આંખ ખૂલ્લી રહે છે

**સિટી ન્યૂઝ@ચાઈના**

ચીનમાં એક મહિલાની ખૂબસૂરત દેખાવાની ઘેલછા તેને જબરી મોંઘી પડી છે. તેણે ડબલ આઈલિડ સર્જરી કરાવી હતી. એમાં તેણે પાંપણ લાંબી કરાવવાની પ્રોસીજર કરાવી હતી. જોકે મેડિકલ લાપરવાહીને કારણે તેની આંખો પૂરી બંધ થઈ શકતી નથી. એને કારણે રાતે પણ તેણે અધખુલ્લી આંખે સૂવું પડે છે. જિયાંગ્સુ પ્રાંતમાં એક કૉસ્મેટિક ક્લિનિકમાં વાંગ નામની મહિલાએ ૬ વર્ષ પહેલાં ૧.૭ લાખ રૂપિયાના ખર્ચે પાંપણ લાંબી કરવાની સર્જરી કરાવી હતી.તેને હતું કે પાંપણ મોટી હશે તો તેની આંખો મોટી અને સારી દેખાશે. જોકે પાંપણ લગાવવાથી તેનાં પોપચાંમાં ભારે સોજો આવી ગયો. સોજાને કારણે પાંપણ બહારની તરફ વળી ગઈ. એને કારણે હવે તે પાંપણ નીચે ઢાળે તો પણ આંખ પૂરી બંધ નથી થતી. આંખ બંધ ન થાય તો સતત ડ્રાયનેસ વધી જાય છે અને ડ્રાયનેસને કારણે આંખમાંથી પાણી વહે છે. સામાન્ય રીતે એક મિનિટમાં વ્યક્તિ સેંકડો વાર પલકારો મારે છે અને એ વખતે આંખો ઝપકતી હોય છે. આંખ ઝપકવાની ક્રિયા સાથે આંખની બહારની સફેદ સપાટીને હાઈડ્રેટ કરતાં સ્રાવો ઝરે છે. જોકે વાંગના કેસમાં આંખ બંધ ન થતી હોવાથી આંખને ડ્રાયનેસથી બચાવતાં કેમિકલ્સ ઝરે તો પણ તરત ઊડી જાય છે. લગભગ ૬ વર્ષથી લગાતાર તેની આંખો રાતે પણ અધખુલ્લી રહેતી હોવાથી તેની આંખોમાં સોજા અને ડ્રાયનેસને કારણે બળતરાની કાયમી તકલીફ થઈ ગઈ છે.

**લગભગ 6 વર્ષથી લગાતાર તેની આંખો રાતે પણ અધખુલ્લી રહેતી હોવાથી તેની આંખોમાં સોજા અને ડ્રાયનેસને કારણે બળતરાની કાયમી તકલીફ થઈ ગઈ**

# ગોવિંદે કહ્યું સજાનો હુકમ થયો ત્યારે મને લાગ્યું કે મારી જીંદગી પુરી થઈ ગઈ, પણ પછી





સવારે ઉઠ્યો ત્યારે ગોપાલ ફ્રેશ હતો. સવારની ચા પછી સલીમ લીમડાના ઝાડ નીચે બેસીને કંઈક વિચારી રહ્યો હતો. ગોપાલ તેની પાસે જઈને બેઠો. તેણે પૂછ્યું, "શું વિચારી રહ્યો છે?"સલીમે ડોકી ફેરવીને તેની સામે જોયું અને કહ્યું, "તારો જ વિચાર કરતો હતો." ગોપાલે પૂછ્યું, "મારો વિચાર?" સલીમે કહ્યું, "ખુદાએ મને તારી સાથે જેલમાં મોકલ્યો. જેલમાં પણ ગોવિંદ જેવો ભાઈ તને મળી ગયો. હું વિચાર કરતો હતો કે, જો હું અને ગોવિંદ તારી સાથે ન હોત તો તું શું કરતો?"સલીમનો પ્રશ્ન સાંભળી ગોપાલના શરીરમાંથી જાણે વીજળી પસાર થઈ ગઈ! સલીમ અને ગોવિંદ વગરની જેલની હવે તે કલ્પના જ કરી શકતો નહોતો. ગોપાલે તરત સલીમનો હાથ પકડતાં પૂછ્યું, "ભાઈ, આવું કેમ પૂછે છે?"સલીમે કહ્યું, "એવું કંઈ ખાસ કારણ નથી. પણ મને લાગે છે કે, આગળની લડાઈ માટે તારે જ તારી જાતને તૈયાર કરવી પડશે. કારણ કે દરેક માણસે પોતાની લડાઈ જાતે જ લડવાની હોય છે. જ્યારે આપણે રડીએ ત્યારે તમાશો જોનારાનું ટોળું તૈયાર જ હોય છે. બસ, આજે તું જેવો મજબૂત છે, તેવો જ હંમેશા રહેજે."ગોપાલને તેની વાત સમજાઈ રહી હતી. સલીમે પૂછ્યું, "તે ક્યારેય વિચાર કર્યો હતો કે, તું જેલમાં આવીશ? તો પણ આવી ગયોને? અને આ સમય પણ પસાર થઈ જશે. પરંતુ તું સમયને પકડવાનો કે તેની આગળ નીકળવાનો પ્રયત્ન કરીશ નહીં. કારણ કે સમય કોઈને આગળ પણ જવા દેતો નથી અને સમયને કોઈ પકડી પણ શકતું નથી."

ગોપાલ વિચારી રહ્યો હતો કે, સલીમ ભલે ઓછું બોલે છે, પણ જ્યારે બોલે ત્યારે તેની વાતમાં દમ હોય છે. સલીમ દારૂનો ધંધો કરતો હતો, પણ તેના વિચારો કોઈ પ્રોફેસર જેવા હતા. ગોપાલે અચાનક સલીમને પૂછ્યું, "સલીમ આપણા જામીન થયા નહીં, તો આપણે ગુજરાત હાઈકોર્ટમાં જઈએ?"

સલીમના ચહેરા પર સ્મિત આવ્યું. "તે પૂછ્યું જ છે, તો હવે બીજી વાત કહું. જેલમાં આવ્યા પછી સ્વપ્ન જોવાનું બંધ કરવાનું. કારણ કે જેલનાં સ્વપ્ન સાચાં પડતાં નથી. તે જ્યારે જામીન મૂકવાની વાત કરી; ત્યારે મને ખબર હતી કે, આપણા જામીન થવાના નથી."

ગોપાલને આ વાત સાંભળીને આશ્ચર્ય થયું. તેનો ચહેરો જોઈ સલીમે કહ્યું, "તને તારો ગુનો નાનો લાગતો હશે, પણ તે કાયદાની નજરમાં નાનો નથી. ફેક કરન્સીનો કેસ, દેશ સામેનો ગુનો ગણાય છે. આપણે જો હાઈકોર્ટમાં જઈશું તો પણ હાઈકોર્ટ કહેશે કે, ચાર્જશીટ પછી આવો. મને લાગે કે વકીલ પાછળ પૈસા બગાડવાનો કોઈ અર્થ નથી."સલીમ જાણે કાયદાનો ખાંટુ હોય, તેમ કાયદાકીય સલાહ આપી રહ્યો હતો. ગોપાલે પૂછ્યું, "ચાર્જશીટ ક્યારે થશે?"સલીમે કહ્યું, "૯૦ દિવસ તો ખરા."ગોપાલે કંઈક ગણતરી કરી અને કહ્યું, "એટલે ત્રણ મહિના. બરાબર?"સલીમે કહ્યું, "હા. ત્રણ મહિના તો ખરા. ત્યાર પછી પણ કોર્ટ જામીન આપે કે નહીં, તેની મને ખબર નથી."ગોપાલ વિચારમાં પડી ગયો કે, ત્રણ મહિના પહેલાં તો બહાર નીકળવાનો વિચાર જ કરવાનો નથી. ગોપાલને વિચાર કરતો જોઈ સલીમે કહ્યું, "જા, તારી નોકરીનો સમય થઈ ગયો છે. પાછો પેલો ડૉક્ટર તને ગાળો આપશે."ગોપાલ ઝટપટ ઊભો થયો. થોડીવારમાં તૈયાર થઈ જેલની હોસ્પિટલમાં કામ પર પહોંચી ગયો. જેલની હોસ્પિટલમાં રોજ જેવો જ માહોલ હતો. ડૉક્ટર જેને તપાસીને દવા લખી આપે તેને દવા આપવાનું કામ ગોપાલ કરી રહ્યો હતો. તેને હવે આ કામમાં ફાવટ આવી ગઈ હતી.ગોપાલના કાને અચાનક પોલીસની વ્હિસલનો અવાજ સંભળાયો. એક સાથે ઘણાબધા પોલીસવાળા વ્હિસલ વગાડી રહ્યા હોય એવું તેને લાગ્યું. આવી વ્હિસલ તો તેણે બહાર ઘણી વખત સાંભળી હતી. ખાસ કરીને ટ્રાફિક પોલીસ વાહનોને હટાવવા માટે મારતી હોય છે.વ્હિસલ સાંભળીને ગોપાલ એકદમ ઊભો થયો અને શું થયું છે, તે જોવા માટે બહાર દરવાજા તરફ ગયો. દરવાજાની બહાર જોયું તો, કેદીઓ ભાગી રહ્યા હતા. તેમની પાછળ હાથમાં ડંડા લઈને જેલસિપાહી દોડી રહ્યા હતા. ગોપાલ આ દશ્ય જોઈ એકદમ હેબતાઈ ગયો. શું થઈ રહ્યું છે, તેની તેને કંઈ જ ખબર પડી નહીં. ગોપાલને ડરી ગયો, પણ ત્યારે કોઈએ પાછળથી એનો હાથ ખેંચ્યો અને કહ્યું, "અંદર આવી જા. તારા ફૂલા તૂટી જશે." ગોપાલે પાછા ફરીને જોયું. એક પાકા કામનો કેદી હતો. ગોપાલનો ચહેરો જોઈને કહ્યું, "ક્યારેય પણ વ્હિસલ વાગે એટલે બહાર નહીં નીકળવાનું. બહાર હોઈએ તો તરત બેરેકમાં જતા રહેવાનું."ગોપાલને કંઈ સમજાયું નહીં. જેલ હોસ્પિટલની બહાર જે કેદીઓ ઊભા હતા, તે પણ ભાગી ગયા. જેટલા કેદીઓ હોસ્પિટલની અંદર હતા, તે અંદર જ ઊભા રહી ગયા. પેલા કેદીએ કહ્યું, "કોઈક બબાલ થઈ હશે."જેલમાં પણ બબાલ થાય, તેવું ગોપાલે પહેલી વખત સાંભળ્યું. પેલા કેદીએ જાણે એક્સપર્ટ હોય તેમ આખી વાતનો ફોડ પાડતાં કહ્યું, "ખબર નહીં ક્યાં અને કોની બબાલ થઈ હશે? પણ જ્યારે વ્હિસલ વાગે ત્યારે નક્કી બબાલ જ થઈ હોય છે. વ્હિસલ વાગે પછી પોલીસવાળા જે હાથમાં આવે એને તોડી નાખે છે. એટલે જ કોઈ દિવસ વ્હિસલ વાગ્યા પછી બહાર નીકળવાનું નહીં."ગોપાલને વિચાર આવ્યો કે, આ કેદીએ તેને બચાવી લીધો. હોસ્પિટલમાં હવે નીરવ શાંતિ હતી. કોઈ કોઈની સાથે વાત કરી રહ્યું નહોતું. બહાર વાગતી વ્હિસલ પણ હવે બંધ થઈ ગઈ હતી. એવામાં બહારથી કોઈનો હોસ્પિટલ તરફ આવવાનો અવાજ સંભાળાયો. અવાજ પરથી લાગતું હતું કે, પોલીસવાળા જ હશે. ગોપાલને એક વખત થયું કે, બહાર જઈને જોઈ લઉં, પણ હિંમત થઈ નહીં. ત્યાં જ પેલો અવાજ હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યો હોય તેવું તેને લાગ્યું. તેણે દરવાજા તરફ જોયું.પોલીસવાળાની સાથે ગોવિંદ હતો તેના માથામાંથી લોહી વહી રહ્યું હતું. આ જોઈને ગોપાલને ખૂબ આઘાત લાગ્યો. ગોવિંદની સાથે એક પોલીસવાળો હતો. તેના શર્ટના બટનો તૂટી ગયેલા હતા. ગોપાલ ઊભો થઈને ગોવિંદ તરફ જવા માગતો હતો, પણ ગોવિંદે તેની સામે નજર કરી અને જાણે આંખથી કહી રહ્યો હતો કે, કંઈ નથી થયું. ચિંતા કરીશ નહીં.પોલીસવાળાએ ગોવિંદને ડૉક્ટરના ટેબલ પાસે રહેલા સ્ટૂલ પર બેસાડ્યો. ડૉક્ટરે ગોવિંદનો ઘા જોયા પછી તરત ગોપાલને કહ્યું, "ડ્રેસિંગ કરવું પડશે. અંદર લઈ લે."ગોપાલ તરત ગોવિંદ પાસે આવ્યો અને ગોવિંદનો હાથ પકડ્યો. ગોવિંદના માથામાંથી લોહી વહી રહ્યું હતું, છતાં તેના ચહેરા પર સ્મિત હતું. તેણે કહ્યું, "કંઈ થયું નથી. મારો હાથ પકડવો પડે એટલું પણ વાગ્યું નથી."ગોપાલ જાણવા માગતો હતો કે, શું બન્યુ છે? પણ ત્યારે તેની હિંમત થઈ નહીં. જે પોલીસવાળો હતો તેના શર્ટના બટન તૂટી ગયા હતા. તેના હાથમાં અસહ્ય દુખાવો થતો હતો. ડૉક્ટરે તેને તપાસ્યો અને પ્રાથમિક તારણ કાઢ્યું કે, ફ્રેક્ચર હશે. સાથે રહેલા પોલીસવાળાને કહ્યું, "આ સિપાહીને સિવિલ જ લઈ જાવ."(ક્રમશ)


પ્રશાંત દયાળ

# રાજકોટમાં તાંડવ નર્તન ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કૌશા હરખાણીનું આરંગેત્રમ્

## હેમુ ગઢવી ઓડિટોરિયમ ખાતે 7 જૂને બપોરે 3 કલાકે દીક્ષાંત સમારોહ યોજાશે

### » કલાગુરુ જીજ્ઞેશ સુરાણી અને ક્રિષ્ના સુરાણીના માર્ગદર્શન હેઠળ કૌશાનું રંગમંચ પર પદાર્પણ

### » બોલિવુડ કોરિયોગ્રાફર અવની શાહ સહિતના દિગ્ગજ મહેમાનો સમારોહમાં ખાસ ઉપસ્થિત રહેશે

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના સાંસ્કૃતિક આંગણે કલા અને ભક્તિનો એક અનોખો ત્રિવેણી સંગમ રચાવા જઈ રહ્યો છે. શહેરની 'તાંડવ નર્તન' ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્લાસિકલ ડાન્સ દ્વારા કૌશા રાજેશ હરખાણીના ભરતનાટ્યમ નૃત્ય શૈલીના દીક્ષાંત સમારોહ "આરંગેત્રમ" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ ગરિમાપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમ આગામી ૭ જૂન ૨૦૨૬, રવિવારના રોજ બપોરે ૩:૦૦ કલાકે ટાગોર રોડ પર આવેલા હેમુ ગઢવી ઓડિટોરિયમના મેઈન હોલ ખાતે યોજાશે. સંસ્થાના કલાગુરુ જીજ્ઞેશ આર. સુરાણી અને કલાગુરુ ક્રિષ્ના સુરાણી (મારડિયા) ના સઘન માર્ગદર્શન હેઠળ વર્ષોની અવિરત અને કઠોર સાધના બાદ કૌશા રંગમંચ પર પોતાનું પ્રથમ પદાર્પણ કરવા જઈ રહી છે.

આ પાવન સાંસ્કૃતિક પ્રસંગે નૃત્યગુરુ સુમિત્રા રાજગુરુ, બિજય આનંદ શિવરામ, બોલિવુડ કોરિયોગ્રાફર અવની શાહ તેમજ કાદંબરી દેવી, ધર્મરાજસિંહ વાઘેલા અને પારુલ જોબનપુત્રા સહિતના ગણમાન્ય અતિથિઓ યુવા કલાકારનો ઉત્સાહ વધારવા વિશેષ ઉપસ્થિત રહેશે. કલા અને સંસ્કૃતિને જીવંત રાખતા આ ભવ્ય દીક્ષાંત સમારોહને નિહાળવા માટે આયોજકો દ્વારા રાજકોટના તમામ કલાપ્રેમી નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.






# છત્તીસગઢમાં ઝડપાયેલું અમૃત જ્વેલર્સનું 10 કરોડનું સોનું પરત

### » જરૂરી દસ્તાવેજો રજૂ કરતા કોર્ટે સોનું પરત કરવાનો આદેશ કર્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

છત્તીસગઢના સિંગોરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજકોટના અમૃત જ્વેલર્સના કર્મચારીઓ પાસેથી પકડાયેલા ૧૦ કરોડના ૭.૫ કિલો સોનાના આભૂષણોના કેસમાં નવો વળાંક આવ્યો છે. આવકવેરા અને GST વિભાગની ક્લીનચીટ બાદ, કોર્ટે તમામ દસ્તાવેજો માન્ય રાખી જપ્ત કરાયેલું સોનું કાયદેસર રીતે પરત સોંપવાનો આદેશ કર્યો છે. અમૃત જ્વેલર્સના સંચાલકોના જણાવ્યા મુજબ, ૧૭ મે ૨૦૨૬ ના રોજ તેમના કર્મચારીઓ ૭.૫ કિલો સોનાના આભૂષણો લઈને 'જાંગડ' પદ્ધતિથી મુસાફરી કરી રહ્યા હતા. જ્વેલરી બિઝનેસમાં રિટેલર ખરીદી નક્કી કરે ત્યારે જ GST ઇન્વોઇસ બને છે, અને તેમાં ઈ-વે બિલ જરૂરી નથી. માન્ય ડિલિવરી ચલણ હોવા છતાં, ઓડિશા-છત્તીસગઢ સરહદે પોલીસને GST જોગવાઈઓની પૂરતી જાણકારી ન હોવાથી ઇન્વોઇસ માંગી માલને "શંકાસ્પદ મિલકત" ગણી જપ્ત કર્યો હતો.

કેન્સરની ગંભીર બીમારી વચ્ચે પણ માલિક જીતેન્દ્ર આડેસરા ૧૯ થી ૩૦ મે સુધી રાયપુર હાજર રહ્યા હતા. તેમણે ઇન્ચાર્જ નૈમિષ આડેસરા અને CA જતિન જાજલ સાથે આવકવેરા અને GST વિભાગ સમક્ષ ડિલિવરી ચલણ, ખરીદ બિલ, સ્ટોક રજીસ્ટર અને HUID નંબર સહિતના તમામ કાયદેસર દસ્તાવેજોની ધારદાર રજૂઆત કરી હતી. દસ્તાવેજોની ચકાસણી બાદ આવકવેરા વિભાગે સ્પષ્ટ કર્યું કે કોઈ કરચોરી થઈ નથી અને સ્ટોક હિસાબી પુસ્તકોમાં નોંધાયેલો છે, જેથી NOC જારી કરાયું. CGST અને SGST અધિકારીઓએ પણ માલ જપ્ત રાખવાની માંગ કરી નહોતી. અંતિમ સુનાવણીમાં પોલીસે પણ વાંધો ન ઉઠાવતા, ૨૯ મે ૨૦૨૬ ના રોજ કોર્ટે તમામ આભૂષણો અમૃત જ્વેલર્સને પરત આપવાનો આદેશ કર્યો હતો. અમૃત જ્વેલર્સે સત્ય બહાર લાવવા બદલ તંત્ર અને CA જતિન જાજલનો આભાર માન્યો છે.

# રતનપરમાં મકાનમાં ઘુસી તસ્કરો 2 લાખની ચોરી


### » મહિલા સભ્ય જાગી જતા ચોર દીવાલ ઠેકીને ભાગી ગયો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ગોંડલ રોડ પર ખોડીયારનગરમાં રહેતા અને હાલ રતનપર ગામમાં રહેવા ગયેલા નાગજીભાઈ નકુભાઈ બાવડા ઉ.૩૨એ ચોરી અંગે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ માલ ઢોરનો વ્યવસાય કરતા હોય જેથી શહેરમાં રહેવામાં તકલીફ પડતી હોવાથી છેલ્લા છ મહિનાથી પરિવાર સાથે રતનપર રહેવા ગયા છે. ગઈ તા.૧૦ ના તેના મોટાભાઈ હેમુભાઈ જે રાજકોટ રહેતા હોય ત્યાં ગયો હતો અને રાત્રે ત્યાં જ રોકાવાનું હતું. દરમિયાન રાત્રીના સાડા ત્રણેક વાગ્યા આસપાસ નાનાભાઈ કમલેશનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, આપણા ઘરે રાત્રિના ચોરી થઈ છે. તું ઘરે આવી જા જેથી યુવાન તાકીદે રતનપર પહોંચ્યો હતો યુવાનને તેના માતા અમુબેન કહ્યું હતું કે, અમે બધા રાત્રિના એકાદ વાગ્યા સુધી જાગતા હતા બાદમાં સૂઈ ગયા હતા તારા પિતા ઘરની બહાર ખુલી જગ્યામાં સુતા હતા તથા તારો નાનો ભાઈ કમલેશ અને તેની પત્ની મિતલ રૂમમાં સૂતા હતા હું તથા મારા કાકી નાનુબેન બંને ઓસરીમાં સુતા હતા. દરમિયાન રાત્રીના ઘરમાં કંઈ અવાજ આવતા હું જાગી ગઈ હતી અને મેં આપણા ઘરેથી એક શખસને ભાગીને જતો જોયો હતો જેથી મને શંકા ગઈ કે આ શખસ ચોર હશે જેથી રાડારાડી કરતા તે ઘરની દિવાલ કૂદી ભાગી ગયો હતો. ત્યારબાદ તારા પિતા પણ જાગી ગયા હતા પરંતુ એટલીવારમાં આ શખસ અહીંથી ભાગી ગયો હતો. કમલેશ રૂમની બહાર આવતો ન હોય જેથી જઇ જોતાં તેના રૂમનો દરવાજો બહારથી બંધ હતો જે દરવાજો ખોલ્યો હતો બાદમાં ઘરમાં તપાસ કરતા કબાટ ખુલ્લો હોય જેમાં રૂપિયા તથા ઘરેણા રાખ્યા હતા તે કબાટનું ખાનુ પણ ખુલ્લુ હતું. જેથી તપાસ કરતા ખાનામાં રાખેલ રૂપિયા બે લાખ રોકડ એક સોનાનો દાણો એક સોનાનો ઓમકાર અને મોબાઈલ સહિત કુલ ૨,૦૮,૫૦૦ ની મત્તા ચોરી થઈ ગયાનું માલુમ પડ્યું હતું બાદમાં આ બાબતે ફરિયાદ નોંધાવતા કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ડોનાલ્ડ ટ્રમ્પના પુત્રી ટિફની ટ્રમ્પે અક્ષરધામ મંદિરની મુલાકાત લીધી





અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનાં પુત્રી ટિફની ટ્રમ્પ અને તેમના પતિ માઈકલ બુલોસે ૨૯ મે, ૨૦૨૬ ના રોજ તેમના નિજી પ્રવાસ દરમિયાન નવી દિલ્હી સ્થિત BAPS સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરની મુલાકાત લીધી હતી. તેઓ ભારતીય સંસ્કૃતિ અને સ્થાપત્ય કળાથી ભારે પ્રભાવિત થયા હતા. મિત્રો સાથે અક્ષરધામ પહોંચેલા દંપતીએ સ્મારકનું અદ્ભુત સ્થાપત્ય–સૌન્દર્ય અને પરંપરાગત કળા નિહાળી હતી. તેઓએ શ્રદ્ધાપૂર્વક જલાભિષેક કરી પ્રાર્થના અર્પણ કરી હતી અને સાંસ્કૃતિક બોટ–રાઈડનો અનોખો અનુભવ લીધો હતો. અક્ષરધામની સુંદરતાથી પ્રભાવિત ટિફની ટ્રમ્પે વિઝિટર–બુકમાં લખ્યું કે, "આ મુલાકાત અત્યંત અદ્ભુત રહી. અહીંની સુંદરતા અલૌકિક છે. આટલી સુંદર મુલાકાત બદલ આભાર!" બાદમાં સોશિયલ મીડિયા પર પણ તેમણે આ અનુભૂતિને "અવિસ્મરણીય" ગણાવીને ભારતીય સાંસ્કૃતિક ધરોહર પ્રત્યે પોતાનો ઊંડો અહોભાવ વ્યક્ત કર્યો હતો.

# રાજકોટમાં પુષ્ટિમાર્ગીય સત્સંગ સમારોહ યોજાશે

» અધિક પુરુષોત્તમ માસ નિમિત્તે કૃપાનિધિ કન્સ્ટ્રક્શન પરિવાર દ્વારા અરવિંદ મણિયાર હોલમાં આયોજન

» કાર્યક્રમ દરમિયાન મેયર ડો. નેહલ શુક્લ સહિતના મનપાના નવા પદાધિકારીઓનું સન્માન કરાશે



સિટી ન્યૂઝ@રાજકોટ

સનાતન ધર્મ અને પુષ્ટિમાર્ગમાં અધિક પુરુષોત્તમ માસનું અત્યંત મહત્વ રહેલું છે. આ પવિત્ર માસ નિમિત્તે રાજકોટની વૈષ્ણવ સૃષ્ટિને વૈષ્ણવાચાર્યોના સાનિધ્યમાં સાંસ્કૃતિક કાર્યક્રમો અને વચનામૃતોનો અલૌકિક લાભ મળે તેવા મંગલ હેતુથી એક ભવ્ય 'પુષ્ટિમાર્ગીય સત્સંગ સમારોહ' નું આયોજન કરવામાં આવ્યું છે. કૃપાનિધિ કન્સ્ટ્રક્શન પરિવાર દ્વારા આગામી ૪ જૂન ૨૦૨૬, ગુરુવારના રોજ રાજકોટના જ્યુબિલી ગાર્ડન સ્થિત પ્રખ્યાત અરવિંદ મણિયાર હોલ ખાતે આ ધાર્મિક મહોત્સવ યોજાશે. આ કાર્યક્રમની શરૂઆત રાત્રે ૮:30 કલાકે થશે. રાત્રે ૮:30 થી ૯:30 સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે, જેમાં રાજકોટની વિવિધ પાઠશાળાઓના વિદ્યાર્થીઓ અને હરિભક્તો દ્વારા ધાર્મિક કૃતિઓ તેમજ કથક નૃત્ય રજૂ કરવામાં આવશે. ત્યારબાદ બરાબર ૯:30 કલાકે યુવા વૈષ્ણવાચાર્યોના હસ્તે દીપ પ્રાગટ્ય અને વધાઈ કીર્તન થશે. આ પવિત્ર અવસરે રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્ત પદાધિકારીઓનું વિશેષ અભિવાદન અને સન્માન કરવામાં આવશે. જેમાં મેયર ડો. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષા વસાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયા, શાસક પક્ષના નેતા હિરેન ખીમાણીયા તથા શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેનું સ્વાગત કરાશે. આ સત્સંગ સમારોહમાં ઉપસ્થિત વૈષ્ણવોને યુવા વૈષ્ણવાચાર્યોના મંગલ વચનામૃત સાંભળવાનો દિવ્ય લહાવો મળશે. જેમાં મધુસુદન લાલ, રત્નેશકુમાર, પુરૂષોત્તમ લાલ, ગોપેશકુમાર, વેદાંગકુમાર, રમણેશકુમાર અને રશેષ સહિતના આચાર્યો આશીર્વચન પાઠવશે.

સમગ્ર કાર્યક્રમનું મંચ સંચાલન અરવિંદ પાટડિયા અને વજદાસ માવાણી દ્વારા કરવામાં આવશે. આ ધાર્મિક સમારોહમાં બહોળી સંખ્યામાં પધારવા વૈષ્ણવ સમુદાયને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમની માહિતી આપવા માટે આયોજક સમિતિના મેહુલ ભગત, કાના પટેલ, રાજુ ઉનડકટ અને કલ્પેશ વાડગિયાએ સિટી ન્યૂઝ કાર્યાલયની મુલાકાત લીધી હતી.



# સિટી ન્યૂઝના પત્રકાર લલિત વ્યાસના પુત્ર દક્ષનો આજે 14મો જન્મદિવસ

» 13 વર્ષ પૂર્ણ કરી 14મા વર્ષમાં મંગલ પ્રવેશ કરતા લાડકવાયા દક્ષ પર શુભેચ્છાઓનો ધોધ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના પત્રકારત્વ જગત સાથે સંકળાયેલા વ્યાસ અબોટી બ્રાહ્મણ પરિવાર માટે આજનો દિવસ અત્યંત ખુશી અને ઉમંગનો છે. સિટી ન્યૂઝ ચેનલના રિપોર્ટર અને મંતવ્ય ન્યૂઝના કેમેરામેન તરીકે ફરજ બજાવતા લલિત વ્યાસના લાડકવાયા પુત્ર દક્ષનો આજે જન્મદિવસ છે. દક્ષ આજે પોતાના જીવનના ૧૩ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરીને ૧૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યો છે. દક્ષના જન્મદિવસ નિમિત્તે વ્યાસ પરિવારમાં સવારથી જ ઉત્સવ જેવો માહોલ છે. માતા-પિતા, પરિવારના અન્ય સભ્યો અને સ્નેહીજનો દ્વારા દક્ષને લાડ-પ્યાર સાથે જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. એક પત્રકારના પુત્ર હોવાના નાતે દક્ષના જન્મદિવસ પર મીડિયા જગતના મિત્રો અને પત્રકાર આલમ તરફથી પણ સોશિયલ મીડિયા અને ફોન કોલ્સના માધ્યમથી અભિનંદનનો ધોધ વરસી રહ્યો છે. ૧૪મા વર્ષમાં પ્રવેશ કરતા દક્ષના જીવનમાં આવનારું વર્ષ પ્રગતિ, સુખ, શાંતિ અને ઉત્તમ સ્વાસ્થ્ય લઈને આવે તેવી પ્રાર્થના અબોટી બ્રાહ્મણ સમાજ અને વ્યાસ પરિવારના શુભેચ્છકો દ્વારા કરવામાં આવી રહી છે.

# સરકારી નાણાંની ઉચાપતના 24 વર્ષ જૂના કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો

## યુવા એડવોકેટ દિપ વ્યાસની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આપ્યો ચુકાદો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ વ્યવસાય વેરા કચેરીમાં નિવૃત્ત કર્મચારીના નકલી રજા બિલ બનાવી સરકારી નાણાંની ઉચાપત કરવાના અને રેકર્ડ સાથે ચેડાં કરવાના ૨૪ વર્ષ જૂના ચકચારી કેસમાં ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. ફરિયાદ પક્ષ પોતાના આક્ષેપો સાબિત કરવામાં નિષ્ફળ રહેતા અને બચાવ પક્ષના યુવા એડવોકેટ દિપ વ્યાસની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી અદાલતે મુખ્ય આરોપી રમેશ રાઠોડને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ ફરમાવ્યો છે.

ફરિયાદ પક્ષની વિગતો મુજબ, આ કેસના આરોપીઓ રમેશ રાઠોડ, ચેતન જોશી અને સબ્બીર અલીખોજાએ એકસંપ કરી વ્યવસાય વેરા કચેરીના નિવૃત્ત કર્મચારી સી.જી. પંડિતની ન મળવાપાત્ર રોકડ રકમ માટે રજા બિલ નં. ૨૧ બનાવ્યું હતું. મે ૨૦૦૧ માં બનેલું આ બિલ જૂન ૨૦૦૧ માં પાસ થતાં સરકારી નાણાંની ઉચાપત કરી તે નાણાં અંગત ઉપયોગમાં વાપર્યા હતા. તેમજ સરકારી રેકોર્ડ સાથે ચેડાં કરી ગુનો આચર્યો હતો. આ મામલે ફરિયાદી વિનોદ પટેલ દ્વારા રાજકોટના પ્રધુમનનગર પોલીસ સ્ટેશનમાં ૨ જાન્યુઆરી ૨૦૦૨ ના રોજ વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તપાસ અધિકારી દ્વારા અલગ-અલગ પંચનામા કરી, સાક્ષીઓના નિવેદન નોંધી, મુદ્દામાલ અને સહીના નમૂના કબજે કરી અદાલતમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી.


**એડવોકેટ દિપ વ્યાસ**

અદાલત દ્વારા આરોપીઓ સામે ચાર્જ ફ્રેમ કરી પુરાવા નોંધવાનું શરૂ કરાયું હતું. આ કેસમાં અદાલત સમક્ષ સાહેદ ભુપત ભાલોડી, પંચ સાહેદ એફઝલ ખાન, તપાસ કરનાર અધિકારી જેસીંગ ધાંગા, કુસુમ ગાંધી, પ્રવીણચંદ્ર મકવાણા, ઈન્દ્રજીતસિંહ, પોલીસ સાહેદ ક્રિપાલસિંહ અને તપાસ કરનાર અધિકારી અનિરુદ્ધસિંહ પરમાર સહિતના સાક્ષીઓને તપાસવામાં આવ્યા હતા. આ ઉપરાંત સહીના નમૂનાનું પંચનામું, ફરિયાદ નોંધવાનો હુકમ, વ્યવસાય વેરા અધિકારીનો પત્ર, SBI નું કાઉન્ટર ટ્રેઝરી ચેક, બિલ નં. ૨૧ નું ફોર્મ, પગાર પત્રકો, વેરા કમિશનર અને સી.જી. પંડિતના આદેશની નકલ, કેસ બુક, ચેક રજીસ્ટર અને રજા રિપોર્ટ ફાઈલ સહિતના અનેક દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા.

સમગ્ર પુરાવાઓ અને તમામ સાક્ષીઓની જુબાની રેકોર્ડ પર આવ્યા બાદ બચાવ પક્ષના એડવોકેટ દિપ વ્યાસ દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી. તેમણે કોર્ટ સમક્ષ સાબિત કર્યું કે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા લેખિત અને મૌખિક પુરાવાઓ આરોપી સામેનો ગુનો નિશંકપણે પુરવાર કરવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યા છે. ઉચ્ચ ન્યાયાલયોના વિવિધ ચુકાદાઓ અને વકીલની આ સચોટ દલીલોને ધ્યાનમાં રાખીને રાજકોટના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ પી. એમ. શાહની કોર્ટે આરોપી રમેશ રાઠોડને નિર્દોષ ઠરાવી મુક્ત કરવાનો હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં આરોપી રમેશ રાઠોડ તરફે રાજકોટના સિનિયર એડવોકેટ પી. સી. વ્યાસ, દિપ વ્યાસ, ઓમદેવસિંહ જાડેજા તેમજ લીગલ આસિસ્ટન્ટ તરીકે પ્રિયા કોદાવલા, મુસ્કાન સમા અને ધવલ ધોરિયા રોકાયેલા હતા.

---

### એક જ છત નીચે સર્જરી, કીમોથેરાપી અને હાઈ–ટેક રેડિયોથેરાપીની સંપૂર્ણ સુવિધા ઉપલબ્ધ

# AIIMS રાજકોટમાં અત્યાધુનિક વન-સ્ટોપ કેન્સર કેર સેન્ટર શરૂ

**» શરીરમાં કાપો મૂક્યા વિના કેન્સરની ગાંઠ પર સચોટ સારવાર કરતી આધુનિક ટેકનોલોજી કાર્યરત**

**» આયુષ્માન ભારત યોજના હેઠળ ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને વિનામૂલ્યે સારવારનો લાભ મળશે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્ર અને ગુજરાતના દર્દીઓ માટે આરોગ્ય ક્ષેત્રે એક અત્યંત રાહત અને ગૌરવના સમાચાર છે. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ AIIMS રાજકોટ દ્વારા કેન્સર સારવાર ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. હવે AIIMS રાજકોટમાં સર્જરી, કીમોથેરાપી અને અત્યાધુનિક રેડિયોથેરાપી સહિતની તમામ મુખ્ય કેન્સર સારવાર સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ બની છે. આ સાથે આ હોસ્પિટલ પ્રદેશનું સંપૂર્ણ 'વન-સ્ટોપ કેન્સર કેર સેન્ટર' બની ગયું છે.

અત્યાર સુધી કેન્સરના દર્દીઓને સર્જરી અને કીમોથેરાપી બાદ રેડિયેશન સારવાર માટે અન્ય મોટા મહાનગરોમાં ધક્કા ખાવા પડતા હતા. પરંતુ હવે AIIMS રાજકોટ ખાતે હાઈ એનર્જી લીનિયર એક્સિલરેટર, CT સિમ્યુલેશન અને HDR બ્રેકીથેરાપી જેવી વૈશ્વિક ધોરણોની સુવિધાઓ શરૂ થઈ છે.



અહીં IMRT, VMAT, IGRT, SRS, SRT અને SBRT જેવી આધુનિક રેડિયેશન ટેકનિકો કાર્યરત કરાઈ છે. આ ટેકનિકો દ્વારા કેન્સરની ગાંઠ પર અત્યંત ચોકસાઈપૂર્વક નિશાન સાધી સારવાર આપી શકાય છે, જેથી આસપાસના તંદુરસ્ત અવયવોને નુકસાન થતું નથી અને સારવાર વધુ અસરકારક બને છે. તબીબી ભાષામાં આ આધુનિક સુવિધાઓને 'કાપો કર્યા વિનાની સર્જરી' તરીકે પણ ઓળખવામાં આવે છે.

મહિલાઓમાં થતા ગાયનેકોલોજિકલ કેન્સર તેમજ અન્ય જટિલ કેન્સરની સારવાર માટે HDR બ્રેકીથેરાપી સેવાઓ પણ સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી છે. અહીં જનરલ સર્જરી, ગાયનેકોલોજી, ENT, ઓર્થોપેડિક્સ અને ઓન્કોલોજી જેવા વિવિધ નિષ્ણાત વિભાગોના સંકલનથી મલ્ટી ડીસીપ્લીનરી કેન્સર સારવાર આપવામાં આવે છે. હેડ એન્ડ નેક, સ્તન, જઠરાંત્રિય અને હાડકાના કેન્સર સહિત વિવિધ પ્રકારના જટિલ કેન્સરની સારવાર હવે ઘરઆંગણે જ મળશે. સૌથી મોટી રાહતની વાત એ છે કે, AIIMS રાજકોટમાં ઉપલબ્ધ આ અદ્યતન કેન્સર સારવાર સેવાઓ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY - આયુષ્માન ભારત) હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સંપૂર્ણપણે વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. આ નિર્ણયથી આર્થિક રીતે નબળા અને મધ્યમ વર્ગના દર્દીઓને મોટો ફાયદો થશે અને તેમને ખાનગી હોસ્પિટલોના મોંઘા ખર્ચમાંથી મુક્તિ મળશે. AIIMS ની આ પહેલ સૌરાષ્ટ્રના નાગરિકો માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.

# તંત્રની ઘોર બેદરકારીઃ વગર વરસાદે મોરબી પાણી-પાણી!

## ખેડૂતો પાણી માટે ટળવળે ને રસ્તાઓ પર રેલમછેલ; રવાપર ચોકડી પાસે મચ્છુની કેનાલ ઓવરફ્લો થતાં જનતા ત્રાહિમામ





**"ખેડૂત જુએ છે આભ સામે કે ક્યારે વરસશે મેઘરાજા, પણ અહીં તો તંત્રની આળસે રસ્તાઓ કરી દીધા ગાજાબાજા; નથી થઈ સફાઈ કે નથી કોઈને જનતાની પડી અહી ચિંતા, બેદરકારીના પાપે લાખો લીટર પાણી વહી ગયું નકામા!"**

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી અને માળિયા તાલુકાના ૧૭ જેટલા ગામોના ખેડૂતો ચોમાસાનું આગોતરું વાવેતર કરી શકે તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ મચ્છુ-૨ ડેમમાંથી સિંચાઈનું પાણી છોડવામાં આવ્યું છે. પરંતુ જવાબદાર અધિકારીઓ અને ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોની ઘોર બેદરકારીને કારણે કેનાલની યોગ્ય સાફ-સફાઈ કર્યા વગર જ પાણી છોડી દેવાતા, મોરબીમાં વગર ચોમાસે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે,જે તંત્રના પાપે લાગેલો મોટો ડાઘ છે.

ગઈકાલે રાત્રિ દરમિયાન મોરબી નજીક રવાપર ગામ પાસેથી પસાર થતી મચ્છુની કેનાલ અચાનક ઓવરફ્લો થઈ ગઈ હતી. કેનાલના સાઈફનમાં વર્ષોથી જામ થયેલો કચરો સાફ ન કરાયો હોવાથી પાણીનો પ્રવાહ રોકાઈ ગયો હતો. પરિણામે, રવાપર ચોકડી પાસે આવેલ કેપિટલ માર્કેટ નજીકના મુખ્ય હાઈવે પર અડધાથી એક ફૂટ જેટલા પાણી ભરાઈ ગયા હતા. ધોળા દિવસે રસ્તાઓ બેટમાં ફેરવાઈ જતાં વાહનચાલકો, રાહદારીઓ અને સ્થાનિક વેપારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા અને તંત્રની નીંભર નીતિ સામે ઉગ્ર રોષ ઠાલવ્યો હતો.

એક તરફ મોરબી અને માળિયાના છેવાડાના ગામોના ધરતીપુત્રો કપાસ સહિતના પાકોના આગોતરા વાવેતર માટે પાણીના એક-એક ટીપાં માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે અને તેઓ સુધી પાણી પહોંચતું નથી. જ્યારે બીજી તરફ એસી ઓફિસોમાં બેસતા અધિકારીઓની આળસને કારણે રસ્તાઓ પર લાખો લીટર કિંમતી પાણીનો સરેઆમ વેડફાટ થઈ રહ્યો છે, જે વહીવટી તંત્રની નાકામી સાબિત કરે છે.

આ મામલે મોરબી તાલુકા પંચાયતના માજી સભ્ય લાલજીભાઈ કસૂન્દ્રાએ આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, "એક બાજુ ખેડૂતો સિંચાઈના પાણી માટે વલખાં મારી રહ્યા છે, ત્યારે બીજી બાજુ અધિકારી અને કોન્ટ્રાક્ટરની મિલીભગત કે ઘોર બેદરકારીને કારણે કેનાલ સફાઈ વિના જ પાણી છોડી દેવાયું. સાઈફનમાં કચરો હોવાથી પાણી ઓવરફ્લો થઈને રસ્તા પર વહી રહ્યું છે. જો આવા જવાબદારો સામે તાત્કાલિક ફોજદારી કે આકરા પગલાં લેવામાં નહીં આવે, તો પાણીનો બગાડ અટકશે નહીં અને ખેડૂતો પણ હેરાન થતા રહેશે."

હવે જોવાનું એ રહે છે કે કુંભકર્ણની નિદ્રામાં સૂતેલું તંત્ર આ આક્રોશ પછી જાગે છે કે પછી જનતાને આમ જ ભગવાન ભરોસે છોડી દે છે!

# સૌરાષ્ટ્રમાં વેપારીઓને હનીટ્રેપમાં ફસાવતી રાજકોટની મુખ્ય આરોપી મહિલા ઝડપાઈ

**સિટી ન્યૂઝ@જેતપુર**

સૌરાષ્ટ્રભરમાં વેપારીઓને સોશિયલ મીડિયાથી પ્રેમજાળમાં ફસાવી, પોલીસ કેસની ધમકીથી હનીટ્રેપનો શિકાર બનાવતી કુખ્યાત ગેંગનો પર્દાફાશ થયો છે. જેતપુર સિટી પોલીસે ગેંગની મુખ્ય મહિલા સૂત્રધારને રાજકોટથી ઝડપી પાડી ૧ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આ ટોળકીએ જેતપુરના ૧ વેપારીને ફસાવીને ૧.૪૫ લાખ રૂપિયા પડાવ્યા હતા. રાજકોટ SP વિજયસિંહ ગુર્જરની સૂચના અને DySP આર. એ. ડોડીયાના માર્ગદર્શન હેઠળ PI એ. ડી. પરમારની ટીમે તપાસ હાથ ધરી હતી. આ ગેંગની યુવતીઓ સોશિયલ મીડિયા પર વેપારીઓ સાથે વાતચીત કરી તેમને મળવા બોલાવતી હતી. ત્યારબાદ ગેંગના અન્ય સભ્યો ત્યાં પહોંચી, યુવતીને પોતાની બહેન ગણાવી પોલીસ કેસની ધમકી આપી તોડતોડ કરતા હતા. પોલીસે મૂળ જામનગરની અને હાલ રાજકોટના એજી ચોક વિસ્તારમાં રહેતી મુખ્ય સૂત્રધાર પ્રિયંકા ઉર્ફે પીયુ હંસરાજ ગીણોયાને દબોચી છે. પ્રિયંકાએ જેતપુરના વેપારીને શહેર બહાર બોલાવી સાગરીતો પાસે ૧.૪૫ લાખની ખંડણી વસૂલાવી હતી. આ શાતિર મહિલા વિરુદ્ધ જામકંડોરણા અને ભેંસાણમાં પણ હનીટ્રેપના ગુના નોંધાયેલા છે, અને તે



તાજેતરમાં જ ભેંસાણના ગુનામાં જેલમાંથી છૂટી હતી. પોલીસની પૂછપરછમાં ગેંગના અન્ય ૧૦ સાગરીતોના નામ ખૂલ્યા છે. જેમાં વિપુલ ઉર્ફે નાગરાજ ભરવાડ, સવજી ઉર્ફે સાગર ડુંગા, જાનવી ઉર્ફે જાનુ પંચોલી, પુજા સિધ્ધપુરા, ગોપાલ સિધ્ધપુરા, વિજય ઉર્ફે જાડીયો જોગડીયા, વિશાલ ઉર્ફે રાધે પરમાર, આશીષ વેકરીયા, રોહીત રાઠોડ અને નીલેશ ચૌહાણનો સમાવેશ થાય છે. પોલીસે ભોગ બનનાર અન્ય લોકોને નિર્ભય બની સંપર્ક કરવા અપીલ કરી છે.

### રહેવા આપેલી ઓરડી પચાવી 14 રૂમ બનાવી ભાડું અને પાણી વેચવાનો કારસો

# વેરાવળમાં જમીન પચાવી પાડનાર 6 શખ્સો સામે લેન્ડગ્રેબિંગ નોંધાઈ

» જમીન ખાલી કરવા રાજકોટમાં 250 વારના 2 ફર્નિચરવાળા બંગલાની ખંડણી માંગી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વેરાવળમાં આશરો માંગ્યા બાદ આખી જમીન પચાવી પાડવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. નિશુલ્ક ઓરડી આપનાર માલિકની જમીન પર કબ્જો જમાવી, ગેરકાયદે બાંધકામ કરી લાખો કમાતા ૬ શખ્સો સામે શાપર પોલીસમાં લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. જમીન ખાલી કરવા આરોપીઓએ રાજકોટમાં ૨૫૦ વારના ૨ બંગલાની ખંડણી માંગી હતી.

ખેડૂત હિમાંશુ કોરાટની ફરિયાદ મુજબ, તેમણે ૧૯૯૭ માં વેરાવળમાં ૧૫૮ પૈકી ૮ નંબરની ખેતીની જમીન ખરીદી હતી. આરોપીઓના પિતા વાલજી કોરાટ પાસે રહેઠાણ ન હોવાથી દયા ખાઈને તેમને એક ઓરડી નિશુલ્ક વાપરવા આપી હતી. આનો ગેરલાભ ઉઠાવી હિતેશ, ઘનશ્યામ, અશોક, કિશોર, જગદીશ અને નરોત્તમ કોરાટે ૨૦૧૧-૧૨ થી આ જમીન પર ગેરકાયદે કબ્જો જમાવી દીધો હતો.

માલિક જમીન પર જાય ત્યારે આરોપીઓ પથ્થરમારો કરી જાનથી મારવાની ધમકી આપતા હતા. આ ભૂમાફિયાઓએ મંજૂરી વિના ૧૪ પાકી ઓરડીઓ બનાવી મજૂરોને ભાડે આપી ૧૨ વર્ષથી માસિક ૩૫૦૦૦ ભાડું ઉઘરાવવાનું શરૂ કર્યું હતું. ઉપરાંત, બોર પર કબ્જો કરી શાપરના ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં પાણી વેચીને માસિક ૨૫૦૦૦ થી ૩૦૦૦૦ ની કમાણી શરૂ કરી હતી. મજૂરોને ભગાડી દેતા ખેડૂત ૧૨ વર્ષથી ખેતી કરી શક્યા ન હતા.

જ્યારે ખેડૂતે જમીન બિનખેતી કરાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપીઓએ સરકારી તંત્રમાં ખોટા સોગંદનામા રજૂ કરી ગુમરાહ કર્યા. વીજચોરી આચરતા તેમને PGVCL દ્વારા ૪૪૦૦૦ નો દંડ પણ ફટકારાયો છે. જમીન ખાલી કરવા કહેવાયું ત્યારે આરોપીઓએ બ્લેકમેઈલ કરી રાજકોટમાં ૨૫૦ વારના ૨ ફર્નિશ્ડ બંગલા અથવા અડધી જમીનની માંગણી કરી હતી. આખરે કંટાળી માલિકે ૬ શખ્સો વિરુદ્ધ શાપર પોલીસમાં ફરિયાદ નોંધાવતા DYSP ચક્રવતિએ વધુ તપાસ હાથ ધરી છે.




# વીરપુર ST બસ સ્ટેન્ડમાં ઘોર અંધારપટથી યાત્રાળુઓ પરેશાન

» અસહ્ય ગરમી અને મચ્છરોના ત્રાસ વચ્ચે મુસાફરો માટે પરિસ્થિતિ કપરી બની

» અંધારાને કારણે ચોરી અને સુરક્ષા અંગે યાત્રાળુઓએ વ્યક્ત કરી ગંભીર ચિંતા

**સિટી ન્યૂઝ@ભાગ્યેશ ડોબરીયા-વીરપુર**

વિશ્વવિખ્યાત યાત્રાધામ અને પૂજ્ય જલારામ બાપાની પવિત્ર ભૂમિ વીરપુર ખાતે આવેલા એસટી (ST) બસ સ્ટેન્ડમાં મૂળભૂત સુવિધાઓના અભાવે યાત્રાળુઓ અને મુસાફરો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા આ આધુનિક બસ સ્ટેન્ડ પરિસરમાં રાત્રિના સમયે વારંવાર લાઇટો અને પંખાઓ બંધ થઈ જતા સમગ્ર વિસ્તારમાં ઘોર અંધારપટ છવાઈ જાય છે.

દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જલારામ બાપાના દર્શનાર્થે વીરપુર આવે છે, જેમાંથી મોટાભાગના લોકો પરિવહન માટે એસટી બસ સેવાનો ઉપયોગ કરે છે. હાલમાં ઉનાળાની આકરી અને અસહ્ય ગરમી પડી રહી છે, તેવા સમયે પંખાઓ બંધ રહેતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. એક તરફ ગરમીનો બફારો અને બીજી તરફ મચ્છરોના અસહ્ય ત્રાસને કારણે બસની રાહ જોતા લોકો માટે પરિસ્થિતિ અત્યંત કપરી બની જાય છે.

બસ સ્ટેન્ડ પરિસરમાં પ્રકાશના અભાવે રાત્રિના સમયે મુસાફરોને પાણીના પરબ સુધી પહોંચવા તેમજ શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓનો ઉપયોગ કરવામાં પણ ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. ખાસ કરીને મહિલાઓ, વૃદ્ધો અને નાના બાળકો માટે સુરક્ષાની ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે. ઘોર અંધકારના કારણે મુસાફરોના માલસામાનની ચોરી કે અન્ય અનિચ્છનીય બનાવો બનવાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. યાત્રિકો અર્ચના વ્યાસ અને પ્રાંજલે પણ આ અસુવિધાઓ અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

યાત્રાધામ જેવા મહત્વના સ્થળે આવી કથળેલી સ્થિતિ એસટી તંત્રની કામગીરી અને જાળવણી સામે અનેક સવાલો ઉભા કરી રહી છે. સ્થાનિક નાગરિકો, યાત્રાળુઓ અને મુસાફરોએ સંબંધિત એસટી વિભાગ અને ઉચ્ચ તંત્રને ઉગ્ર રજૂઆત કરી છે કે બસ સ્ટેન્ડ ખાતે વારંવાર સર્જાતી આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવે. લાઇટો, પંખાઓ તથા અન્ય જરૂરી સુવિધાઓ નિયમિત ધોરણે કાર્યરત રાખવા માટે અસરકારક અને કાયમી પગલાં ભરવાની માંગ ઉઠી છે.

## ધોરાજીમાં સગીરાને બદકામના ઈરાદે ઘરમાં બોલાવી તાબે ન થતા પહેલા માળેથી ફેંકી દીધી

**સિટી ન્યૂઝ@ધોરાજી**

બહારપુરા વિસ્તારમાં ૨૭ વર્ષીય મોઈન નાસીર ચૌહાણે બદકામના ઈરાદે સગીરાને ઘરમાં ખેંચી લઈ દરવાજો બંધ કર્યો હતો અને બૂમાબૂમ રોકવા મોઢામાં ડૂચો મારી દીધો હતો. દીકરી ન દેખાતા માતા-પિતા તેને શોધતા મોઈનના ઘર તરફ આવ્યા હતા. પકડાઈ જવાના ડરે મોઈને સગીરાને પહેલા માળેથી નીચે ફેંકી દેતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિકોએ ઈજાગ્રસ્ત સગીરાને તાત્કાલિક ધોરાજી અને ત્યારબાદ વધુ સારવાર અર્થે જૂનાગઢની સરકારી હોસ્પિટલમાં ખસેડી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ધોરાજી સિટી પોલીસે જૂનાગઢ પહોંચી સગીરાના પિતાની ફરિયાદ નોંધી હતી. પીઆઈ ભાવેશ પટેલના માર્ગદર્શન હેઠળ પોલીસે આરોપી મોઈન ચૌહાણ સામે હત્યાનો પ્રયાસ (IPC ૩૦૭) અને પોક્સો એક્ટ સહિતની કડક કલમો હેઠળ ગુનો દાખલ કરી ગણતરીના કલાકોમાં જ તેને ઝડપી પાડ્યો છે.


# બાર કાઉન્સિલની એનરોલમેન્ટ કમિટીમાં 3 સભ્યોની નિમણૂક

» હાઈ પાવર કમિટીએ કિશોર ત્રિવેદી, મનોજ અનડકટ અને ભરત ભગતની નિમણૂક કરી

» એડવોકેટ જનરલ અને BCI મેમ્બર વચ્ચેની ચર્ચા બાદ લેવાયો મહત્વપૂર્ણ નિર્ણય

» પેન્ડિંગ પડેલા અસંખ્ય ફોર્મની કાર્યવાહી હવે ઝડપી બનશે, નવા વકીલોને રાહત

**સિટી ન્યૂઝ@અમદાવાદ**



બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) ના પત્રોના સંદર્ભે રચાયેલી હાઈ પાવર કમિટીએ એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને બાર કાઉન્સિલની એનરોલમેન્ટ કમિટીમાં ૩ નવા સભ્યોની નિમણૂક કરી છે. આ નિમણૂકથી બાર કાઉન્સિલ ગુજરાતમાં નવા વકીલ તરીકે જોડાવા માંગતા અને અગાઉથી એનરોલમેન્ટ ફોર્મ ભરીને રાહ જોતા અસંખ્ય ઉમેદવારોની કાર્યવાહી હવે અત્યંત ઝડપી બનશે. અગાઉ BCI ના ૧૨, ૧૩ અને ૧૪ નંબરના પત્રોના સંદર્ભે એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી અને BCI ના મેમ્બર દિલીપ પટેલ દ્વારા કો-ઓપ્ટ મેમ્બર તરીકે જે. જે. પટેલની નિમણૂક કરી હાઈ પાવર કમિટીની રચના કરવામાં આવી હતી. આ કમિટીની રચના બાદ એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી અને BCI મેમ્બર દિલીપ પટેલ વચ્ચે ટેલિફોનિક ચર્ચા થઈ હતી. આ ચર્ચામાં નોંધવામાં આવ્યું હતું કે એનરોલમેન્ટ કમિટીની તાતી જરૂરિયાત છે, કારણ કે નવા વકીલોના ઘણા એનરોલમેન્ટ ફોર્મ પેન્ડિંગ પડ્યા છે. પેન્ડિંગ કામગીરીને વેગ આપવા માટે BCI મેમ્બર દિલીપ પટેલે ૨ સભ્યોની એનરોલમેન્ટ કમિટી માટે બાર કાઉન્સિલના સભ્યો કિશોર ત્રિવેદી અને ભરત ભગતની નિમણૂક કરવાની ભલામણ એડવોકેટ જનરલને કરી હતી. ત્યારબાદ અન્ય સભ્ય સાથેની વિસ્તૃત ચર્ચાના અંતે, આ બંને સભ્યોની સાથે મનોજ અનડકટની પણ નિમણૂક કરતો સત્તાવાર પત્ર બાર કાઉન્સિલને મોકલી આપવામાં આવ્યો છે. બાર કાઉન્સિલ ગુજરાતમાં નવા વકીલ બનવા ઈચ્છતા અસંખ્ય ઉમેદવારોએ એનરોલમેન્ટ ફોર્મ ભરેલા છે, પરંતુ કમિટીના અભાવે આ પ્રક્રિયા ધીમી પડી ગઈ હતી. આ વચગાળાની એનરોલમેન્ટ કમિટીની રચનાથી હવે નોંધણીની કાર્યવાહી ઝડપથી પૂર્ણ થશે. BCI મેમ્બર દિલીપ પટેલે જણાવ્યું હતું કે, તેમની સતત જાગૃતતા અને હાઈ પાવર કમિટીના સંકલનથી બાર કાઉન્સિલના તમામ પેન્ડિંગ કાર્યો સત્વરે પૂર્ણ થશે. આ એનરોલમેન્ટ કમિટીની રચના બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા નિર્દેશોના પાલન અર્થે કરવામાં આવી છે.

# કન્ઝયુમર લો પ્રેકટીશ્નર્સ એસોસીએશનનાં નવનિયુકત હોદ્દારોની બિનહરીફ વરણી

**સિટી ન્યૂઝ@અમદાવાદ**



ગત શનિવારનાં રોજ કાલાવડ રોડ ખાતે આવેલ અર્બન ડેક રેસ્ટોરન્ટમાં યોજાયેલ એક વિશેષ સાધારણ સભામાં રાજકોટનાં ગ્રાહક તકરાર નિવારણ આયોગ ખાતે જનતાનાં કન્ઝ્યુમર તરીકેનાં હકકો માટે કટીબધ્ધ એવા કન્ઝ્યુમર લો ક્ષેત્રે પ્રેકટીસ કરતા વકીલોનું એક એસોસીએશન જે છેલ્લા ચાર વર્ષથી વકીલોનાં હિત માટે સતત કાર્યરત રહયું છે. અને આયોગ તથા વકિલો વચ્ચે જેને એક સેતુ તરીકેનું માધ્યમ બનીને જ્યારે સુમેળ સાધ્યો છે ત્યારે નવા વર્ષે ૨૦૨૬-૨૭ નાં નવનિયુક્ત હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં યુવા, તરવરીયા અને જોશીલા યુવાનોની ટીમ હવે પછીનું સુકાન સંભાળશે.

આ નવી જવાબદારી વહન કરનાર ટીમનું નામ યોજાયેલી વિશેષ સાધારણ સભામાં સિનીયર એડવોકેટ શ્રી પંકજભાઈ દેસાઈ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. જેને બહુમતી થી બિન હરીફ વરણીને બહાલી આપવામાં આવી હતી. આ નવી બોડીમાં પ્રમુખ તરીકે સાગર હપાણી, ઉપપ્રમુખ તરીકે જસ્મીનભાઈ દવે, સેક્રેટરી તરીકે પારસ શેઠ, જોઈન્ટ સેક્રેટરી તરીકે પૂર્વીબેન સંઘવી, ટ્રેઝરર તરીકે પ્રશાંતભાઈ લાઠીગ્રા, જોઈન્ટ ટ્રેઝરર તરીકે નિશાંત જોશી અને કારોબારી સભ્ય તરીકે રવિભાઈ ત્રિવેદી, પાર્થરાજસિંહ ઝાલા, હુશૈનભાઈ હેરંજા, હીરેનભાઈ ડોબરીયા, જેનીલ પરસોંડા, રોશનીબેન જસાણી તથા ભુમીબેન મહેતાની નિમણુંક કરવામાં આવી હતી.

એડવાઈઝરી કમીટીમાં સિનીયર મોસ્ટ એડવોકેટ જે.જે. ત્રીવેદી સાહેબ, પી.આર. દેસાઈ સાહેબ તથા પી.એચ. કોટેચા સાહેબ વિગેરે માર્ગદર્શક તરીકે જરૂરી માર્ગદર્શન પુરુ પાડશે. આ તકે યોજાયેલ ખાસ સાધારણ સભામાં ગત વર્ષનાં પ્રમુખશ્રી ડી.બી. વસાવડા સાહેબનું સાગરભાઈ હપાણી દ્વારા, ઉપપ્રમુખ ગજેન્દ્રભાઈ જાનીનું જસ્મીનભાઈ દવે તથા સીનીયર એડવોકેટ પી.આર. દેસાઈ સાહેબ, પી.એચ. કોટેચા સાહેબનું શાલ ઓઢાડી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે ખુબ મોટી સંખ્યામાં કન્ઝ્યુમર લો ની પ્રેકટીસ કરતા વકીલો ઉપસ્થિત રહયા હતા. ગત સોમવારનાં રોજ આ નવનિયુક્ત હોદેદારોએ ગ્રાહક તકરાર નિવારણ આયોગનાં પ્રમુખ (જજ)શ્રી રાવલ સાહેબ તથા સભ્યશ્રી ભટ્ટ સાહેબની વિશેષ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત વખતે જજ સાહેબશ્રી દ્વારા નવી બોડીનાં મિત્રોને ખૂબ જ શુભેચ્છાઓ પાઠવી હતી અને આયોગ અને વકિલોનાં સુંદર માધ્યમ થકી આવનારા સમયમાં વકીલોનાં જ્ઞાનમાં વધારો થાય નવા કાયદાઓ અંગે તંદુરસ્ત ચર્ચા થાય, કેસો ને ઝડપી અને ન્યાય સંગત રીતે ચલાવીને ગ્રાહકોને ઝડપથી ન્યાય મળે તે માટેનાં ઉત્કૃષ્ટ પ્રયાસો માટે હંમેશા તેઓશ્રી દ્વારા સહયોગ મળશે તેવી ખાતરી આપી હતી. આ નવનિયુક્ત બીન હરીફ હોદેદારો દ્વારા આવનાર દિવસોમાં સદસ્યતા અભિયાનને વેગવંતુ બનાવી વધુમાં વધુ પ્રેકટીશ્નર્સ વકિલો આ એસોસીએશનમાં જોડાય તેવા સઘન પ્રયાસો કરવામાં આવશે.

## સમસ્ત રાવરાણી (ચાવડા) પરિવાર દ્વારા ધોરાજીમાં ધાર્મિક મહોત્સવનું ભવ્ય આયોજન

# મકનબાપા તિથી મહોત્સવ : પંચનાથ મહાદેવ મંદિરે લઘુ વિષ્ણુ યજ્ઞ યોજાશે

» 8 જૂને રાત્રે 9:30 કલાકે સંતવાણી લોકડાયરો, 9 જૂને બપોરે સર્વે ભક્તજનો માટે મહાપ્રસાદ

» 9 જૂને સવારે 10 વાગ્યે વિશિષ્ટ મહેમાનો અને સમાજસેવકોનું સન્માન કરાશે

સિટી ન્યૂઝ@રાજકોટ

સમસ્ત રાવરાણી (ચાવડા) પરિવારના સહયોગથી અને ચામુંડા માતાજી મઢ-ભુખી તેમજ મકનબાપા સેવાધામ સમિતિ-ભુખીના આયોજકત્વ હેઠળ આગામી તા. ૯ જૂન, ૨૦૨૬ના રોજ ધોરાજીના જામકંડોરણા રોડ સ્થિત પંચનાથ મહાદેવ મંદિર ખાતે મકનબાપા તિથી મહોત્સવ તથા લઘુ વિષ્ણુ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પુરુષોત્તમ માસ (અધિક) જેઠ વદ નોમના પવિત્ર અવસરે યોજાનારા આ ધાર્મિક મહોત્સવમાં સમાજના અગ્રણીઓ, સંત-મહંતો અને વિવિધ શહેરોમાંથી આગેવાનો ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે આયોજક સમિતિ દ્વારા સમગ્ર રાવરાણી (ચાવડા) પરિવારને સહપરિવાર ઉપસ્થિત રહી ધાર્મિક લાભ લેવા માટે સ્નેહભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પંચનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાનારો આ મહોત્સવ ભક્તિ, સેવા અને સમાજ એકતાનું અનોખું કેન્દ્ર બનશે.

ધાર્મિક મહોત્સવના કાર્યક્રમોની શરૂઆત સવારે ૭ વાગ્યે હેમાદ્રી વિધિથી થશે. ત્યારબાદ સવારે ૮ વાગ્યે લઘુ વિષ્ણુ યજ્ઞ અને હવનનો પ્રારંભ કરવામાં આવશે. સવારે ૧૦ વાગ્યે વિશિષ્ટ મહેમાનો અને સમાજસેવકોના સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. બપોરે ૧૨:૧૫ કલાકે બિડું હોમવાની વિધિ પૂર્ણ કરવામાં આવશે, જ્યારે યજ્ઞની પૂર્ણાહુતિ બાદ સર્વે ભક્તજનો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવ પૂર્વે તા. ૮ જૂન, સોમવારની રાત્રે ૯:૩૦ કલાકે સંતવાણી લોકડાયરો યોજાશે. જેમાં જાણીતા લોકગાયક ભાવેશ રબારી, જુગલભાઈ રબારી, રોહિતભાઈ ભરવાડ, મયુર ઉસ્તાદ ટીમ સહિતના અનેક નામી-અનામી કલાકારો ભક્તિ અને લોકસંગીતની રંગત જમાવશે.



આ ધાર્મિક કાર્યક્રમમાં પંચનાથ મહાદેવ મંદિરના મહંત ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રદ્ધાનંદગીરી બાપુ, મકનબાપા સેવાધામ સડક પીપળીયાના ગાદીપતિ નરેન્દ્ર ભગત તથા ભક્તિધામ આશ્રમ ચોકી-સોરઠના મહંત વિજયબાપુ વિશેષ ઉપસ્થિતિ નોંધાવશે. આ ઉપરાંત અતિથિ વિશેષ તરીકે વિનુભાઈ વી. ચાવડા - ભાવનગર, અરવિંદભાઈ વી. ચાવડા - અમદાવાદ, સંજયભાઈ આર. રાવરાણી - સુરત, દિલિપભાઈ આર. ચાવડા - અમદાવાદ, અને એસ.કે. પટેલ - અમદાવાદ સહિતના હાજર રહેશે. આ કાર્યક્રમમાં ભાવનગર, અમદાવાદ, રાજકોટ, સુરત, જુનાગઢ, અમરેલી, પોરબંદર, વડોદરા સહિત ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી સમાજના અગ્રણી આગેવાનો, ઉદ્યોગપતિઓ, સમાજસેવકો અને પ્રતિનિધિઓ વિશેષ અતિથિ તરીકે હાજરી આપશે.

ઉપરાંત વિવિધ મઢોના ભુવાઓ પણ આ પ્રસંગે ધાર્મિક વિધિઓમાં સહભાગી બનશે. જેમાં કાળુભાઈ વી. રાવરાણી (વડિયા મઢ), વિપુલભાઈ વી. રાવરાણી (વડિયા મઢ), રાજુભાઈ ચાવડા (ભાયાવદર મઢ), મોહનભાઈ આર. રાવરાણી (ભાયાવદર મઢ), મનોજભાઈ સી. રાવરાણી (જમનાવડ મઢ), કાળુભાઈ વી. રાવરાણી (જમનાવડ મઢ) અને કિશોરભાઈ એન. રાવરાણી (રાણસિકી મઢ) હાજર રહેશે. મહોત્સવ દરમિયાન સુરાપુરા મકનબાપા સેવા સમિતિ (ભાયાવદર) દ્વારા આયોજિત રાજસી સમૂહલગ્નના સફળ આયોજન બદલ સમિતિનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવશે. સમાજમાં સેવાકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા આ સન્માન કાર્યક્રમ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

નિમંત્રક તરીકે ભુવા અશ્વિનભાઈ કાન્તીભાઈ રાવરાણી, મકનબાપા સેવા સમિતિ ભુખી મઢ - ધોરાજી, તુષારભાઈ એસ. રાવરાણી, નિલેશભાઈ સી. રાવરાણી, અનીલભાઈ આર. રાવરાણી, દિપકભાઈ જે. રાવરાણી અને હિતેષભાઈ આર. રાવરાણી સમગ્ર કાર્યક્રમમાં સહયોગ આપશે. ધાર્મિક શ્રદ્ધા, સમાજ એકતા અને સેવાભાવના ત્રિવેણી સંગમ સમાન આ મહોત્સવને સફળ બનાવવા માટે આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ધોરાજીના પંચનાથ મહાદેવ મંદિર ખાતે યોજાનારો આ મહોત્સવ સમગ્ર રાવરાણી (ચાવડા) સમાજ માટે આસ્થાનું અને મિલનનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### સમાજ વિકાસ માટે નવી પહેલ : 100 આજીવન સભ્ય બનાવવાની ઝુંબેશનો પ્રારંભ

મકનબાપા સેવાધામ સમિતિ-ભુખી દ્વારા સમાજના વિકાસલક્ષી કાર્યો માટે ૧૦૦ આજીવન સભ્યો બનાવવાની ઝુંબેશ પણ શરૂ કરવામાં આવી છે. આજીવન સભ્ય ફી રૂ. ૨,૦૦૦ એક વખત માટે નક્કી કરવામાં આવી છે અને તેમાંથી પ્રાપ્ત થતી રકમ મકનબાપા તિથી મહોત્સવ તથા સમાજહિતના કાર્યોમાં ઉપયોગમાં લેવામાં આવશે. વધુમાં વધુ સભ્યો આ અભિયાનમાં જોડાય તેવી સમિતિએ અપેક્ષા વ્યક્ત કરી છે.

## તિરૂપતિનગરમાંથી રોકડ ₹.1.20 લાખની ચોરી

સિટી ન્યૂઝ@રાજકોટ

મૂળ અરૂણાચલ પ્રદેશની વતની હાલ શહેરના રૈયા રોડ પર આવેલા તીરૂપતિનગરમાં રહેતા મેલીબેન એકયુગ બેગેંગએ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત તા.૩૧ના ઘર બંધ કર્યું હતું ત્યારે બેગ દિવાલ પર ટીગાળેલું હતું.જેમાં ૧.૨૦ લાખ રાખ્યા હતા આ દરમ્યાન ગત.તા.૧ના રૂપિયા માતાને મોકલવા બેગ ખોલતા તેમાં જોવા મળેલ નહીં જેથી કોઈ તસ્કરો ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ગોંડલમાં માનસિક અસ્થિર સગીરા ઉપર 65 વર્ષીય નરાધમ માસાએ આચર્યું દુષ્કર્મ

સિટી ન્યૂઝ@રાજકોટ

ગોંડલ પંથકમાં વધુ એક દુષ્કર્મની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે ૬૫ વર્ષીય નરાધમે માનસિક અસ્થિર સગીરાની મજબૂરીનો ફાયદો ઉઠાવી તેની સાથે દુષ્કર્મ આચરતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે ભોગ બનનાર સગીરા અને તેની માતા બંને માનસિક રીતે અસ્થિર છે. આ અસહાય માતા-પુત્રી ગોંડલમાં રહેતા પોતાના બહેન-બનેવીના ઘરે વેકેશન ગાળવા માટે આવ્યા હતા ત્યારે છૂટક મજૂરી કરતા યશવંત લક્ષ્મણભાઇ સાકરીયા ઉ.૬૫ નામના શખ્સે અસ્થિર સગીરા પર નજર બગાડી હતી અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. હવસખોર આરોપી પોતે બે સંતાનોનો પિતા છે અને તેના પણ બીજા લગ્ન થયેલા છે. ઘટનાનો ભોગ બનેલી માનસિક અસ્થિર સગીરાએ હિંમત દાખવીને પોતાની સાથે થયેલા અમાનવીય કૃત્યની જાણ પોતાના મોટા બાપુની દીકરીને કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઇ પરિવારે તાત્કાલિક પોલીસનો સંપર્ક કરતા આ મામલો ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકે પહોંચ્યો હતો. ફરિયાદ નોંધાતા જ બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ જી.એસ. ગઢવી તેમજ સ્ટાફ દ્વારા આરોપી યશવંત સાકરીયાની ધરપકડ કરી હતી અને ભોગ બનનાર સગીરાને મેડિકલ ચેકઅપ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

# રાજકોટ પત્રકાર સુરક્ષા સમિતિના પ્રમુખ તરીકે મેરુભા મોયાની વરણી

» નિર્ભીક પત્રકારત્વ કરતા પત્રકારોને રક્ષણ અપાવવા સ્થાનિક તંત્ર સાથે સાધશે સંકલન

સિટી ન્યૂઝ@રાજકોટ




પત્રકારોના હિત, સુરક્ષા અને તેમના અધિકારો માટે સતત કાર્યરત દેશવ્યાપી સંગઠન 'અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ' દ્વારા સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વની નિમણૂક કરવામાં આવી છે. સંસ્થાના રાષ્ટ્રીય અધ્યક્ષ જીગ્નેશ કાલાવડીયા દ્વારા રાજકોટ શહેર પ્રમુખ તરીકે મેરુભા દાદભા મોયાની સત્તાવાર વરણી કરવામાં આવી છે.

રાષ્ટ્રીય અધ્યક્ષ જીગ્નેશ કાલાવડીયાએ મેરુભા મોયાને રૂબરૂ નિમણૂક પત્ર અર્પણ કરી આ નવી જવાબદારીઓ સોંપી હતી. આ પ્રસંગે તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, મેરુભા મોયાના બહોળા અનુભવ અને કુશળ નેતૃત્વ હેઠળ રાજકોટ શહેરમાં પત્રકાર સુરક્ષા સમિતિનું માળખું વધુ સુદ્રઢ બનશે અને પત્રકારોના હિતોનું રક્ષણ થશે.

રાજકોટ શહેર પ્રમુખનો ચાર્જ સંભાળતા મેરુભા મોયાએ રાષ્ટ્રીય અધ્યક્ષ અને સંગઠનનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે પોતાની પ્રાથમિકતાઓ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, પત્રકારો પર થતા હુમલાઓ અને તેમની પર થતા ખોટા કેસો સામે સંગઠન કડક અવાજ ઉઠાવશે. સ્થાનિક પત્રકારોના પડતર પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે વહીવટી તંત્ર સાથે યોગ્ય સંકલન સાધવામાં આવશે. નિષ્પક્ષ અને નિર્ભીક પત્રકારત્વ કરતા પત્રકારોને કવરેજ દરમિયાન પૂરતું રક્ષણ મળી રહે તે માટે સતત પ્રયાસો કરવામાં આવશે.

રાજકોટ શહેર પ્રમુખ તરીકે મેરુભા મોયાની વરણી થવાથી સ્થાનિક પત્રકાર આલમમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સમિતિના અન્ય હોદ્દેદારો, પત્રકાર મિત્રો અને શુભેચ્છકો દ્વારા તેમને સોશિયલ મીડિયાના માધ્યમથી તેમજ રૂબરૂ મળીને નવી જવાબદારી માટે પુષ્કળ શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

## અવસાન નોંધ



**રાજકોટ :** ચાતુર્વેદી મચ્છુકાઠિયા મોઢ બ્રાહ્મણ સુરેશકુમાર શિવશંકર પંડ્યા (ઉ.વ. ૮૫) તે કુસુમબહેનના પતિ, તે સ્વ. આશિત, તેમજ કલ્પેશ અને ભાવેશના પિતાશ્રી, તે સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. જયેન્દ્રભાઈ, કુમારભાઈ (લંડન), નરેશભાઈ, સ્વ. શશીકાંતાબેન અને લતાબેનના ભાઈ, તેમજ સ્વ. લાભશંકર દુર્લભજી દવેના જમાઈ. તે શ્વેતાબેનના સસરા, તેમજ આરવના દાદાનું તા. ૩૧ ના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા. ૪ ને ગુરુવારે સાંજે ૫ થી ૬ કલાકે પંચનાથ મહાદેવ મંદિર, લીમડા ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.



**ગોંડલ :** ત્રાકુડા નિવાસી સ્વ. સરોજબેન પ્રવિણભાઈ ગઢિયા (શુશીલાબેન) (ઉ.વ. ૬૬) નું તા. ૦૨/૦૬/૨૦૨૬ ના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા. ૦૪/૦૬/૨૦૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે તેમના નિવાસસ્થાન, મુ. ત્રાકુડા, તા. ગોંડલ, જી. રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. પિયર પક્ષનું બેસણું પણ સાથે જ રાખેલ છે.પ્રવીણભાઈ: 97231 74809, નરેન્દ્રભાઈ: 97263 33963, નિશિતભાઈ: 6359431152

# ગાંધીનગરમાં કલાસ વન અધિકારી ઝડપાતા ભ્રષ્ટાચારનો પરપોટો ફૂટ્યો

## ઉર્જા વિભાગના અધિકારી પાસેથી 2.64 કરોડની રોકડ મળતા કોંગ્રેસના આકરા પ્રહાર

સિટી ન્યૂઝ@રાજકોટ







રાજ્યમાં ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત શાસનનો દાવો કરનાર ભાજપના રાજમાં ભ્રષ્ટાચાર જ શિષ્ટાચાર બની ગયો હોવાનો આક્ષેપ રાજકોટ શહેર કોંગ્રેસે લગાવ્યો છે. ગાંધીનગરમાં ઉર્જા વિભાગના ક્લાસ-વન અધિકારી ૫ લાખની લાંચ લેતા ઝડપાયા અને તેમના ઘરેથી ૨.૬૪ કરોડ રૂપિયાની બેહિસાબી મતા મળી આવતા કોંગ્રેસે સરકાર પર આકરા પ્રહારો કર્યા છે અને ભ્રષ્ટ અધિકારીઓને સસ્પેન્ડ કરવાને બદલે સીધા બરતરફ કરવાની માંગ ઉઠાવી છે. રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના મહામંત્રી દિલીપ આસવાણી, સિનિયર અગ્રણી ગજેન્દ્રસિંહ ઝાલા અને પૂર્વ ઉપપ્રમુખ નાગજી વિરાણીએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે, રાજ્યભરમાં તોસ્તાન તોડબાજી ચાલી રહી છે. જ્યાં મુખ્યમંત્રી બિરાજમાન છે તે ગાંધીનગરમાં પણ ક્લાસ વન અધિકારીઓ કોઈ ડર વગર લાંચ લે છે. પોલીસ ચોકી, મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયત તેમજ કેન્દ્ર સરકારની કચેરીઓમાં પણ લાંચ (ગાંધીછાપ) આપ્યા વગર લોકોના કામ થતા નથી તે જગજાહેર છે.કોંગ્રેસ નેતાઓએ સવાલ ઉઠાવ્યો છે કે ઝડપાયેલ ભ્રષ્ટ અધિકારી અશ્વિન ચૌધરી માત્ર એક મોહરું છે, તો તેની પડદા પાછળ કોણ છે? શાસક પક્ષના આદેશથી સત્તાધીશોની સીધી દોરવણી હેઠળ ભ્રષ્ટાચારીઓને છાવરવામાં આવે છે. ગાંધીનગર બેઠેલા રાજકીય ગોડફાધરોના ઈશારે લાંચિયા અને ભ્રષ્ટ અધિકારીઓ રાજ્યભરમાં બેકાબુ બન્યા છે, જેઓ નિવૃત્ત થયા બાદ પણ વહીવટ ચલાવે છે. ગુજરાતમાં લાંચિયા અધિકારીઓને છાવરવાની નીતિ બંધ કરી અન્ય રાજ્યોની જેમ તેમને કાયમી બરતરફ (ઘરભેગા) કરવા જોઈએ. આગેવાનોએ આંકડા રજૂ કરતા જણાવ્યું કે, ગત વર્ષે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા ૨૧૩ ભ્રષ્ટાચારના ગુનામાં ૩૧૦ વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં ૧ ડઝનથી વધુ ક્લાસ-વન, ૩૫ ક્લાસ-ટુ અને ૧૩૪ ક્લાસ-થ્રી ના કર્મચારીઓ સામેલ છે. છેલ્લા ૫ વર્ષમાં ગુજરાતમાં ૯૦૦ થી વધુ ભ્રષ્ટાચારના કેસ નોંધીને ૧૨૦૦ થી વધુ લાંચિયા અને વચેટીયાઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાં સૌથી વધુ ગૃહ વિભાગ (પોલીસ) અને મહેસૂલ વિભાગ મોખરે છે. અગાઉ વડોદરા અને અમદાવાદમાં ખુદ ACB ના જ અધિકારીઓ લાંચ લેતા ઝડપાયા હોવાનું ટાંકીને કોંગ્રેસે "જ્યાં વાડ જ ચીભડા ગળે ત્યાં ફરિયાદ ક્યા કરવી?" તેવો વેધક સવાલ ઉઠાવ્યો છે.

# રાજકોટમાંથી દોઢ કિલો ગાંજા સાથે બે ઝડપાયા

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં SAY NO TO DRUGS અંતર્ગત કાર્યવાહી કરવાની સુચના અન્વયે એસઓજી પીઆઈ એન.બી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.વી.જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે સ્ટાફને બાતમી મળી હતી કે કુવાડવા રોડ ડી માર્ટથી આગળ જયહીંદ મોટર્સ પ્રા.લી.ની સામે બે શખસો ગાંજાના જથ્થા સાથે ઉભા છે આ બાતમી આધારે ટીમે દરોડો પાડી બંનેને અટકાયતમાં લઇ નામઠામ પૂછતા પોતે મૂળ જસદણનો હાલ જુના યાર્ડ પાસે રહેતો આકાશ ઉર્ફે યોગેશ દશરથભાઈ દેશાણી અને બિહારનો પિયુષકુમાર શૌલેન્દ્રસિંગ હોવાનું જણાવતા બન્નેની ઝડતી લેતા ૧ કિલો ૪૬૮ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવતા પોલીસે બે ફોન, ગાંજો મળી કુલ ૮૩,૪૦૦નો મુદામાલ કબ્જે કરી બન્નેની ધરપકડ કરી પૂછતાછ કરતા પોતે આ જથ્થો એસટી બસ મારફતે દાહોદના ફતેપુરાથી લાવ્યા હોવાનું જણાવતા બન્ને સામે બી ડીવીઝન પોલીસમાં ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી અર્થે સ્થાનિક પોલીસને કબ્જો સોંપ્યો હતો.

## માર્કેટ અપડેટ્સ

ચંદ્રેશ કોઠારી મો.98250 77269 | પલક કોઠારી મો.94295 77269



**IPO DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| CMR GREEN TECHNOLOGIES | 03/6 | 05/6 | 182 - 192 | 78 | 14,976 |
| HEXAGON NUTRITION | 05/6 | 09/6 | 42 - 45 | 333 | 14,985 |

**SME DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| MERRITRONIX | 01/6 | 03/6 | 141 - 149 | 2000 | 2,98,000 |
| VAHH CHEMICALS | 04/6 | 08/6 | 60 | 4000 | 2,40,000 |
| UHM VACATION | 04/6 | 08/6 | 157 - 166 | 1600 | 2,65,600 |
| GENXAI ANALYTICS | 05/6 | 09/6 | 110 - 116 | 2400 | 2,78,400 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- એશિયન પેઈન્ટ્સ (ASIAN PAINTS) દ્વારા ચોથા ક્વાર્ટર (Q૪ FY૨૬) અને સમગ્ર નાણાકીય વર્ષ FY૨૫-૨૬ માટેના તેના કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ચોથા ક્વાર્ટર ઓપરેશનલ રેવન્યુ: આ ક્વાર્ટરમાં કંપનીની આવક ૧૦.૬૨% વધીને ૯,૨૪૬.૭૦ CRORE થઈ છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં ૮,૩૫૮.૯૧ CRORE હતી. કુલ આવક: કંપનીની કુલ આવક ૧૧.૩૪% ના વધારા સાથે ૯,૪૧૮.૦૭ CRORE પર પહોંચી છે. ચોખ્ખો નફો: કંપનીના ચોખ્ખા નફામાં ૬૯.૧૫% નો ઉછાળો જોવા મળ્યો છે. તે વધીને ૧,૧૮૫.૪૯ CRORE થયો છે, જે ગયા વર્ષે Q૪ FY૨૫ માં ૭૦૦.૮૩ CRORE હતો. EBITDA: તે ૨૪.૪૯% વધીને ૧,૭૮૭.૬૨ CRORE નોંધાયું છે. નાણાકીય વર્ષ ઓપરેશનલ રેવન્યુ: પૂરા વર્ષ દરમિયાન ૪.૯૫% ના વધારા સાથે ૩૫,૫૮૩.૫૪ CRORE રહી છે. કુલ આવક: ૫.૩૦% વધીને ૩૬,૩૦૭.૩૪ CRORE થઈ છે. ચોખ્ખો નફો: સમગ્ર વર્ષનો ચોખ્ખો નફો ૧૮.૪૬% વધીને ૪,૩૯૪.૬૯ CRORE થયો છે, જે અગાઉના વર્ષે ૩,૭૦૯.૭૧ CRORE હતો.
- NMDC LTD દ્વારા ચોથા ક્વાર્ટર (Q૪ FY૨૬) અને સમગ્ર નાણાકીય વર્ષ FY૨૫-૨૬ માટેના તેના કોન્સોલિડેટેડ (CONSOLIDATED) નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ચોથા ક્વાર્ટર ઓપરેશનલ રેવન્યુ: આ ક્વાર્ટરમાં કંપનીની આવક ૬૧.૯% ના વધારા સાથે ૧૧,૩૪૩.૧ CRORE પર પહોંચી છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૭,૦૦૪.૬ CRORE હતી. કુલ આવક: કંપનીની કુલ (YOY) ૫૭.૧% વધીને ૧૧,૭૭૫.૪૯ CRORE નોંધાઈ છે. ચોખ્ખો નફો: કંપનીના ચોખ્ખા નફામાં ૩૫% નો ઉછાળો આવ્યો છે. તે વધીને ૨,૦૧૭.૬ CRORE થયો છે, જે ગયા વર્ષે Q૪ FY૨૫ માં ૧,૪૮૩.૨ CRORE હતો. EBITDA: ૨૮.૯% વધીને ૨,૬૪૩.૫ CRORE થયો છે. નાણાકીય વર્ષ ઓપરેશનલ રેવન્યુ: ૩૩% ના વધારા સાથે ઓલ-ટાઈમ હાઈ ૩૧,૫૫૪ CRORE પર પહોંચી છે, જે અગાઉના વર્ષે ૨૩,૬૬૮ CRORE હતી. ચોખ્ખો નફો: ૧૧% વધીને ૭,૪૨૧ CRORE થયો છે, જે નાણાકીય વર્ષ FY૨૫ માં ૬,૬૯૩ CRORE હતો.
- GLENMARK PHARMA દ્વારા ચોથા ક્વાર્ટર (Q૪ FY૨૬) અને સમગ્ર નાણાકીય વર્ષ FY૨૫-૨૬ માટેના તેના કોન્સોલિડેટેડ (CONSOLIDATED) નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ચોથા ક્વાર્ટર કુલ આવક: આ ક્વાર્ટરમાં કંપનીની કુલ આવક ૨૧.૧૭% વધીને ૩,૯૫૯.૬૭ CRORE થઈ છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં (Q૪ FY૨૫) ૩,૨૬૭.૮૯ CRORE હતી. ઓપરેશનલ રેવન્યુ: કંપનીની મુખ્ય કામગીરીમાંથી આવક ૧૫.૮% વધીને ૩,૭૭૦.૫ CRORE નોંધાઈ છે. ચોખ્ખો નફો: કંપનીના ચોખ્ખા નફામાં અસાધારણ ઉછાળો જોવા મળ્યો છે. તે વધીને ૩૦૧.૪૧ CRORE થયો છે, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં માત્ર ૪.૬૫ CRORE હતો. EBITDA: ઓપરેટિંગ પ્રોફિટ (EBITDA) ૩૫.૯% ના વધારા સાથે ૭૬૨.૫ CRORE નોંધાયું છે. કુલ વાર્ષિક આવક: પૂરા નાણાકીય વર્ષ દરમિયાન કોન્સોલિડેટેડ કુલ આવક ૨૯.૮૩% વધીને ૧૭,૪૪૩.૧૩ CRORE પર પહોંચી છે, જે અગાઉના વર્ષે ૧૩,૪૩૫.૪૬ CRORE હતી. ઓપરેશનલ રેવન્યુ: સમગ્ર વર્ષ માટેની ઓપરેશનલ આવક ૨૭.૫% ના ગ્રોથ સાથે ૧૬,૯૮૨.૫ CRORE રહી છે. વાર્ષિક ચોખ્ખો નફો: નાણાકીય વર્ષ FY૨૬ માટે કંપનીનો કુલ ચોખ્ખો નફો ૩૦.૦૬% વધીને ૧,૩૬૧.૮૫ CRORE થયો છે, જે અગાઉના વર્ષે ૧,૦૪૭.૧૦ CRORE હતો.
- INDIAN RENEWABLE ENERGY DEVELOPMENT AGENCY PHARMA દ્વારા ચોથા ક્વાર્ટર (Q૪ FY૨૬) અને સમગ્ર નાણાકીય વર્ષ FY૨૫-૨૬ માટેના તેના કોન્સોલિડેટેડ (CONSOLIDATED) નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ચોથા ક્વાર્ટર ઓપરેશનલ રેવન્યુ: આ ક્વાર્ટરમાં કંપનીની ઓપરેશનલ આવક ૧૪.૨% વધીને ૨,૧૭૫.૩૩ CRORE થઈ છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં (Q૪ FY૨૫) ૧,૯૦૫.૦૬ CRORE હતી. કુલ આવક: ૧૩.૯% ના વાર્ષિક વધારા સાથે ૨,૧૮૧.૨૮ CRORE પર પહોંચી છે. ચોખ્ખો નફો: ઉચ્ચ ઓપરેશનલ અને વ્યાજના ખર્ચાઓને કારણે આ ક્વાર્ટરમાં કંપનીના ચોખ્ખા નફામાં ૧.૮% નો મામૂલી ઘટાડો નોંધાયો છે. તે ઘટીને ૪૯૨.૬૩ CRORE થયો છે, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં ૫૦૧.૫૫ CRORE હતો. વાર્ષિક ઓપરેશનલ રેવન્યુ: પૂરા નાણાકીય વર્ષ દરમિયાન કંપનીની રેવન્યુ ૨૩.૨% ના મજબૂત ગ્રોથ સાથે ૮,૩૧૦.૪૧ CRORE પર પહોંચી છે, જે નાણાકીય વર્ષ FY૨૫ માં ૬,૭૪૩.૩૨ CRORE હતી. કુલ વાર્ષિક આવક: ૨૩.૪% વધીને ૮,૩૩૮.૮૯ CRORE નોંધાઈ છે, જે અગાઉના વર્ષે ૬,૭૫૫.૬૯ CRORE હતી. વાર્ષિક ચોખ્ખો નફો: ક્વાર્ટરલી નફામાં સામાન્ય ઘટાડા છતાં, આખા વર્ષ દરમિયાન કંપનીએ તેનો સર્વોચ્ચ વાર્ષિક ચોખ્ખો નફો કર્યો છે. કંપનીનો વાર્ષિક નફો ૧૦.૩% વધીને ૧,૮૭૪.૦૦ CRORE થયો છે, જે ગયા વર્ષે ૧,૬૯૮.૩૪ CRORE હતો.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**